અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 136, Dt.21-03-2023 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

સુવિચાર

"જે વ્યક્તિ શક્તિ ન હોવા છતાં પણ મનથી હાર સ્વીકારતી નથી, તેને વિશ્વની કોઈ શક્તિ પરાજિત કરી શકતું નથી"

ન્યૂઝ ફ્લેશ

૩૦૦ આયાતી ચીજો પર હોલમાર્ક ફરજીયાત થશે

નવી દિલ્હીઃ વિદેશી ચીજવસ્તુઓના મોહના કારણે છેતરાતા ભારતીય નાગરીકોને હલ્કી વસ્તુઓથી બચાવવા માટે હવે ૩૦૦ જેટલી આયાતી ચીજો પર હોલમાર્કીંગ ફરજીયાત કરવાની દિશામા કેન્દ્ર સરકારે ચક્રો ગતિમાન કર્યા છે અને તુર્તમાં તેની જાહેરાત કરવામાં આવશે. કેન્દ્ર સરકારના સુત્રોના કહેવા પ્રમાણે વિદેશી આયાત થકી હલકી અને ગુણવતા વગરની ચીજો પર લગામ કસવા માટે પ્રયત્નો શરૂ કરાયા છે.આવતા મહિનાઓમાં ૨૫૦ થી ૩૦૦ જેટલી ચીજો પર હોલમાર્કીંગ ફરજીયાત કરવામાં આવશે.બ્યુરો ઓફ ઇન્ડીયન સ્ટાન્ર્ડડને તેની જવાબદારી સોંપવામાં આવશે. તેના આધારે હલકી ગુણવતાની વિદેશી ચીજોને નિયંત્રિત કરી શકાશે.સાથોસાથ ભારતીય કંપનીઓને પણ તેનો લાભ મળશે. સુત્રોના કહેવા પ્રમાણે સિગારેટ, લાઇટર, પેન, ઉર્જા સબંધીત વિવિધ ચીજો વગેરેનો આ લીસ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.આંતરીક વ્યાપાર વિભાગના લીસ્ટ તૈયાર કરવાની સુચના આપવામાં આવી છે તેના દ્વારા ગુણવત્તાના નિયમો પણ તૈયાર કરવામાં આવશે. અને તેના આધારે વિદેશી આયાત થકી ચીજો માટે પણ માપદંડ નકકી કરીને હોલમાર્કીંગ ફરજીયાત બનાવવામાં આવશે. વિદેશથી ઘુસાડાતી હલકી ચીજો પર નિયંત્રણો મુકવાની સાથોસાથ ભારતીય ઉત્પાદનોને પણ સૂચિત નિયમથી લાભ થશે તેવો સરકારનો દાવો છે. વિદેશી ચીજોની આયાત ઘટવાના સંજોગોમાં દેખીતી રીતે સ્વદેશી ઉત્પાદનોની ખપત વધે અને તેનાથી ભારતીય કંપનીઓને લાભ થશે.વિશ્વભરમાં એવો પણ સંદેશો જશે કે ભારતમાં વેંચાણ થતો સામાન હલકી ગુણવતાનો નહિં હોય. સ્વાસ્થ્ય ઉત્પાદનો પર ભરોસો પણ વધશે તેનાથી આયાત ઘટશે અને નિકાસમાં વૃધ્ધિનાં દ્વાર ખુલશે.

ગુજરાત ભાજપના સાંસદો સાથે વડાપ્રધાન મોદીનું મહામંથન

પક્ષના તમામ સાંસદોને દિલ્હીનું તેડુંઃ વડાપ્રધાનના નિવાસસ્થાને સાંજે ખાસ બેઠક; મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ આજે તાકીદે નવી દિલ્હી રવાના થયાઃ વડાપ્રધાનને મળીને ગુજરાતની પરિસ્થિતિનો અહેવાલ આપશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૧

૨૦૨૪ ની લોકસભા ચૂંટણીઓ માટે ભાજપે તૈયારીઓનો જોરશોરથી પ્રારંભ કરી દીધો છે અને ચૂંટણીજંગ જીતવા માટે પક્ષના સંગઠનને દેશવ્યાપી ધોરણે સજ્જ કરવા માટેની પ્રક્રિયાનો દૌર ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાથમાં લઇ લીધો હોય એવું જાણવા મળ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સાંજે ૬:૩૦ વાગ્યે ગુજરાતના ભાજપના તમામ સાંસદો સાથે ખાસ બેઠકનું આયોજન કર્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ બપોર બાદ દિલ્હી જવા રવાના થઇ રહ્યા છે.

ભાજપના ઉચ્ચ કક્ષાના સૂત્રોએ આપેલી માહિતી અનુસાર વડાપ્રધાને એક પછી એક રાજ્યોના ભાજપના સાંસદો સાથે બેઠકો યોજવાનું શરૂ કર્યું છે. એ પ્રક્રિયાના ભાગરૂપે જ આજે વડાપ્રધાન ગુજરાત ભાજપના સાંસદોને મળી રહ્યા છે. પીએમ હાઉસ પર સાંજે ૬:૩૦ વાગ્યે બેઠક યોજાનાર છે અને પક્ષના ગુજરાતના તમામ સાંસદોને તેડું મોકલાય ગયું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પણ દિલ્હી જવા રવાના થઇ રહ્યા છે.

ભાજપ સાંસદો સાથેની બેઠકમાં વડાપ્રધાન લોકસભાની ચૂંટણીઓ માટેની તૈયારીઓ અંગે ખાસ ચર્ચા- વિચારણા કરે તેવી શક્યતા છે. ગુજરાતમાં પક્ષની તૈયારીઓ કેટલી છે એ વિશે તથા લોકસભા ચૂંટણીઓની વ્યૂહરચના અંગે પણ વડાપ્રધાન સાંસદો સાથે મહામંથન કરનાર છે. પક્ષના સાંસદોની કામગીરી વિશે પણ વડાપ્રધાન ચર્ચા- વિચારણા કરે તેવી સંભાવના છે. આ બેઠકમાં ગુજરાત ખાતેના ભાજપના પ્રભારી રત્નાકરજી પણ હાજર રહે તેવી સંભાવના છે. આ રીતે વડાપ્રધાને લોકસભા ચૂંટણી જંગની રણનીતિ તૈયાર કરવાનો મામલો હાથમાં લીધો છે અને તેઓ એક એક રાજ્યના પક્ષના સાંસદો સાથે બેઠકો કરીને વ્યૂહરચનાનો દિશાનિર્દેશ કરી રહ્યા છે. વડાપ્રધાન સાથેની બેઠક બાદ ગુજરાતમાં પણ ભાજપ સંગઠન દ્વારા તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવે તેવી શક્યતા છે.

આજે બપોર બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દિલ્હી જવા રવાના થશે. તેમને પણ દિલ્હીથી તેડું આવ્યું છે. વડાપ્રધાન સાથેની મુલાકાત દરમ્યાન ગુજરાતની પરિસ્થિતિ અંગે ચર્ચા-વિચારણા થવાની શક્યતા છે. ગુજરાતમાં સરકારની કામગીરી અને સંગઠનની સ્થિતિ અંગે મુખ્યમંત્રી વડાપ્રધાનને માહિતગાર કરે તેવી શક્યતા છે.

ભાજપ આગામી લોકસભા ચૂંટણીઓમાં ગુજરાત સહિતના રાજ્યોમાં અગાઉ કરતા વધુ સારો દેખાવ કરવા માટે તલપાપડ છે. ગુજરાતની વાત કરીએ તો હાલ તેની સામે વિપક્ષનો બહુ મોટો પડકાર દેખાતો નથી. કોંગ્રેસનું સંગઠન સતત નબળું પડી રહ્યું છે અને આમ આદમી પાર્ટી ગુજરાતમાં ધાર્યા મુજબ બહુ સફળતા મેળવી શકી નથી કે બહુ આગળ વધી શકી નથી. ગુજરાતમાં ભાજપની વ્યૂહરચના લોકસભા તમામ ૨૬ બેઠકો પર વિજય મેળવીને યુપી જેવી સફળતા હાંસલ કરવાની છે. એ જ પ્રકારે અન્ય રાજ્યોમાં પણ ખરા સમયે સંગઠન નબળું ન પડે એ જોવા માટે ભાજપ

(અનુ.પાના નં.૪ ઉપર)

ફ્લુ સહિતની બીમારીઓનો રાફડો ફાટતા દવાઓના વેચાણમાં ૩૮ ટકાનો ઉછાળો

શરદી, શ્વાસને લગતી અને વાયરલ ચેપ અંગેની દવાઓના વેચાણમાં ભારે વધારોઃ ફેબ્રુઆરીમાં શ્વાસને લગતી દવાઓનું વેચાણ વધીને રૂ.૫૪ કરોડ સુધી પહોંચ્યું

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૧

ફલુ, H3N2, વાયરલ ઇન્ફેકશનનો રોગચાળો વધી રહ્યો હોવાથી ગુજરાતમાં શરદી, તાવ અને શ્વાસને લગતી બીમારીઓ માટેના દવાના વેચાણમાં એક જ મહિનામાં ૩૮ ટકા જેવો જોરદાર ઉછાળો નોંધાયો છે.

કેમિસ્ટ અને ડ્રગીસ્ટ ધંધાર્થીઓના ઓલ ઇન્ડિયા સંગઠન તથા ફાર્માસ્યુટીકલ માર્કેટ અને રીસર્ચ કંપનીના અહેવાલમાં બહાર આવ્યું છે કે, શ્વાસને લગતી બીમારીની દવાઓનું વેચાણ ગયા વર્ષે ફેબ્રુઆરીમાં ૩૯.૭ કરોડ જેટલું હતું. આ વર્ષે એકલા ફેબ્રુઆરીમાં રૂ.૫૪.૭ કરોડની દવાઓનું વેચાણ થયું છે. આ રીતે રોગચાળો વધતા દવાઓના વેચાણમાં પણ જબરો ઉછાળો નોંધાયો છે. ફલુને કારણે શ્વાસને લગતી બીમારીઓનું પ્રમાણ ખુબ વધી ગયું છે.

કેટલાક નિષ્ણાંત તબીબો જણાવે છે કે, H3N2 વાયરસથી સખ્ત સુકો કફ દર્દીને પરેશાન કરે છે. અન્ય વાયરલ ચેપમાં ઘટાડો થાય તો પણ કફને દુર કરવામાં ઘણો લાંબો સમય લાગે છે. છેલ્લા એક- બે મહિનામાં જ ફલુના દર્દીઓની સંખ્યામાં ૩૦ ટકા જેવો ભારે વધારો થયો છે. સતત કફ, શરદી સડેખમ, તાવ અને શરીરમાં દુઃખાવા જેવા લક્ષણો આ દર્દીઓમાં જોવા મળે છે. આ પ્રકારની બીમારી માટે એન્ટી બાયોટીકસ આપવામાં આવે છે. શ્વાસને લગતી દવાઓ પણ આપવામાં આવે છે. ઘણીવખત લોકો ડોકટર પાસેથી લખાવ્યા વગર આડેધડ કેમિસ્ટની દુકાનોમાંથી દવાઓ ખરીદતા હોય છે.(૨.૧૨)

વિધાનસભામાં ગુંજી ઉઠ્યો મહાઠગ કિરણ પટેલનો મુદ્દો

પીએમઓના માણસ બનીને ફરતા ઠગ સામે આઇબીએ કેમ કંઇ કર્યું નહીં, કોંગ્રેસનો તીખો સવાલ

રાજકોટ, તા.૨૧

પીએમઓ કચેરીના ટુરીઝમ એડી ડાયરેક્ટરનું ખોટું આઈકાર્ડ બનાવી બનાવટી સર્ટિફિકેટો લઈને જમ્મુ-કાશ્મીરમાં લાંબો સમય પોતાની લીલા આંચરનાર ગુજરાતના મહાઠગ કિરણ પટેલનો મામલો આજે ગુજરાત વિધાનસભામાં પણ ગુંજી ઉઠ્યો હતો. કોંગ્રેસના સભ્યોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને એવી ટીકા કરી હતી કે, પીએમઓના નામે ફરતા રહેતા મહાઠગ કિરણ પટેલ વિરૂધ્ધ આઈબીએ પણ કોઈ કાર્યવાહી કરી નથી.

આજે સવારે ગૃહની બેઠક શરૂ થઇ ત્યારે કોંગ્રેસના સભ્ય શૈલેશ પરમારે મહાઠગનો મામલો ઉઠાવ્યો હતો અને એવી ટકોર કરી હતી કે, આ શખ્સ પીએમઓનો અધિકારીના સ્વાંગમાં ફરતો રહેતો હતો. છતાં આઈબીએ દ્વારા કેમ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી એ સવાલ મહત્વનો છે. આ મુદ્દા પર સરકારે હજુ કોઈ સત્તાવાર નિવેદન ગૃહમાં આપ્યું નથી.

માહિતગાર સૂત્રો પાસેથી એવું જાણવા મળ્યું છે કે, મહાઠગ કિરણ પટેલને અમદાવાદ સહિત ગુજરાતના કેટલાય ભાજપના નેતાઓ સાથે પણ સંબંધો રહ્યા છે અને મુખ્યમંત્રી કચેરી સુધી પણ તેની પહોંચ રહી છે. સીએમ ઓફિસના મીડિયા વિભાગના એક વરિષ્ઠ કર્મચારીના પુત્ર અમિત પંડ્યા સાથે પણ મહાઠગ કિરણ પટેલનો ઘરોબો રહ્યાનું કહેવાય છે. અમિત પંડ્યા અને અન્ય બે જણાએ તો કિરણ પટેલની સાથે કાશ્મીરનો પ્રવાસ પણ કર્યો હતો. એવું બહાર આવ્યું છે. આ મામલામાં સીએમઓ કચેરીના એ કર્મચારીને કદાચ ગડગડીયું પકડાવી દેવાય એવી પણ શક્યતા છે. તપાસમાં એવું બહાર આવ્યું છે કે, અમિત પંડ્યા સહિતના ૩ શખ્સો મહાઠગ કિરણ પટેલ સાથે કાશ્મીર ગયા ત્યારે આ ૩ શખ્સોને પણ ઝેડપ્લસ સુરક્ષા અને બુલેટપ્રૂફ વાહનની સુવિધા આપવામાં આવી હતી. આ મુદ્દા પર અંદરખાને તપાસ થઇ રહી હોવાનું કહેવાય છે અને સીએમઓ કચેરીના એ કર્મચારીને ટૂંક સમયમાં સીએમઓ કચેરીમાંથી હટાવી દેવામાં આવે તેવી શક્યતા છે. આ કર્મચારી લાંબા સમયથી સીએમ ઓફિસમાં મીડિયા વિભાગ સંભાળતો હોવાનું કહેવાય છે.

વડાપ્રધાન કાર્યાલયના અધિકારી બનીને કાશ્મીર જેવા સંવેદનશીલ રાજ્યમાં હરતા- ફરતા રહેલા કિરણ પટેલનો મામલો ખૂબ ગંભીરતાથી હાથ ધરવામાં આવ્યો છે. તેમ કહેવાય છે. કિરણ પટેલના ગોરખધંધાને કારણે સુરક્ષા અંગેનો સવાલ પણ ગંભીરતાથી ઉભો થવા પામ્યો છે. આવા ખોટા ઓળખપત્રો કિરણ પટેલે ક્યાં અને કેવી રીતે બનાવ્યા, ગુજરાત અને કાશ્મીરમાં ક્યાં પ્રકારની લીલાઓ આંચરી, ક્યાં અધિકારીઓ અને ક્યાં કર્મચારીઓ સાથે સંબંધો હતા, કોની- કોની પાસેથી નાણાં ખંખેર્યા એ તમામ મુદ્દાઓ ગંભીર તપાસનો વિષય બન્યા છે.(૨.૧૨)

એટીએમમાં રૂ.૨ હજારની ચલણી નોટો નહીં મુકવાનો કેન્દ્રનો કોઈ આદેશ નથીઃ નાણાંમંત્રીની સ્પષ્ટતા

જો કે ૨૦૧૯-૨૦ પછી રૂ.૨ હજારવાળી ચલણી નોટનું પ્રિન્ટીંગ ન થયાનું સરકારનો એકરાર

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૧

નોટબંધીના પગલા બાદ ચલણમાં મુકવામાં આવેલી રૂ.૨ હજારની ચલણી નોટોના ઘટતા જતા વ્યવહાર અંગે સરકારે એકરાર કર્યો છે કે, ૨૦૧૯-૨૦ બાદ રૂ.૨ હજારવાળી નવી ચલણી નોટો છાપવામાં આવી હતી. સાથે- સાથે કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારમણે એવી પણ સ્પષ્ટતા કરી છે કે, એટીએમમાં રૂ.૨ હજારવાળી નોટો નહીં રાખવાનો કોઈપણ પ્રકારનો આદેશ કેન્દ્ર સરકારે બેંકોને આપ્યો નથી. એટીએમમાં ક્યાં પ્રકારની નોટો ઉપલબ્ધ બનાવવી એ બેંકો જ નક્કી કરે છે.

રોજીંદા ચલણમાંથી રૂ.૨૦૦૦ની નોટો ધીમે ધીમે ઘટી રહી છે અને હવે ફકત નહીવત રીતે આ ચલણની નોટો જોવા મળે છે તે અંગે નાણાંમંત્રાલયે કોઈ સીધો જવાબ આપવાનું ટાળતા સ્વીકાર્યુ કે રૂ.૨૦૦૦ની ચલણી નોટોનું પ્રિન્ટીંગ છેલ્લા ત્રણ વર્ષથી થયું નથી.

રીઝર્વ બેન્કના વાર્ષિક રિપોર્ટ મુજબ માર્ચ ૨૦૨૨ના અંતે ચલણમાં રૂ.૫૦૦ની કુલ ૯-૫૧૨ લાખ કરોડ અને રૂ.૨૦૦૦ની ૨૭.૦૫૭ લાખ કરોડની નોટો સર્કયુલેશનમાં હતી. તેઓએ ઉમેર્યુ કે બેન્કો તેના ગ્રાહકો દ્વારા એટીએમના ઉપયોગ અંગે અભ્યાસ કરીને જે તે ચલણની નોટો આ મશીનમાં વિતરણ માટે મુકે છે અને તેનો નિર્ણય બેન્કો દ્વારા કરવામાં આવી છે. સરકાર દ્વારા આ અંગે કોઈ સૂચના આપવામાં આવી નથી તથા રીઝર્વ બેન્ક વખતો વખત ચલણમાં નોટોની ઉપલબ્ધતા અંગે રિપોર્ટ રજુ કરે છે અને તેના આધારે નોટો પ્રિન્ટીંગ અંગે આ નિર્ણય લે છે.

આજે આંતરરાષ્ટ્રીય વન દિવસઃ ગુજરાતમાં ઘનિષ્ઠ વનીકરણ

રાજ્યના વન વિસ્તારમાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ૬૯ ચો.કિમીનો વધારોઃ વનીકરણ વધારવા માટે ભુપેન્દ્ર પટેલ સરકાર દ્વારા વૃક્ષારોપણ સહિતના અનેક કાર્યક્રમોનો અમલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

આજે ગુજરાતની સાથે દેશભરમાં ૨૧મી માર્ચ મંગળવારના રોજ આંતરરાષ્ટ્રીય વન દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાત સરકારે ઘનિષ્ઠ વનીકરણ માટે અને વનના રક્ષણ માટે ઘનિષ્ઠ વૃક્ષારોપણ સહિતના સંખ્યાબંધ કાર્યક્રમો અમલમાં મુક્યા છે. એ માટે ૨૫ ખેડૂત ઉત્પાદક સંગઠનોની રચના કરવામાં આવી છે. જેના થકી કૃષિ વનીકરણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

ગુજરાતના વન વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે, ૨૦૦૩ ની સાલથી અત્યાર સુધીમાં જંગલની બહારના વિસ્તારોમાં પણ વૃક્ષારોપણની કામગીરી વેગવાન બનાવવામાં આવી છે. ૨૦૨૧ માં રાજ્યના વન વિસ્તારોની બહાર વાવેલા વૃક્ષોની સંખ્યામાં ૫૮ ટકા જેવો જોરદાર વધારો થયો છે. વન વિસ્તારની બહાર ૧૮૬૫૬ હેક્ટર જમીન પર કુલ ૧૭૪.૯૬ લાખ વૃક્ષના રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે.

વન મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, ગુજરાતની ભાવિ પેઢીને સ્વચ્છ અને હરિયાળું ગુજરાત ભેટ આપવાની દિશામાં રાજ્ય સરકારે સઘન પગલા લીધા છે. જેના કારણે છેલ્લા બે વર્ષમાં રાજ્યના વન આવરણમાં ૬૯ ચો.કિમી જેટલો વધારો થવા પામ્યો છે. કૃષિ વનીકરણને પ્રોત્સાહન આપવા માટે વન મંત્રાલય દ્વારા ૨૫ જેટલા ખેડૂત ઉત્પાદક સંગઠનોની રચના કરવામાં આવી છે. આજે રાજ્ય કક્ષાના આ સંગઠનનો ખાસ વર્કશોપ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે.

વન વિભાગના સૂત્રોએ એવી પણ માહિતી આપી હતી કે, જે ઉદ્યોગોમાં લાકડાની જરૂરિયાત હોય છે. તેવા ઉદ્યોગોને લાકડું પૂરું પાડવા માટે જંગલોની બહારના વિસ્તારોમાં વૃક્ષોનો ઉછેર કરવામાં આવ્યો છે અને કાષ્ઠ આધારિત ઉદ્યોગોની ૮૦ ટકા જરૂરિયાત જંગલ વિસ્તારની બહારના વૃક્ષો થકી પૂરી પાડવામાં આવે છે.(૨.૧૨)

તા.૩જી એપ્રિલથી ગુજકેટની પરીક્ષા લેવાશે

૧.૩૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશેઃ શિક્ષણ બોર્ડની જાહેરાત

(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં ગુજકેટની પરીક્ષાની તારીખો જાહેર કરવામાં આવી છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા જાહેર કરાયું છે કે, ત્રીજી એપ્રિલે ગુજકેટની પરીક્ષા લેવામાં આવશે.

ડિગ્રી એન્જીનીયરીંગ, ડિગ્રી અને ડીપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા એ, બી અને એબી ગ્રુપના હાયર સેકન્ડરીના વિજ્ઞાન પ્રવાહના ઉમેદવારો માટે ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ લેવામાં આવે છે.

બોર્ડની યાદી જણાવે છે કે, ગુજરાતમાં ૧.૩૦ લાખ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે. જેમાં ગુજરાતી માધ્યમમાં ૮૩ હજાર વિદ્યાર્થીઓ તેમજ અંગ્રેજી માધ્યમના ૫૦ હજાર વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. વિદેશથી પણ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નામ નોંધણી કરાવી છે. ૬૨૬ બિલ્ડીંગના ૬૫૮૮ વર્ગખંડોમાં પરીક્ષા લેવામાં આવશે.

ચમકતી પીળી ધાતુ સોનાનો ભાવ વિક્રમ સર્જક સપાટીને પાર

દિલ્હી સહિત દેશમાં ભાવમાં ભારે તેજી, ૧૦ ગ્રામનો ભાવ રૂ.૬૦ હજારને પાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

દેશભરમાં સોનાના ભાવમાં જબરી તેજીનું હવામાન જામ્યું છે. દિલ્હી- ગુજરાત સહિત દેશભરમાં ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂ.૬૦ હજારની સપાટી પાર કરી ગયો છે. આ રીતે આ ચમકતી પીળી ધાતુના ભાવમાં નવો વિક્રમ સર્જાયો છે. વિશ્વ બજારોમાં સોનાના ભાવમાં તેજી આવી હોવાથી ભારતમાં પણ સોનાના ભાવોમાં ગઈકાલે એક જ દિવસમાં ૧૦ ગ્રામ દીઠ રૂ.૧૪૦૦નો ઉછાળો નોંધાયો હતો. સોનાનો ભાવ અત્યાર સુધીના ઈતિહાસનો સૌથી વધુ છે.

બજારના સૂત્રોએ જણાવ્યા મુજબ ચાંદીના ભાવોમાં પણ જોરદાર તેજી ચાલી રહી છે. ગઈકાલે ચાંદીના ભાવમાં પ્રતિકિલો રૂ.૧૮૬૦ નો વધારો થયો હતો અને નવો ભાવ વધીને પ્રતિ કિગ્રા રૂ.૬૯૩૪૦ થઈ ગયો હતો. દિલ્હીની માર્કેટમાં સોનાનો સ્પોટ ભાવ પ્રતિ ૧૦ ગ્રામ દીઠ રૂ.૬૦૧૦૦ જોવા મળ્યો હતો.

સોના- ચાંદી બજારના નિષ્ણાંતો જણાવે છે કે, વિશ્વ બજારોમાં સોના અને ચાંદીના ભાવમાં એકધારી તેજી ચાલી રહી છે. જેના કારણે સોનાના ભાવમાં પ્રતિ આઉન્સ દીઠ રૂ.૨ હજાર ડોલરનો વધારો નોંધાયો હતો. વિશ્વભરમાં અત્યારે બેંકો સંકટમાં છે અને તાળા લાગી રહ્યા છે ત્યારે બીજીતરફ પીળી ધાતુની માર્કેટમાં ચમક એકધારી વધી રહી છે.(૨.૧૨)

ખુશખબરઃ ભારત ૨૦૪૭ સુધીમાં ઉર્જા ક્ષેત્રે સ્વાવલંબી બનશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રિન્યુએબલ એનર્જીના કાર્યક્રમની સરાહના કરતા અમેરિકાના સંશોધક

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૧

વિશ્વના પાંચમાં સૌથી મોટા અર્થતંત્ર તરીકે વિખ્યાત ભારત ઉર્જાક્ષેત્રમાં પણ આત્મનિર્ભર એટલે કે સ્વાવલંબી બનવા જઈ રહ્યું છે. અમેરિકાના એક જાણીતા સંશોધક દ્વારા એવી આગાહી કરવામાં આવી છે કે, શુધ્ધ ઉર્જા પ્રાપ્તિના કાર્યક્રમો થકી ભારત ૨૦૪૭ સુધીમાં ઉર્જાક્ષેત્રમાં સ્વાવલંબી બની જશે. રિન્યુએબલ ઉર્જા ઉત્પાદનની દિશામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતની ઝુંબેશ થકી ભારત વીજ ક્ષેત્રે સ્વાવલંબી બનીને અબજો ડોલરની આયાત બચાવી શકશે એવું અમેરિકી નિષ્ણાંત માને છે.

અમેરિકાની નેશનલ રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર નામની લેબોરેટરીના વડા લોરેન્સ બર્કલીએ આત્મનિર્ભર ભારતના નિર્માણ તરફના માર્ગ એ અંગે એક ખાસ અહેવાલ જાહેર કર્યો છે. જેમાં શુધ્ધ ઉર્જા માટેના ભારતના કાર્યક્રમોની નોંધ લેવામાં આવી છે. અહેવાલ જણાવે છે કે, ભારત ક્રુડ ઓઈલ અને કોલસાની જરૂરિયાતને પહોંચી વળવા અત્યારે ૮૦ થી ૮૫ ટકા ક્રુડ અને કોલસાની આયાત કરે છે. જેનાથી ભારતનું વિદેશી હુંડીયામણ મોટાપાયે ખર્ચાય છે અને ક્રુગાવો સર્જાય છે.

અહેવાલ ઉમેરે છે કે, શુધ્ધ ઉર્જા અને પુનઃ પ્રાપ્ય ઉર્જા ઉત્પાદનના પ્રયાસોથી ભારતની ઉર્જા આયાતમાં એકદમ ઘટાડો થઇ શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગા વોટ રિન્યુએબલ એનર્જીનું લક્ષ્યાંક આપ્યું જ છે. જેના કારણે ઈલેક્ટ્રિક વાહનોની સંખ્યામાં વધારો થશે. ભારતમાં ઈવી એટલે કે ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં વધારો થવાની શક્યતા છે અને ભારત મોટાભાગની બજાર સર કરીલે તેવી શક્યતા છે.(૨.૧૨)

જ્યોતિષ

ત્રિકાલ જ્યોતિષ (શુધ્ધ-સાત્વિક વિધીથી ચોક્કસ પરિણામ) લગ્નયોગ, વિદેશયોગ. જમીન-મકાન- ખેતી, ભણતર, ગ્રહોનું નડતર, ગૃહકલેશ. નોકરી ધંધો, જામખંભાળીયા ૯૯૯૮૮૮૬૯૯૧

રાજકોટ જિલ્લામાં 'સુરક્ષા સેતુ' અંતર્ગત ૫૫૮૦ મહિલાઓને બેઝિક અને ૮૩૭ મહિલાને એડવાન્સ સ્વરક્ષણની તાલીમ અપાઈ

રાજકોટ જિલ્લાની મહિલાઓ આત્મરક્ષણ માટે સજજ: મહિલાઓની આત્મબળ અને આત્મનિર્ભરતામાં વધારો કરતું 'સુરક્ષા સેતુ': એસપી જયપાલસિંહ રાઠોડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૧

પોલીસની કામગીરીમાં જાહેર જનતાનો સહયોગ મળે, જનતા પણ પોલીસ સાથેના વ્યવહારોમાં નિર્ભયતા અનુભવે તેમજ ગુજરાત પોલીસની કામગીરી વધુ કાર્યક્ષમ, પરિણામલક્ષી અને લોકાભિમુખ બને તે માટે ગુજરાત સરકારના ગૃહ વિભાગે તા.૨૬-૮-૧૨થી 'સુરક્ષા સેતુ' યોજના અમલી બનાવી છે. 'સુરક્ષા સેતુ' અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ તાલીમ આપવી, બુટલેગર મહિલાઓનું પુનઃ વસન, સ્ટુડન્ટ પોલીસ કેડેટ પ્રોગ્રામ, ટ્રાફિક નિયમન પ્રોગ્રામ (વિદ્યાર્થી અને જાહેર જનતા), વિદ્યાર્થીઓને પોલીસ સ્ટેશનની મુલાકાત અને કાઉન્સેલીંગનો સમાવેશ થાય છે.

મહિલાઓના સશકિતકરણ માટે 'સુરક્ષા સેતુ' સોસાયટી, રાજકોટ ગ્રામ્ય જિલ્લા અંતર્ગત રાજકોટ ગ્રામ્ય જિલ્લાની શાળાની વિદ્યાર્થીનીઓને અનુ.જન જાતિ, અનુ.જાતિ તથા સામાજિક શૈક્ષણિક અને પછાત વર્ગની મહિલાઓ, શાળા - કોલેજ- સરકારી છાત્રાલયની વિદ્યાર્થિનીઓ, ખેતમજૂરી કરતી ઝૂંપડપટ્ટી તેમજ અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રહેતી તથા અસહાય મહિલાઓને સ્વરક્ષણની અસરકારક અને ગુણવત્તાલક્ષી તાલીમ આપવામાં આવી છે.

આ સમગ્ર પ્રોજેકટ રાજકોટ જિલ્લા પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ ચાલી રહ્યો છે. તેઓ કહે છે કે 'સુરક્ષા સેતુ' પ્રોજેકટ અન્વયે રાજકોટ જિલ્લાની મહિલાઓ આત્મરક્ષણ માટે સજજ બની રહી છે. આ તાલીમથી તેમના આત્મબળ અને આત્મનિર્ભરતામાં વધારો થયો છે. આ પ્રોજેકટના નોડલ અધિકારી અને નાયબ પોલીસ અધિક્ષક હિંગોળદાન રત્નુના જણાવાયા અનુસાર, સુરક્ષા સેતુ સોસાયટી, રાજકોટ ગ્રામ્ય જિલ્લા દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં ૪૨૨૭ મહિલાઓને સ્વરક્ષણની તાલીમ આપવામાં આવી છે. જયારે ૨૦૨૨-૨૩માં ૫૫૮૦ મહિલાઓને બેઝિક અને ૮૩૭ મહિલાને એડવાન્સ તાલીમ અપાઈ હતી. રાજકોટ જિલ્લામાં જસદણ, વિંછીયા, આટકોટ, ભાડલા, કોટડા સાંગાણીની ૧૮૦૦, ગોંડલ શહેર અને તાલુકા, શાપર, લોધિકા, પડધરીની કુલ ૧૬૮૦ અને જેતપુર સિટિ તથા તાલુકા, વિરપુર, ભાયાવદર, જામકંડોરણા, પાટણવાવ, ઉપલેટા ધોરાજીની ૨૧૦૦ મહિલાઓને તાલીમ અપાઈ હતી.

જૂની પેન્શન સ્કિમ લાગુ કરવાની માંગ સાથે કલેકટરને ૧૫ જેટલા સરકારી સંગઠનો દ્વારા આવેદન

કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, બોર્ડ નિગમ, મહાનગરપાલિકાના હોદ્દેદારો સૂત્રોચ્ચાર સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રાષ્ટ્રપતિને સંબોધન કરીને રજૂઆત કરાઈ

તસવીરઃ દિલીપ ગોહેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ.તા.૨૧

જૂની પેન્શન સ્કિમ લાગુ કરવાની ફરી એક વખત માંગ ઉઠી છે અને આજે ફરી એક વખત સરકારી કર્મચારીઓનું વિરોધ પ્રદર્શન સામે આવ્યું છે જેમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, બોર્ડ નિગમ, મહાનગરપાલિકા મળીને કુલ ૧૫ જેટલા સંગઠનોના હોદ્દેદારો સૂત્રોચ્ચાર સાથે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રાષ્ટ્રપતિને સંબોધન કરીને જૂની પેન્શન સ્કિમ લાગુ કરવાની માંગ કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આવી પહોંચેલ રેલવેના નિવૃત કર્મચારી નીખિલભાઈ જોશીએ જણાવ્યું હતું કે આજે સમગ્ર રાજકોટના કાર્યરત ટ્રેડ યુનિયનોના હોદ્દેદારો એકત્રિત થઇ રાષ્ટ્રપતિને સંબોધી જૂની પેન્શન યોજના લાગુ કરવા માંગ સાથે જિલ્લા કલેકટરને રજુઆત કરવા માટે આવ્યા છીએ. ભારત દેશમાં સાંસદોને પેન્શન મળે, ધારાસભ્યોને પેન્શન મળે, કોર્પોરેટરોને પેન્શન મળે તો નિવૃત કર્મચારીઓને કેમ નહીં માટે સરકારને વિનંતી કરીએ છીએ કે જૂની NPS હટાવી *OPS* એટલે કે જૂની પેન્શન યોજના ફરી લાગુ કરવામાં આવે.વધુમાં તેમને જણાવ્યું હતું કે વૃદ્ધાવસ્થામાં વિવિધ પ્રકારની બિમારીઓ અને સિનિયર નાગરિકો માટેની અન્ય સામાજિક જવાબદારીઓને કારણે જરૂરિયાતો નોંધપાત્ર રીતે વધે છે, અને કોઈપણ નિર્ધારિત નિયમિત આવક વિના તેઓ આ ખર્ચાઓને પહોંચી વળવા સક્ષમ ન હોઈ શકે કારણ કે તેઓ અસમર્થ બની જાય છે માટે જૂની પેન્શન યોજના લાગુ કરવામાં આવે તે જરૂરી છે. કેન્દ્ર સરકારે ૦૧.૦૧.૨૦૦૪ના રોજ અથવા તે પછી નિમણૂંક કરાયેલા કેન્દ્ર સરકારના કર્મચારીઓના કિસ્સામાં, નિર્ધારિત જૂની પેન્શન યોજનાને બદલીને, ન્યુનત્તમ પેન્શનની કોઈપણ બાંયધરી વિના નવી ફાળો આપતી પેન્શન યોજના રજૂ કરી જેનું નામ રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમ (NPS) છે. પેન્શનરોના સરેરાશ લાંબા આયુષ્યને કારણે, પેન્શન ફંડ સરકારી તિજોરી પર વધુ પડતા બોજને અસર કરી રહ્યું છે માટે OPS એટલે કે જૂની પેન્શન યોજના લાગુ કરવા અમારી મુખ્ય માંગ છે.

રાજકોટના ચિત્રાવાવ ગામે બનેલો બનાવ

બાકી વીજબીલના ૩૮ હજાર વસૂલવા ગયેલ ના.ઈ.ને કાંઠલો પકડી મારી નાખવાની ધમકી

મીટર નહી આપું કહી માથે બેસી ગયોઃ ફરિયાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૧

રાજકોટ જીલ્લાના સરધાર ખાતે ભુપગઢ રોડ ઉપર રહેતા અને સરધાર પીજીવીસીએલમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હિરેનભાઈ દિનેશભાઈ કલોલાએ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ચિત્રાવાવના દાદુભાઈ રામભાઈ લાંગા સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે પીજીવીસીએલ કચેરીના હુકમથી દાદુભાઈના વીજબીલ પેટે વર્ષોથી ૩૭,૯૬૨ રૂપિયા બાકી હોય તેની રીકવરી કરવા જતા તેણે પૈસા આપવાની ના પાડતા અમે મીટર સર્વિસ ઉતારીને નીચે જમીન ઉપર મુકતા પોતે મીટર ઉપર બેસી ગયેલ અને આ મીટર સર્વિસ હું તમને નહિ આપું તેમ કહી બોલાચાલી કરવા લાગેલ અને હું જોઈ લઈશ તેમ કહી કાઠલો પકડી સર્વિસ જુટવી લીધેલ અને બધાને એક એકને જોઈ લઈશ અને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપતા કાયદેસરની ફરજમાં રૂકાવટ કરતા ફરિયાદ નોંધાવતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

ક્રાઈમ કોર્નર

રાજારામ સોસાયટીમાં મહિલાનો ફાંસો ખાઈ આપઘાત

રાજકોટઃશહેરના સામાકાંઠે રાજારામ સોસાયટીમાં રહેતા સોનલબેન રણજીતભાઈ કવ (ઉ.૪૨) નામની મહિલાએ ગત સાંજે પંખાના હુકમાં ચુંદડી બાંધી ફાંસો ખાઈ લેતા હોસ્પીટલે ખસેડાયા હતા. પરંતુ અહીં ફરજ પરના બનાવની જાણ થતા બી તબીબોએ મૃત જાહેર કર્યા હતા બનાવની જાણ ડીવીઝન પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે કારણ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

૧૬૮ એનસી કેસો કરી ૯૨ હજારનો દંડ વસૂલતી પોલીસ

રાજકોટઃરાજકોટ ટ્રાફિક ડીસીપીપૂજા યાદવના માર્ગદર્શન હેઠળ ટ્રાફિક પોલીસે એરપોર્ટ જવાના રસ્તે ચેકિંગ ઝુંબેશ હાથ ધરી હતી જેમાં સાંજના ૪થી સાડા સાત વાગ્યા સુધીમાં ૧૬૮ એનસી કેસો કરી ૯૧,૬૦૦ રૂપિયાનો દંડ વસુલ કર્યો હતોઅને ૧ વાહન ડીટેઈન કર્યુ હતું.

બેડીમાં જૂની અદાવતમાં પરિવાર પર હુમલો

રાજકોટઃબેડી ગામે રહેતા સંગીતાબેન રમેશભાઈ વડેચા (ઉ.30)એ કુવાડવા રોડ પોલીસમાં ગામના જ રાહુલ જેન્ટી, સુરેશ જેન્ટી અને લખન રીબડીયા સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે અગાઉ આ લોકો સાથે ઝઘડો થયો હોય તેનો ખાર રાખી ત્રણેયે મને, મારા પતિ અને પુત્ર ઉપર પાઈપથી હુમલો કરી ગાળો ભાંડી હતી.

સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ પાસે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો એસ્ટેટ બ્રોકર ઝડપાયો

સૌરાષ્ટ્ર હાઈસ્કુલ પાસેથી ક્રિકેટ મેચ પર સટો રમતા એસ્ટેટ બ્રોકર જીજ્ઞેશ વઘારીયાની ક્રાઈમ બ્રાંચની ટીમે રૂ.૧૦ હજારના મુદામાલ સાથે ધરપકડ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ ક્રાઈમ બ્રાંચનાં પીઆઈ વાય.બી.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સૌરાષ્ટ્ર હાઈસ્કુલના ગેટ પાસે એક શખ્સ મોબાઈલમાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટો રમે છે તેવી બાતમીનાં આધારે હેડ કોન્સ. કિરતસિંહ ઝાલા, કોન્સટેબલ નગીર ડાંગર, સહીતના સ્ટાફે બાતમીના સ્થળેથી જીજ્ઞેશ ધીરજલાલ વઘારીયા ઉ.વ.૩૬, ધંધો જમીન મકાન લે વેચ (રહે.ગોંડલ રોડ, જીમ્મીટાવર ઓફીસ નં.૩૩૧, મુળ અંકુર સોસાયટી મોરબીને પકડી તેની પાસે રહેલ મોબાઈલમાં તપાસ કરતા તેના મહાકાલ બુક ૭૭૭ કોમ નામની આઈડીમાં ક્રિકેટ મેચનો જુગાર રમી અલગ અલગ ગ્રાહકોનાં સોદાઓ પાડી જુગાર રમતો હોવાનું માલુમ પડતાં રૂ.૧૦ હજારના મુદામાલ સાથે દબોચી પૂછપરછ હાથ ધરી હતી.પૂછપરછમાં આરોપીએ આઈડી.ઓનલાઈન ખરીદયાનું કબુલ્યુ હતું.

ભુતખાના ચોક પાસે આઈડી પર ક્રિકેટ સટ્ટો રમતો જુનાગઢનો શખ્સ ઝબ્બે

ભુતખાના ચોક પાસે જાહેરમાં મીરચીએકસ કોમ નામની આઈડી પર ઓનલાઈન બાંગ્લાદેશ-આયરલેન્ડની ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો મહેશ વિજય ભદ્રેશા (ઉ.વ.૪૫), રહે.બ્લોક નં.૩૩ ગુજરાત હાઉસીંગ બોર્ડ ભુતનાથ રોડ, જુનાગઢને ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી રૂ.૫ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો. આરોપી કયાં બુકી પાસેથી આઈડી મેળવી તે અંગે પૂછપરછ આદરી હતી.

આનંદ બંગલા ચોક પાસેથી પીધેલી હાલતમાં ત્રણ વેપારી ઝડપાયા

આનંદ બંગલા ચોક પાસેથી દારૂના નશામાં બાઈક લઈ પસાર થતા ત્રણ વેપારીને પોલીસે દબોચી કાર્યવાહી કરી હતી. પ્રાપ્ત વિગત અનુસાર, માલવીયાનગર પોલીસ મથકના પીઆઈ સાવલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ મહેશ્વરી ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે હેડ કોન્સ. વિક્રમ અને આર.કે. નાથાણી વાહન ચેકીંગ કરતા હતા ત્યારે ત્યાંથી બાઈક નં. જીજે 03 ડરીએફ ૮૧૫૧માં પસાર થતા જીતેન્દ્ર કાબા અજુડીયાને અટકાવી તપાસ કરતા દારૂના નશામાં હોવાનું માલુમ પડતા તેની અટક કરી હતી તેમજ ત્યાંથી જ બાઈક લઈ પસાર થયેલ ભાવેશ અશોક ગોરશીયા (ઉ.૩૩) ધંધો વેપાર રહે. શીવભાવના સોસાયટી શેરી નં.૨, અને હર્ષ વીઠલ વઘાસીયા (ઉ.૩૦) રહે. બીગબજાર પાછળ, મારૂતી ચોકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

રાજકોટમાં ચોરીની વધુ ત્રણ ફરિયાદ નોંધાઈ

ગાયત્રીધામમાં કલરની દુકાનના તાળા તોડી તિજોરીમાંથી રૂ. ૧.૯૦ લાખની ઉઠાંતરી

રેસકોર્ષમાં અઢી લાખ ભરેલ થેલો કારખાનેદાર ભૂલી ગયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૧

રાજકોટ પોલીસ ચોપડે ચોરીની વધુ ત્રણ ફરિયાદ નોંધાઈ છે જેમાં ગાંધીગ્રામ પોલીસ મથકમાં ૧.૯૦ લાખની તથા ૧૨,૩૦૦ની અને પ્રનગર પોલીસ મથકમાં અઢી લાખની ચોરીનો સમાવેશ થાય છે.

શહેરના જામનગર રોડ ઉપર આવેલ ગાયત્રીધામ સોસાયટીમાં રહેતા અને ઘર નજીક જ વૈકુંઠ કોમ્પ્લેક્ષમાં રંગ ભંડાર નામે કલર અને પાઈપ ફીટીંગની ડીલરશીપ ધરાવતા અશ્વિનભાઈ શ્રીનિવાસભાઈ વશિષ્ઠ નામના વેપારીએ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રવિવારે દુકાન બંધ કર્યા બાદ આજે સવારે મોટાભાઈ ચેકબુક લેવા જતા દુકાનનું શટર તથા બાજુના ડેલાના તાળા તૂટેલા જોવા મળ્યા હતા મને ફોન કરતા મેં પહોંચીને જોતા ઓફિસની તિજોરીમાં રાખેલા ૧.૯૦ લાખ ગાયબ હતા અને ખાલી પર્સ ટેબલ ઉપર પડ્યું હતું આ અંગે ફરિયાદ નોંધાવી હતી તેમજ છોટુનગરમાં ચાર દિવસથી બંધ મકાનના તાળા તોડી અસ્કારો રોકડ, દાગીના સહીત ૧૨,૩૦૦ની મતા ચોરી ગયાની રમેશભાઈ મકવાણાએ ફરિયાદ નોંધાવી છે જયારે નંદનવનમાં રહેતા અને કોઠારિયા સોલ્વન્ટમાં ડીસ્પોઝીબલ કપનું મેન્યુફેક્ચરિંગ કરતા અલ્પેશભાઈ નાનજીભાઈ કોટડીયાએ પ્રનગર પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે રવિવારે સાંજે મિત્રો સાથે ધંધાના અઢી લાખ બેગમાં લઇ રેસકોર્ષ ફરવા ગયા હતાજમીને બગીચામાં બેઠા હતા ત્યાં બેગ રાખ્યું હતું પોણા બાર આસપાસ નીકળી ગયા અને બેગ ત્યાં જ ભુલાઈ ગયું હતું ઘરે પહોચીને યાદ આવતા તુરંત ત્યાં ગયો હતો પરંતુ રોકડ ભરેલું પર્સ ગાયબ હોય ચોરી અંગે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ કે એસ ભગોરાએ તપાસ હાથ ધરી છે.

વ્યાજખોરોએ હદ વટાવીઃ ૧૭ વર્ષના સગીરનું ગોંડલથી અપહરણ

સ્કોર્પિયો કારમાં બેસાડી અપહરણ કરી ગયા હતાઃ નાકાબંધી કરી બોટાદ પોલીસે સ્કોર્પિયો સાથે પાંચ આરોપીને પકડી પાડ્યા હતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટઃ પાંચ શખ્સોએ ૧૭ વર્ષના સગીરનું ગોંડલથી અપહરણ કર્યું હતું. જે બોટાદથી દબોચાયા હતા. ગોંડલમાં રહેતા અને બંગડીની ફેરી કરતા ધનાભાઈ ચૌહાણે બગોદરાના ભરવાડ શખ્સો પાસેથી વ્યાજે રૂપિયા લીધા હોય ઉઘરાણી કરી ધમકીઓ આપી હતી. ગઈકાલે આરોપીઓ ધનાભાઈના ઘરે આવેલા પણ તે હાજર ન હોય પુત્ર રાકેશને સ્કોર્પિયો કારમાં બેસાડી અપહરણ કરી ગયા હતા. ગોંડલ પોલીસે જાણ કરતા નાકાબંધી કરી પીઆઈ ટીએસ રિઝવીના માર્ગદર્શન હેઠળ બોટાદ એલસીબી અને પાળીયાદ સ્થાનિક પોલીસે સ્કોર્પિયો સાથે પાંચ આરોપીને પકડી પાડ્યા હતા

જે ગોંડલ પોલીસને સોંપવામાં આવ્યા છે. ફરિયાદમાં ધનાભાઈ રઘુભાઈ ચૌહાણ (મલ) (ઉ.વ.૩૪, રહે. વાછરા રોડ, હરભોલે સોસાયટી પાસે, નીલકમલ પાર્ક સોસાયટી, તા.ગોંડલ)એ જણાવ્યું છે કે, હું ગોંડલ શહેર તથા આજુબાજુના ગામડાઓમાં ફેરી કરી બંગડી, કાંસકા વેચવાનો વેપાર કરું છું અને મારે સંતાનમાં બે દીકરાઓ છે જેમાં સૌથી મોટો દિકરો રાકેશ ઉર્ફે નીતીન (ઉ.વ.૧૭) છે અને તેનાથી નાનો દિકરો કાનો (ઉ.વ.૬) છે અને મારી પત્નીનું નામ રેખાબેન છે, અને મારા પિતા આઠેક વર્ષ પહેલા બીમારી સબબ અવસાન પામેલ હતા. મારા માતા જમનાબેન છે જે મારી સાથે સાથે રહે છે. ગઇ કાલ તા.૨૦/૦૩/૨૦૨૩ ના સવારના નવેક વાગ્યા વખતે હું તથા મારી પત્ની રેખાબેન બન્ને ગામડાઓમાં બંગડી કાંસકા વેચવા ગયેલ અને સાંજના આઠેક વાગ્યા વખતે બન્ને ઘરે આવેલ.

ત્યારે અઆ પાંચેય માણસો ફરીથી રાત્રીના સાડા નવેક વાગ્યા આસપાસ આવેલ અને તમારા દિકરા રાકેશ ઉર્ફે નીતીનને લઇને બાવડુ પકડીને સ્કોર્પીયો ગાડીમાં બેસાડી જતા રહ્યા હતા. તેમ વાત કરતા હું રાજુના ઘરે ગયો. જ્યાં રાજુએ મને વધુમાં કહ્યું કે, રાકેશ ઉર્ફે નીતીનનો હાથ પકડી આરોપીઓએ સ્કોર્પીયો ગાડીમાં બેસાડી દીધેલ અને કહેલ કે, આનો બાપ આવીને લઇ જશે તેમ કહી સ્કોર્પીયો કાર લઇને જતા રહ્યા હતા. જેથી હું પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ કરવા ગયો હતો. આ પાંચેય સામે ફરિયાદ નોંધાવી છે. રાજકોટ જિલ્લા એસપી જયપાલસિંહ રાઠોડ, ગોંડલ વિભાગના ડીવાયએસપી કે.જી. ઝાલાના માર્ગદર્શન હેઠળ ગોંડલ પીઆઈ, પીએસઆઈ સહિતના સ્ટાફે પાંચેય આરોપીઓને પકડી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં

૧૧ લાખથી વધુ પ્રસુતા માતા તથા નવજાત શિશુને મળ્યો વાતાનુકૂલિત "ખિલખિલાટ" સેવાનો લાભ

ખિલખિલાટ વાન ગ્રામ્ય વિસ્તારોમાં સૌથી વધુ ઉપયોગી સાબિત થઈઃ હાલ ૨૬ વાન કાર્યરત

રાજકોટ તા. ૨૧

દેશમાં સુરક્ષિત માતૃત્વને પ્રોત્સાહન આપવા અને નવજાત શિશુ મૃત્યુદર ઘટાડવા માટે 'રાષ્ટ્રીય આરોગ્ય મિશન' અંતર્ગત અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવાઈ છે. રાજ્યની દરેક પ્રસુતા માતાઓને ઉત્તમ સુવિધા તેમજ બાળકના જન્મ બાદ પણ બાળક અને માતાને ઉત્તમ સુવિધા અને સારવાર મળી રહે તે માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે, ત્યારે ગુજરાત સરકાર દ્વારા ઈમરજન્સી મેનેજમેન્ટ રીસર્ચ એન્ડ ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી પ્રસુતા માતા અને બાળકને સુરક્ષિત રીતે ઘરે પહોંચાડવા માટે શરૂ થયેલી સેવા એટલે 'ખિલખિલાટ એમ્બ્યુલન્સ વાન'.

રાજકોટ જિલ્લાના પ્રોજેક્ટ મેનેજર અભિષેક ઠાકરએ ખિલખિલાટ સેવાની માહિતી આપતા જણાવ્યું હતું કે, હાલમાં રાજકોટ જિલ્લામાં સરકારી દવાખાનામાં દાખલ થતાં પ્રસુતા બહેનોને પ્રસુતિ બાદ બાળક સાથે ઘરે પહોંચવામાં પડતી મુશ્કેલી દૂર કરવા હાલ ૨૬ ખિલખિલાટ વાન કાર્યરત છે. પ્રસુતા માતા - નવજાત શિશુને સલામત રીતે ઘરે પહોંચાડનાર "ખિલખિલાટ" વાન ગ્રામ્ય વિસ્તારોમાં સૌથી વધુ ઉપયોગી સાબિત થઈ છે.

રાજકોટ જિલ્લાના સુપરવાઈઝર દર્શિત પટેલએ ખિલખિલાટ દ્વારા આપવામાં આવેલી સેવાઓ વિશે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૧,૨૩,૧૧૭ પ્રસુતા માતા તથા નવજાત શિશુને વાતાનુકૂલિત "ખિલખિલાટ" સેવાનો લાભ મળ્યો છે. ફેબ્રુઆરી માસમાં કુલ ૨૯૧૦ સગર્ભા માતાઓ સહિત અત્યાર સુધીમાં ૯૪,૦૩૩ સગર્ભા માતાઓને ઘરેથી હોસ્પિટલ સુધી પહોંચાડ્યા છે. જ્યારે ફેબ્રુઆરીમાં ૭૫૩૧ સહિત ૪,૭૬,૭૭૩ માતાઓને હોસ્પિટલથી સહી સલામત નવજાત શિશુ સાથે ઘરે પહોંચાડ્યા છે, જેમાં મોટાભાગે ગ્રામ્ય વિસ્તારની મહિલાઓએ ખિલખિલાટ સેવાનો લાભ લીધો હતો.

રાજ્યમાં સપ્ટેમ્બર - ૨૦૧૨ થી શરૂ થયેલી આ સેવા માત્ર એક ફોન દ્વારા સગર્ભા બહેનોને ચેકઅપ માટે કે સારવાર માટે ડિલિવરી પહેલા અને પછી પણ બાળક એક વર્ષનું થાય ત્યાં સુધી સિવિલ હોસ્પિટલ લઈ જવા અને પરત મુકી જવાની વાહન વ્યવસ્થા રૂપે વાતાનુકૂલિત નિઃશુલ્ક સેવા "ખિલખિલાટ" ઘરે બેઠા આપે છે.

તંત્રી લેખ

આજે વિશ્વ વન દિવસ...

વિશ્વ વન દિવસ દર વર્ષે ૨૧ માર્ચે ઉજવવામાં આવે છે. વૃક્ષોનું વાવેતર કરી, જંગલોનું રક્ષણ થાય, પર્યાવરણ સંવર્ધન થકી દેશમાં સમૃદ્ધિ આવે એ હેતુથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. વધતા જતા શહેરીકરણના કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને ક્યારેક સ્વને અનુભવીને આપણે એમને માટે કરુણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર,આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાય શકે છે પણ પ્રાણીઓ ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓના નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ અને એ કશું કહેતા પણ નથી. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાના કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં,વિસ્તારમાં ઘુષણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યએ એના ઘરમાં ઘુષણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઇન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે. પર્યાવરણની જાળવણી માં વૃક્ષો, જંગલો અત્યંત અગત્યનો ભાગ ભજવે છે. વૃક્ષો કાર્બન ડાયોક્સાઈડ શોષીને પ્રાણવાયુ આપે છે. વૃક્ષારોપણ માત્ર ચોમાસામાં જ થાય એ ખ્યાલમાંથી બહાર આવીને વધુમાં વધુ વૃક્ષોનું રોપણ કરવું આવશ્યક છે. જ્યાં ઈલેક્ટ્રોનિક તાર પસાર થતા હોય બરાબર તેની વચ્ચે વૃક્ષો ન વાવવા જોઈએ. વૃક્ષો આપણને અનેક રીતે ઉપયોગી છે. વૃક્ષોનાં પર્ણો પ્રકાશ સંશ્લેષણની ક્રિયા દ્વારા હવાને શુદ્ધ કરે છે. વૃક્ષો જાતજાતનાં ફળો આપે છે. વૃક્ષોનાં મૂળિયાં જમીનનું ધોવાણ અટકાવે છે. વૃક્ષો રણને આગળ વધતું અટકાવે છે. કેટલાંક વૃક્ષોના મૂળિયાં અને પર્ણો ઔષધિ તરીકે વપરાય છે. કેટલાંક વૃક્ષોનાં પાન પડિયા-પતરાળાં બનાવવાના કામમાં આવે છે. વૃક્ષો વાદળાંને ઠંડા પાડીને વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. વૃક્ષોની શીતળ છાયામાં પશુઓ, ખેડૂતો અને વટેમાર્ગુઓ વિશ્રામ કરે છે. વળી વૃક્ષો ધરતીની શોભા છે. વૃક્ષો વિનાની ધરતી કેશ વિહોણા શીશ જેવી ઉજ્જડ લાગે છે. ૫૦ વર્ષોમાં એક ઝાડ કુલ ૧૭.૫૦ લાખ ઓકિસજનનું ઉત્પાદન કરે છે, ૩૫ રૂપિયાના પ્રદુષણનું નિયંત્રણ, ૩ કિલો કાર્બનડાયોક્સાઈડનું શોષણ, ૪૧ લાખ રૂપિયાના પાણીનું રીસાયકલીંગ, ૩% તાપમાનમાં ઘટાડો કરે છે. એક વયસ્ક વ્યક્તિ દ્વારા જીવનભર ફેલાયેલા પ્રદુષણ ને ૩૦૦ ઝાડ મળીને શોષી શકે છે.

વન દિવસથી જ વન અને વન્યજીવો પ્રત્યે સૌમાં કરુણા ઉત્પન્ન થાય તેમજ પર્યાવરણીય સંપત્તિની જાળવણી થઈ શકે જેથી પૃથ્વી પરના સર્વે જીવો સુખેથી જીવન જીવી શકે.

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

મનપાની વેરા-વસુલાત શાખા દ્વારા ૧૪ મિલ્કતો સીલ કરી રૂ.૨ કરોડનો રીકવરી કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

રાજકોટ મનપાની રીકવરી ઝુંબેશ પુરજોશમાં ચાલી રહી છે. ત્યારે આજરોજ સે.ઝોન દ્વારા કુલ -૭ મિલ્કતોને સીલ મારેલ તથા ૨૧-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૧.૩૧ કરોડ, વેસ્ટ ઝોન દ્વારા ૧-મિલ્કતો ને સીલ મારેલ તથા ૧૭-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા. ૪૪.૫૧ લાખઅને ઇસ્ટ ઝોન દ્વારા કુલ-૭ મિલ્કતોને સીલ મારેલ તથા ૧-નળ કનેક્શન કપાત તથા ૧૮-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રૂા.૨૪.૯૬ લાખની રીકવરી કરવામાં આવી હતી.

જેમાં વેરા-વસુલાત શાખા દ્વારા કુલ ૧૪-મિલ્કતોને સીલ કરેલ તથા

૧-નળ કનેક્શન કપાત ૫૬-મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ રૂપી રૂા.૨ કરોડની રીકવરી કરેલ છે.

આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઇન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશનર સમીર ધડુક તથા વી.એમ.પ્રજાપતિ ના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

One Time Instalment Scheme ના રજીસ્ટ્રેશનની અંતિમ તા. ૩૧ માર્ચ હોય, વધુમાં વધુ કરદાતાઓને આ યોજનાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.(૧૩)

વોર્ડ નં.૧ નિર્માણ પામનાર કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત ભાનુબેન બાબરિયાના હસ્તે કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગત તા.૧૯ માર્ચના રોજ સવારે ૧૦:૩૦ કલાકે રૂ.૧૨.૦૮ કરોડના ખર્ચે વોર્ડ નં.૧ સંતોષ પાર્ક ખાતે નિર્માણ પામનાર કોમ્યુનીટી હોલનું ખાતમુહૂર્ત રાજ્યના સામાજીક, ન્યાય અને અધિકારીતા, મહિલા બાળ કલ્યાણ વિભાગના મંત્રી ભાનુબેન બાબરિયાના વરદ હસ્તે કરવામાં આવ્યું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર ડો.પ્રદિપ ડવ ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ઠાકુર, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા, કોર્પોરેટર હિરેનભાઈ ખીમાણીયા, ડો.અલ્પેશભાઈ મોરજરીયા, દુર્ગાબા જાડેજા, વોર્ડ પ્રભારી દિલીપભાઈ પટેલ, પ્રમુખ હિતેશભાઈ મારૂ, મહામંત્રી જયરાજસિંહ જાડેજા, કાનાભાઈ ખાણધર, બક્ષીપંચ મોરચાના પ્રમુખ લલિતભાઈ વાડોલીયા તેમજ સ્થાનિક રહિસો વગેરે ઉપસ્થિત રહેલ.

વર્ક ઈઝી કો-વર્કીંગ સ્પેસ દ્વારા યોજાયેલ

ફ્રીલાન્સર્સ મીટમાં આવેલા પ્રોફેશનલ્સને કારકિર્દીની પસંદગી માટે મળ્યું સચોટ માર્ગદર્શન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

સૌરાષ્ટ્રનું બિઝનેસ હબ ગણાતા રાજકોટમાં પ્રથમ વખત પ્રોફેશનલ્સ અને ફ્રીલાન્સીંગ કરતા લોકો માટે નવીનતમ ક્ષેત્રો અને તકોની માહિતી મેળવવા, તેમજ નેટવર્કિંગ અને બિઝનેસના વિકાસ માટે વર્ક ઇઝી કો-વર્કીંગ સ્પેસ દ્વારા તાજેતરમાં ફ્રીલાન્સર્સ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાગ લેનાર પ્રોફેશનલ્સને તેમના ક્ષેત્રના નિષ્ણાંતોને મળવાનો અને માર્ગદર્શન પ્રાપ્ત કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

આ ફ્રીલાન્સર્સ મીટમાં ૪૦ થી વધુ પ્રોફેશનલ્સે ભાગ લીધો હતો અને તેમના ક્ષેત્રના નિષ્ણાંતો દ્વારા કારકિર્દીની પસંદગી માટે મળ્યું સચોટ માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી સ્થાને અમર એસ્ટેટ એજન્સીના ઓનર અશ્વિનભાઈ ઉનડકટ અને દિપકભાઈ ઉનડકટ, ટ્રાન્સગલોબના ઓનર મોનિલભાઈ મહેતા અને યંગ ઈન્ડિયન્સ રાજકોટના પ્રમુખ વિશ્વાસભાઈ માણેક ઉપસ્થિત રહ્યા હતા.

ફ્રીલાન્સર્સ મીટમાં વેબ ડિઝાઈન પર વિશાલ અંબાસણા એ વર્તમાન સમયમાં વેબ ડિઝાનરની કારકિર્દી માટેની ઉજ્જવળ તકો વિશે માહિતી આપી હતી. ત્યારબાદ કેદાર દવે એ વેબ ડેવલપમેન્ટ પર અને સમિર વૈષ્ણવ એનિમેશન અંગે ઉપસ્થિત પ્રોફેશનલ્સને માહિતગાર કર્યા હતા.

વર્કઈઝી કો-વર્કીંગ સ્પેસનો આ કોન્સેપ્ટ સ્ટાર્ટ અપ, ઉદ્યોગ સાહસિકો અને ફ્રીલાન્સ પ્રોફેશનલ્સ માટે સર્વ પ્રકારે આવકાર્ય છે. દેશના મહાનગરોની જેમ રાજકોટમાં પણ જે પ્રોફેશનલ્સ ફ્રીલાન્સ કામ કરી પોતાની રોજગારી ઉભી કરે છે, તેમને વર્ક એનવાયરમેન્ટ પૂરું પાડવા કો-વર્કીંગ સ્પેસનો કોન્સેપ્ટ અમલમાં આવ્યો છે. જેમાં એક મોટી જગ્યામાં અલગ-અલગ વ્યવસાય સાથે જોડાયેલા પ્રોફેશનલ્સને ડેસ્કથી માંડીને કેબીન અને કોન્ફરન્સ રૂમ જેવી સુવિધાઓ તેમની જરૂરીયાત અને બજેટ મુજબ પૂરી પાડવામાં આવે છે. વર્કઈઝી કો-વર્કીંગ સ્પેસ એ રાજકોટમાં શ્રેષ્ઠ કો-વર્કિંગ સ્પેસ છે. જે સેન્ટ્રલી એસી, ફુલી ફર્નિશ્ડ અને સંપૂર્ણ રીતે સુચારૂ રીતે સંચાલિત વર્કસ્પેસ છે. જેમાં દૈનિક, સામાહિક અને માસિક ધોરણે ખાનગી કેબિન, કોન્ફરન્સ રૂમ અને ડેડિકેટેડ ડેસ્ક જેવા વિવિધ વિકલ્પો ઉપલબ્ધ છે.

યુવા સેના ટ્રસ્ટ દ્વારા 'વિશ્વ ચકલી દિન'ની ઉજવણી કરાઈ: ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

યુવા સેના ટ્રસ્ટ દ્વારા ૨૦ મી માર્ચ ''વિશ્વ ચકલી દિન'' ની ઉજવણી કરવામાં આવી. આ દિને ચકલીના માળા તથા પાણીના કુંડાનું વિતરણ કરાયું. તેમજ યુવા સેના ટ્રસ્ટના કાર્યાલય ખાતે દરરોજ વિતરણ માટેની વ્યવસ્થા રાખેલ છે.

આવનારી પેઢી માત્ર તસવીરમાં જ નહીં પરંતુ પોતાના ઘરના આંગણે ચકલીની ચી ચી સાંભળી શકે તેવા શુભ આશયથી ચકલીને લુપ્ત થતી બચાવવા માટે યુવા સેના ટ્રસ્ટ-રાજકોટ દ્વારા ચકલીના માળા અને પીવાના પાણીના કુંડાનું બેકબોન શોપીંગ સેન્ટર, માયાણી ચોક ખાતે વિતરણ કરવામાં આવ્યું હતું.

સામાજીક સેવા સંસ્થા યુવા સેના ટ્રસ્ટ, રાજકોટ કેટલાક વર્ષોથી ઉનાળાના દિવસોમાં ચકલીના માળા તેમજ પાણીના કુંડાનું વિતરણ કરીને પર્યાવરણ માટે અતિ જરૂરી અવા પક્ષીઓ માટે સેવાકાર્ય કરીને સામાજીક જાગૃતિનું કાર્ય કરી રહ્યું છે. વિશ્વ ચકલી દિન ઉજવણી પહેલા કોઈને ચકલીના માળા જોઈતા હોય તો યુવા સેના ટ્રસ્ટના કાર્યાલય 'સેવાભવન', ભોલેનાથ સોસાયટી, શેરી નં. ૪, અંકુર વિદ્યાલય પાસે, ગુરૂપ્રસાદ ચોકની બાજુમાં, સવારે ૯ થી ૧૧, સાંજે ૫ થી ૭ કલાકે ચકલીના માળા તેમજ ઠંડા મળી શકશે.

આ જાહેર વિતરણના કાર્યક્રમમાં રાજકોટની જનતાએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી અબોલ જીવોની સેવામાં તન-મન-ધનથી સહયોગ પણ આપ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના સેવાભાવી કાર્યકર્તાઓ તેમજ સંસ્થાના પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલા, જયપ્રકાશભાઈ પટેલ, કિશોરભાઈ વ્યાસ, હર્ષાબેન અનડા (એડવોકેટ), મનિષાબેન જોષી, વિરાણી હાઈસ્કૂલના હર્ષાબેન ડોડીયા, જીજ્ઞેશ સાગઠીયા, દુર્ગાબેન જાની (નિવૃત શિક્ષિકા), મનસુખભાઈ મારૂ, મગનભાઈ ઠુંમર, રમણીકભાઈ બાબરીયા વિગેરે ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવવામાં અથાગ પ્રયત્નો કર્યા હતા. ચકલીના માળા તેમજ પાણીના કુંડા મેળવવા માટે સંસ્થાના પ્રમુખ પ્રદ્યુમનસિંહ ઝાલા (મો.નં.૯૯૧૩૩ ૧૦૧૦૦) પર સંપર્ક કરવા જણાવ્યું છે.(૧૩)

કેસર વિલા એપાર્ટમેન્ટમાં સ્થાનિક રહેવાસીઓને ફાયર સેફટી અંગે મોકડ્રીલ યોજી તાલીમ અપાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

રાજકોટ મહાનગર પાલિકા ફાયર અને ઈમરજન્સી સર્વિસીઝ દ્વારા રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ હાઈરાઈઝ બિલ્ડિંગમાં લગાવવામાં આવતી ફાયર સેફટીના સાધનો જે બિલ્ડિંગમાં રહેતા લોકોને જાગૃતી માટે ગઈકાલ તા.૨૦ માર્ચના રોજ કેસર વિલા એપાર્ટમેન્ટ, જયરામ પાર્ક, કોઠારિયા રોડ, રાજકોટ ખાતે ચીફ ફાયર ઓફિસર આઈ. વી. ખેર અને ડે.ચીફ ફાયર ઓફિસર બી. જે. ઠેબાના સુપરવિઝન હેઠળ ફાયર સેફટી અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ હતું.

આ બાબતે વધુને વધુ લોકો ભાગીદાર થાય અને ફાયર સેફટીની તાલીમ મેળવે જેથી આપણા ગૌરવશાળી રાજકોટને વધુને વધુ સુરક્ષિત બનાવવા આગળ આવે તેવો જાહેર જનતાને અનુરોધ કરવામા આવે છે. જે બિલ્ડીંગ દ્વારા પોતાની બિલ્ડીંગમાં મોકડ્રીલ આયોજન કરવા સ્વેચ્છીક અરજી કરશે તેમને પહેલી તક આપવામાં આવશે. (૧૩)

વિશ્વ કલ્યાણ અર્થે પંચમહાલ જિલ્લાના ચારણ વૃદ્ધ વાલાભા પાલિયાની ઉલ્ટા પગની પદયાત્રા

૯૦૦ કિ.મી.નું અંતર કાપી ગઢવી વાલાભા હરિ-હરના ચરણોમાં કરશે વિશ્વશાંતિની પ્રાર્થના

પંચમહાલ, તા.૨૧

સમગ્ર વિશ્વમાં કોવિડ-૧૯ વાઈરસના અતિક્રમણથી ખૂબ જ બહોળી સંખ્યામાં માનવ સંહાર થયો છે ઉપરાંત પશુઓમાં ખાસ કરીને ગૌમાતામાં લમ્પી વાઈરસના કાળા કેરથી અનેક પશુધને જીવ ગુમાવ્યા છે.

આ વૈશ્વિક મહામારીમાં અકાળે મૃત્યુ પામેલા માનવીઓ તથા પશુધનના મોક્ષાર્થે તેમજ વિશ્વ શાંતિ અને વિશ્વ કલ્યાણના શુભ હેતુ સાથે મહાશિવરાત્રિના પાવન દિવસથી પૂર્વ ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નસીરપુર ગામના રહેવાસી ૬૬ વર્ષીય વૃદ્ધ વાલાભા લાખાભા પાલિયા (ગઢવી)ની ઉલ્ટા પગની પદયાત્રા આજે ૬૨૫ કિ.મી.નું અંતર કાપી દ્વારકાધીશના દેવળ ખાતે પહોંચી છે.

દેવભૂમિ દ્વારકાની પવિત્ર ધરા ખાતે રાજાધિરાજ દ્વારકેશને બાવન ગજની ધ્વજા ચડાવી ચારણે કરૂણાનિધાન પ્રભુના ચરણોમાં વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરી હતી.

હરિના દર્શન કર્યા બાદ વાલાભા ચારણની ઉલ્ટા પગની પદયાત્રા હરના મિલન માટે સૌ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શન માટે જનાર છે. કુલ ૯૦૦ કિ.મી.ની લાંબી ઉલ્ટા પગની નિઃસ્વાર્થ પદયાત્રા આપણ સૌને કોલવા ભગત, સાંયાજી ઝુલા તથા મહાત્મા ઈસરદાસજીની સ્મૃતિ ચોક્કસ તાજી કરાવી જાય છે.

સંકલનઃ હિતેશ ગઢવી

કાલે આર્ય સમાજના ૧૪૯માં સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

આર્ય સમાજના સંસ્થાપક શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦ મી જન્મજયંતિના બે વર્ષીય વિશ્વ વ્યાપી આયોજનોની શ્રૃંખલામાં આર્યસમાજ હાથીખાના તથા આર્ય સમાજ માયાણીનગર રાજકોટ દ્વારા આવતીકાલ તા.૨૨ ને બુધવારના રોજ આર્ય સમાજના સ્થાપના દિવસ ઉજવવામાં આવી રહ્યો છે.

મહાભારત કાળ પછી અસંગઠિત આર્યોને સંગઠિત કરવાના ઉદ્દેશ્ય તેમજ માનવમાત્રની સર્વાંગી ઉન્નતિની પવિત્ર ભાવનાથી શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ તા. ૭ એપ્રિલ ૧૮૭૫, ચૈત્ર સુદ એકમ,વિક્રમ સંવત ૧૯૩૧ના રોજ આર્ય સમાજ જેવા મહાન સંગઠનની સ્થાપના કરી હતી.

આર્ય સમાજના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે સવારે ૬ થી ૭ પ્રભાતફેરી, કિસાનપરા ચોકથી લાફિંગ ક્લબ સુધી થશે. સવારે ૭ થી ૮ કલાકે લાફિંગ ક્લબ ખાતે યજ્ઞ થશે. સાંજે ૫:૩૦થી ૮ વાગ્યા સુધી યજ્ઞ, ભજન, પ્રવચન, સરદારનગર કોમ્યુનિટી હોલ, સરદારનગર સોસાયટી, પટેલ બોર્ડિંગ ખાતે થશે.

જેમાં મુખ્ય વક્તા તરીકે પૂ. અજયજી આર્ય (દર્શનાચાર્ય) સોનીપત હરિયાણા રહેશે. જ્યારે અતિથિ વિશેષ તરીકે પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, દીપકભાઈ ઠક્કર (મંત્રી ગુજરાત પ્રાંતીય સભા, પ્રમુખ બૃહદ સૌરાષ્ટ્ર આર્ય પ્રાદેશિક સભા પ્રમુખ આર્ય સમાજ જામનગર), તથા મ્યુનિ. કોર્પોરેશનના દંડક સુરેન્દ્રસિંહ વાળા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમનો લાભ લેવા માટે રાજકોટ આર્યસમાજના પ્રમુખ રણજીતસિંહ પરમાર, ઉપપ્રમુખ નટવરસિંહ પરમાર, કોષાધ્યક્ષ વલ્લભભાઈ પિપરિયા, મંત્રી વિજયભાઈ બોરીચા તથા સહમંત્રી મૌલિકભાઈ ડોડીયા દ્વારા જણાવાયું છે.

વધુ માહિતી માટે આર્યસમાજ, હાથીખાના, મહર્ષિ દયાનંદ સરસ્વતી માર્ગ, રાજકોટ-૧(ફોન નં.૨૨૩૧૧૪૬) અને આર્યસમાજ માર્ગ, આર્યસમાજ માયાણીનગર (૧૩)

વાચકોએ નોંધ લેવી
કે કોઈપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી

સુરેન્દ્રનગર ખાતે કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઇની સરાહનીય કામગીરી

સુરેન્દ્રનગર, તા.૨૧

સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન ઉપર એક મહિલા બે ત્રણ કલાકથી બેઠા હોવાની રેલવે પોલીસ દ્વારા ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં જાણ કરવામાં આવતા સુરેન્દ્રનગર ખાતે કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનના કાઉન્સેલર રૂચિતા મકવાણા, કોન્સેબલ કિરણબેન ભરવાડ અને પાયલોટ જીજ્ઞેશભાઈ ગોસ્વામી ટીમ સાથે રેલવે સ્ટેશન ખાતે દોડી ગયા હતા.

૧૮૧ની ટીમ દ્વારા મહિલાનું કાઉન્સેલિંગ કરતા જણાવેલ શિહોર તાલુકાના કનાડ ગામના વતની છે. તેમને તેમના પુત્રવધુ કેટલાક સમયથી માનસિક ત્રાસ આપી મારકૂટ કરતા હોવાથી મહિલા ઘરેથી નીકળી ગયા હતા અને તેમને રાજકોટ રહેતા તેમના બેનના ઘરે જવું હતું. પરંતુ તેઓ રેલમાં બેસી સુરેન્દ્રનગર ખાતે પહોંચી ગયા હોવાનું જણાવ્યું હતું. જેથી ૧૮૧ મહિલા હેલ્પ લાઈનની ટીમ દ્વારા શિહોર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી કનાડ ગામના સરપંચનો નંબર મેળવી પીડિત મહિલાના પુત્રનો કોન્ટેકટ કર્યો હતો. પીડિતાના પુત્રએ જણાવ્યું હતું કે, તેઓ આજે બપોરે ઘરેથી કોઈને કીધા વગર નીકળી ગયા છે અને હવે તેમને આવીને લઈ જશું તેવું જણાવ્યું હતું.

પરંતુ રાત્રીનો સમય હોવાથી મહિલાને આશ્રયની જરૂર જણાતા તેમને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આશ્રય અપાવ્યો હતો.

ઘરેથી નીકળી ગયેલા મહિલાને પરિવાર સાથે સંપર્ક કરાવનાર ૧૮૧ મહિલા હેલ્પ લાઈનની ટીમનો પરિવારે આભાર વ્યક્ત કર્યો હતો.

રવિવારે જેસીઆઈ ઝોન-૭ દ્વારા ઈફેક્ટિવ પબ્લિક સ્પીકિંગ વિષય તાલીમ કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

વ્યક્તિત્વ વિકાસનું ઘડતર કરતી અને વ્યક્તિમાં રહેલ શુષુપ્ત શક્તિઓને ઉજાગર કરતી એક માત્ર સંસ્થા જેસીઆઈ ઇન્ડિયા ઝોન - ૭ જેમાં આગમી તા. ૨૬ માર્ચ રવિવારના રોજ ઇફેક્ટિવ પબ્લિક સ્પીકિંગ (ઈ.પી.એસ) ના વિષય પર એક દિવસનો તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાગ લેનાર સભ્યોને એક સારા વક્તા કેવી રીતે બનવું એની તાલીમ આપવામાં આવશે.

ઈ.પી.એસના વિષય પર આ તાલીમ વર્ગ ૩ શહેર મેહસાણા, પાલિતાણા અને જુનાગઢ ખાતે સવારે ૯ થી સાંજે ૫ વાગ્યા સુધીનું આયોજન કરેલ છે. જેમાં સંસ્થાના સભ્યો તેમજ અન્ય યુવક-યુવતી પણ આ વર્ગમાં ભાગ લઈ શકશે.

એક સારા વક્તા બનવા માટે મુળભુત પાયો ગણાતી આ ટ્રેનીંગમાં જેસીઆઈ ઈન્ડિયા ઝોન ૭ના ખુબ જ ઉમદા, પ્રખર અને ખુબજ અનુભવી ટ્રેનર્સ દ્વારા સ્ટેજ ફિયર, બોડી લેગવેજ, આઈ કોનટેક્ટ, વોઇસ મોડલ્યુએશન વગેરે વિષય પર ટ્રેનેર્સ જેસી ડો. કુતિ પટેલ, જેસી ભુવનેશ વોરા, જેસી દર્શન મોદી, જેસી ડો. પરાગી ગાંધી, જેસી શહેજાદ બોડીલા અને જેસી હિમાંશુ જાની દ્વારા તાલીમ આપવામાં આવશે. જેસીઆઈ ઝોન ૭ના સ્થાનિક એકમ જેસીઆઈ ઓઇલ સિટી મેહસાણા ના ઈપીએસ ચેરમેન જેસી રોનક ખમાર, જેસીઆઈ શેત્રુંજય સિટી પાલિતાણા ઈપીએસ ચેરમેન જેસી નીકુલસિંહ સરવૈયા અને જેસીઆઈ જુનાગઢ ઈપીએસ ચેરમેન જેસી ચેતન સાવલિયાના યજમાન પદે દરેક યુવક-યુવતી માટે આજના જમાનામાં જરૂરી એવો વિષયનું સુંદર આયોજન કરેલ છે.

ઝોન ૭ના અધ્યક્ષ ઝોન પ્રમુખ જેસી જીમીલ હેબતપુરીયા અને ઝોન ડાઈરેક્ટર ટ્રેનીંગ જેસી નિધિ પ્રજાપતિ સાથે સ્થાનિક એકમ જેસીઆઈ ઓઇલ સિટી મેહસાણા (પ્રમુખ જેસી નિતિન સુતરીયા), જેસીઆઈ શેત્રુંજય સિટી પાલિતાણા (પ્રમુખ જેસી ભારત માંડલિયા) અને જેસીઆઈ જુનાગઢ (પ્રમુખ જેસી પાર્થ પરમાર) દ્વારા આ કાર્યક્રમને સફળ બનવા અને કાર્યક્રમમાં દરેક સુવિધોને પુરી કરવાનું આયોજન કરેલ છે.

ઈફેક્ટિવ પબ્લિક સ્પીકિંગ'' ના તાલીમ વર્ગ માં ભાગ લેવા માટે ઈચ્છુક કોઈપણ વયના યુવક-યુવતી ઝોન ૭ના ઈ.પી.એસ કોર્ડિનેટર જેસી રોનક ખમાર (મો.નં.૮૫૧૧૬ ૭૨૭૦૧) ઉપર સંપર્ક કરવા ઝોન સેક્રેટરી જેસી મધુર નર્સિયનએ જણાવ્યું છે. (૧૩)

વિરાણી હાઇસ્કુલનું મેદાન બચાવવા માટેની લડતમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો પ્રારંભીક તબક્કે ભવ્ય કાનૂની વિજયઃ પુરૂષોત્તમ પીપરીયા

વિરાણી હાઇસ્કૂલની કુલ જમીન ૪૯,૭૨૦ ચો.મી. જમીનનો સત્તા પ્રકાર સી(ખાનગી)વાળી નોંધ નંબર ૫,૯૯૦ રદ ઠરાવી મુળ સ્થિતી અને મુળ શરતો સાથે રેકર્ડમાં લઇ જવા હુકમ થયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

વિરાણી હાઇસ્કૂલના મેદાનની જમીન વેચવાના વિવાદાસ્પદ અને ચોંકાવનારો નિર્ણય વિરાણી હાઇસ્કુલના ટ્રસ્ટી શ્રેયાંશ વિરાણી અને જયંત દેસાઇ વગેરેએ કરી. વિરાણી હાઇસ્કૂલની સરકારે ફાળવેલ જમીન ખાનગી ખપાવી વેચવાનો કારસો કરી રહ્યા હતા તે સંદર્ભે પુરૂષોત્તમ પીપરીયાની આગેવાની હેઠળ વિરાણી હાઇસ્કૂલના ભૂતપુર્વ વિદ્યાર્થીઓ મેદાન બચાવો લડત ચલાવી રહ્યા હતા.

સરકારી જમીન ખાનગી ઠેરાવવાના કૌભાંડના પર્દાફાશ થવાની ગંધ આવી જતા ટ્રસ્ટની મિલ્કતો વેચવાના માહિર તજજ્ઞ અને અનુભવી શ્રેયાંશ વિરાણી અને જયંત દેસાઇએ પાછીપાની કરી મેદાન વેચાણની અરજી પાછી ખેચેલ હતી.

જે તે સમયે વિરાણી હાઇસ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થી પુરૂષોત્તમ પીપરીયાએ કલેકટર કચેરીને વિગતવાર વાંધાઓ રજુ કરી વિરાણી હાઇસ્કૂલ વાળી જમીન ચો.વા. ૪૯,૭૨૦ એટલે કે પૂરેપૂરી જમીન તા.૨૦/૧૨/૧૯૫૧ ની સનદ નં.૧ નમુનો એન થી નકકી કરેલ શરતો સાથે અપાયેલ જમીન છે. આ સનદમા પાયાની શરત એ છે કે સદરહુ જમીન વિરાણી હાઇસ્કૂલ કરવા માટે આપવામાં આવી છે. આ જમીનનો કોઇ ભાગ ભાડે આપી શકાશે નહી તેમજ કોઇ નફો મેળવી શકાશે નહીં તેવી સ્પષ્ટ શરતો સાથે આપવામા આવેલ છે તેટલું જ નહીં આ જમીન વિરાણી હાઇસ્કૂલના શૈક્ષણિક હેતુ માટે આપેલ હોય કલેકટરની લેખિત પરવાનગી મેળવ્યા સિવાય આ જમીન કે તેનો કોઇ ભાગ શૈક્ષણિક કાર્ય સિવાય અન્ય હેતુ માટે વાપરવાની મનાઇ કરવામા આવી છે.

ભૂતપૂર્વ વિદ્યાર્થી પુરૂષોત્તમ પીપરીયાએ વિશેષ વિવરણ કરતા જણાવે છે કે, વિરાણી હાઇસ્કૂલની જમીન સરકારે ૨૨ ખેડૂતો પાસેથી

કમલેશ ડોડીયા (સરકારી વકીલ)

ભૂતપૂર્વ વિદ્યાર્થી પુરૂષોત્તમ પીપરીયા

રવી ગોગીયા(ભૂતપૂર્વ વિદ્યાર્થીના વકિલ)

સંપાદન કરી મેળવેલ છે તે જમીન વિરાણી હાઇસ્કૂલને માત્ર શૈક્ષણિક હેતુ માટે ફાળવેલ છે તેમ છતાં વિરાણી હાઇસ્કૂલના ટ્રસ્ટી શ્રેયાંશ વિરાણી તથા તેમના મળતીયા ટ્રસ્ટી જયંત દેસાઇએ ખોટા પૂરાવા અને ખોટા કથનો રજુ કરીને સરકારે ફાળવેલ જમીનને ખાનગી ઠેરવીને વેચાણ કરવાનો ગુનાઇત કારસો રચેલ.

વિરાણી હાઇસ્કુલની જમીનને ખાનગી ઠેરવી વેચવાના મસમોટા કૌભાંડ આચરનાર શ્રેયાંશ વિરાણી અને જયંત દેસાઇ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી થાય તે માટે વિરાણી હાઇસ્કુલના ભૂતપૂર્વ ફોજદારી વકિલોની પણ કાનુની સલાહ મેળવવા કમિટીની રચના કરવામા આવેલ હતી.

પ્રાંત અધિકારીશ્રી રાજકોટના તા. ૧૮/૦૩/૨૦૨૩ ના રોજ જાહેર કર્યા ચુકાદાના તારણ અનુસાર સવાલ વાળી જમીન કલેકટર સાહેબ મધ્ય સૌરાષ્ટ્ર દ્વારા વિરાણી હાઇસ્કૂલને ફાળવવામાં આવેલ છે. જે જમીન અંગે ખેતી સિવાયના ખેતી વગરના કામ માટે ઉપયોગમાં લીધેલી જેનો આકાર ૪૮ મી કલમની રૂ એ બદલ્યો હોય ત્યારે આપવાની સનદ ઇસ્યુ કરવામાં આવેલ છે. (નમુનો-એન) (કાનુન-૮૭-બી) સદરહું સનદમાં સવાલ વાળી જમીનનું કુલ ક્ષેત્રફળ ૪૯૭૨૦ ચો.વા. અને સ.નંફ ૪૨૭ દર્શાવેલ છે. આ સનદના શેરામાં આ જમીનનો કોઇપણ ભાગ ભાડે આપી શકાશે નહી તેમજ નફો મેળવી શકાશે નહી તે મુજબનો ઉલ્લેખ થયેલ છે. આ સનદ કલેકટર મધ્ય સૌરાષ્ટ્ર દ્વારા તા.૨૦-૧૨-૧૯૫૧ ના રોજ ઇસ્યુ કરવામાં આવેલ છે. આ જમીનની સરવેયર રાજકોટ ારા માપણી કરીને સ્કેચ બનાવવામાં આવેલ છે જે સ્કેચમાં પણ સદરહું જમીનનું ક્ષેત્રફળ ૪૯૭૨૦ ચો.વા. દર્શાવેલ છે. સી.સ.કચેરી દ્વારા સવાલ વીળ જમીન અંગે મિલ્કત કાર્ડ ઇસ્યુ કરવામાં આવેલ છે જે મિલ્કત કાર્ડમાં સવાલ વાળી જમીનનો સી.સ.નં.૨૬૫૦ ક્ષેત્રફળ ચો.મી. ૪૧૫૨૩-૩૬ અને સતાપ્રકાર-સી દર્શાવેલ છે અને જમીનના ધારણકર્તા તરીકે શામજી વેલજી વિરાણી ટ્રસ્ટને દર્શાવેલ છે. આમ કલેકટર સાહેબ મધ્ય સૌરાષ્ટ્ર દ્વારા સદરહું જમીન અંગે ઇસ્યુ કરેલ સનદમાં દર્શાવેલ ક્ષેત્રફળ તથા સી.સ.ના મિલ્કત કાર્ડમાં દર્શાવેલ ક્ષેત્રફળ લગભગ સમાન હોય તેમ રેકર્ડથી જણાય છે. આ સી.સ.નં.૨૬૫૦ ની જમીન કલેકટર મધ્ય સૌરાષ્ટ્ર વિરાણી હાઇસ્કૂલ ટ્રસ્ટને આપેલ જમીન હોવાનું જણાય છે. સવાલ વાળી જમીનમાં સી.સ.કચેરી દ્વારા સી.સ.નં.૨૬૫૦ ની જમીનમાં કોઇ સક્ષમ સતાધિકારીની યોગ્ય મંજુરી સીવાય વિભાગ માપણી કરીને અલગ અલગ મિલ્કત કાર્ડ ઇસ્યુ કરેલ છે.

જે પ્રથમ દર્શનીય રીતે ક્ષતિયુક્ત હોવાનું જણાય છે. ઉક્ત વિગતો જોતા આ કેસમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

હુકમ

રાજકોટ શહેરના રે.સ.નં.૪૨૭ સી.સ.વોર્ડ નં.૧૫ સી.સ.નં.૨૬૫૦ માં દાખલ કરવામાં આવેલ નોંધ નં.૫૯૯૦ રદ કરી સવાલ વાળી જમીન મુળ સ્થિતિ અને મુળ શરતો સાથે રેકર્ડમાં લઇ જવા માટે આથી હુકમ કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓ વતી કાનુની કાર્યવાહીમાં કોઇપણ પ્રકારના મહેનતાણા વગર વિનામૂલ્યે રાજકોટના ખ્યાતનામ એડવોકેટ રવી બી. ગોગીયા રોકાયેલ હતા, તેમજ સરકારપક્ષે સરકારી એડવોકેટ કમલેશ ડોડીયા રોકાયેલ હતા, તેઓ બન્નેની પોતાના પક્ષકારોના પક્ષમાં થોકબંધ સાધનીક કાગળો અને પુરાવાઓ સાથે ધારદાર દલીલો રજુ કરેલ હતી. વિદ્યાર્થીઓના પક્ષે રવી બી.ગોગીયાના સહાયક એડવોકેટ તરીકે નિખીલ ગોગીયા, હિરેન રૈયાણી, પ્રકાશ ખંધેડીયા, ચાર્મી રાવલ રોકાયા હતા.

માર્ચમાં માવઠાનો રેકોર્ડ, ૩૩ વર્ષનો સૌથી વધુ વરસાદ

છેલ્લે ૧૯૯૦માં માર્ચમાં ડબલ ડીજીટમાં વરસાદ નોંધાયો હતોઃ હજુ એક સપ્તાહમાં ત્રણ-ચાર દિવસ 'ભીના' રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

ગુજરાતમાં ચાલુ વર્ષે ભરપુર વરસાદ બાદ પણ દિવાળી અને તેના બાદના સમયમાં રાજયના અનેક વિસ્તારોમાં જે કમૌસમી વરસાદ નોંધાયો છે અને એપ્રિલ-મે માસમાં પણ માવઠાની શકયતાની આગાહી છે. તેનાથી રાજયમાં માર્ચ માસમાં પ્રથમ ૨૧ દિવસમાં સૌથી વધુ વરસાદનો છેલ્લા ૩૩ વર્ષનો રેકોર્ડ બન્યો છે. સામાન્ય રીતે માર્ચમાં વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે છુટોછવાયો અને હળવો વરસાદ નોંધાતો હોય છે.

જે સરેરાશ ૦.૨ મીલીમીટર જ હોય છે પણ આ વર્ષે માર્ચ માસમાં જ ૯.૫ મી.મી. વરસાદ નોંધાયો છે. જે ૧૯૯૯ બાદનો સૌથી વધુ માર્ચ માસનો વરસાદ છે અને હજુ હવામાન વિભાગે આગામી ત્રણ દિવસોમાં અનેક સ્થળોએ આ પ્રકારે માવઠાની આગાહી કરી છે. ૧૯૯૫માં થોડા દિવસ ભારે વરસાદ પડયો હતો પણ તે એકંદર ૮ મીમી જેટલો હતો અને તે બાદ કદી આ માસ જેવો ભારે વરસાદ નોંધાયો નથી. ગુજરાત હવામાન વિભાગના વડા મનોરમા મોહન્તી જણાવ્યું કે જયાં સુધી મારી જાણ છે.

૧૫ વર્ષનો આ સૌથી વધુ માર્ચ વરસાદ છે પણ તેના માટે અનેક પરિબળો હાલ પ્રવર્તે છે. જેના કારણે રાજયમાં આ વરસાદી સ્થિતિ લાંબી ચાલી છે. વેસ્ટર્ન ડિસ્ટબન્સનો પ્રભાવ તો રહે જ છે અને પુર્વીય ક્ષેત્રથી ભેજયુક્ત હવા વહે છે અને બંગાળના અખાત તરફથી જે પશ્ચિમ પવન વહે છે તે આ બન્ને ભળે છે તો તે રાજયમાં વરસાદ લાવે છે. આ પ્રકારની સ્થિતિ સામાન્ય રીતે બનતી નથી પણ તે જવલ્લે જ બને છે તેવું પણ નથી. ખાસ કરીને પશ્ચિમ બંગાળ અને ઓડિસામાં આ સ્થિતિ બને છે અને તેનાથી શિયાળાની ઋતુ પણ વહેલી આવે છે. મેટવિભાગના સીનીયર અધિકારીઓનું પણ કહેવું છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સએ વારંવાર સર્જાતી સ્થિતિ છે પણ આ વર્ષે સ્થિતિ જુદી છે.

અનુ.પ્રથમ પાનાનું ચાલુ

ગુજરાત ભાજપના સાંસદો સાથે વડાપ્રધાન મોદીનું મહામંથન

મોવડી મંડળ આતુર છે. એટલે પક્ષને નક્કર દિશાનિર્દેશ અને વિજયનો મંત્ર પૂરો પાડવા માટે વડાપ્રધાને પક્ષના સાંસદો સાથે શ્રેણીબધ્ધ બેઠકોનો ધમધમાટ શરૂ કરી દીધો છે. ગુજરાતમાં કઈ રીતે પક્ષને લોકસભા ચૂંટણીઓ માટે તૈયાર કરવો તેમજ પ્રચારના મુદ્દાથી માંડીને ઉમેદવારોની પસંદગીના માપદંડ સહિતના તમામ મુદ્દાઓને સ્પર્શીને વડાપ્રધાન માર્ગદર્શન આપે તેવી સંભાવના છે.(૨.૧૨)

અનુ.છેલ્લા પાનાનું ચાલુ

ભૂપગઢમાં મહિલા સહિત આઠ શખ્સોએ સરકારી જમીનમાં મકાન બનાવી લીધા

દાખલ કરવા ફરિયાદી વિવેકભાઈ બાલુભાઈ સિંધવ (રહે.ભુપગઢ) ની ફરીયાદ પરથી અરજીમાં બતાવેલા સામાવાળા કાનજીભાઈ મંગાભાઈ રાઠોડ, જગદિશભાઈ કાનજીભાઈ રાઠોડ, કેશરબેન વીરાભાઈ રાઠોડ, કમાભાઈ ડાયાભાઈ રાઠોડ,જસાભાઈ ડાયાભાઈ રાઠોડ,ચંદુભાઈ ભીખાભાઈ રાઠોડ,રામજીભાઈ ડાયાભાઈ રાઠોડ અને પ્રવીણભાઈ મંગાભાઈ રાઠોડ (રહે.બધા ગામ.ભુપગઢ) સામે સર્વાનુમતે ફરિયાદ દાખલ કરવા લેવાયેલ નિર્ણય લેવાયો હતો. આ લોકોએ ભુપગઢ ગામના સરકારી ખરાબાની જમીનમાં મકાન અને વંડો વાળી લીધા હતા.જે મામલે કલેકટરમાં અરજી કરતા કલેકટર જીલ્લા સમિતિની તા.૧૫/૦૩ની લેન્ડ ગ્રેબિંગ કમિટીમાં સર્વાનુમતે લેવાયેલ નિર્ણય મુજબ આઠેય આરોપી વિરૂધ્ધ ગુજરાત જમીન પચાવી પાડવા પર (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ તેમજ અન્ય કાયદા હેઠળ સબંધિત પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવાનુ નક્કી કરવામા આવ્યું છે.આરોપીએ સરકારી ખરાબાની જમીનમા ગેરકાયદેસર દબાણ કરી સરકારી જમીન પચાવી પાડી તે જમીનનો પોતાના ફાયદા માટે ઉપયોગ કરતા તેઓની સામે આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

સૌરાષ્ટ્રમાં છુટાછવાયા ઝાપટા : અંજારમાં બે ઈંચ : હજુ તા.૨૩ સુધી વરસાદ પડવા આગાહી

સૌરાષ્ટ્ર-કચ્છમાં હજુ હવામાન ચોખ્ખુ થતું નથી. ગઇકાલે ખંભાળીયા, ભાવનગર, અમરેલી, રાજકોટ જિલ્લામાં છુટાછવાયા ઝાપટા વરસ્યા હતા. જેથી ઠેર ઠેર કૃષિ પાકોને નુકસાન થઇ રહ્યાના અહેવાલ છે. સૌરાષ્ટ્ર સહિત રાજયમાં ઘણા સ્થળે હજુ તા.૨૩ સુધી રાજકોટ, કચ્છ, અમરેલી, ભાવનગર, જામનગર સહિતના જિલ્લામાં હળવા ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ગઇકાલે અમરેલીના જાફરાબાદ, બગસરા પંથકમાં વરસાદ વરસ્યો હતો. દ્વારકા જિલ્લાના ખંભાળીયા અને ભાણવડ પંથકમાં સારો વરસાદ પડયો હતો. કચ્છના અંજારમાં બે, ભાવનગરમાં વધુ પોણો ઈંચ પાણી પડી ગયું હતું.ધોરાજી, ચોરવાડ, વડીયા, બાંટવામાં પણ ગઇકાલે ઝાપટા વરસ્યા હતા.

ગીતા વિદ્યાલયમાં ચૈત્રી નવરાત્રિ આરાધના પર્વ ઉજવાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

જંકશન પ્લોટ ખાતે શ્રી મનહરલાલજી મહારાજ સ્થાપિત સેવાસંસ્થા ગીતા વિદ્યાલય ટ્રસ્ટના ગીતામંદિર પરિસરમાં બિરાજમાન રાજરાજેશ્વરી, જગતજનનીમા જગદંબાના પાવન સાન્નિધ્યમાં ચૈત્ર સુદ એકમને આવતીકાલ તા.૨૨ થી ૩૦ માર્ચ સુધી નોરતાના નવ દિવસ ભાવસભર વાતાવરણમાં શ્રધ્ધા ભક્તિભાવપૂર્વક ચૈત્રી નવરાત્રી આરાધનાપર્વ ઉજવાશે. જેમાં ઇલેક્ટ્રીક લાઇટ ડેકોરેશન અને સુંદર વસ્ત્રાલંકારોની દર્શનીય શોભા થશે. ગીતા મંદિરમાં બિરાજમાન જગદંબાની દિવ્ય, મનોહર પ્રતિમા સન્મુખ અખંડ દીપ ગરબાનું સ્થાપન થશે. ધૂપ, દીપ અને પુષ્પોની સુવાસથી મહેંકતા ગીતા મંદિરના વિશાળ પ્રાર્થના સત્સંગ સભાખંડમાં પ્રતિદિન સાંજે ૫:૩૦ થી ૭ સુધી ભાવિકો આનંદનો ગરબો વિશ્વંભરીની સ્તુતિ, આદ્યાશક્તિની આરતીનો સામુહિક પાઠ કરશે અને બેઠા ગરબા દ્વારા માતાજીની આરાધના કરશે. આરતી બાદ સુમધુર પવિત્ર પ્રસાદીનું વિતરણ થશે. જ્યાં છેલ્લા ૫૮ વર્ષોથી ભગવદ્ગીતા અને માનવસેવાનો ગુંજારવ થઈ રહ્યો છે, તેવા પવિત્ર દેવસ્થાન ગીતા વિદ્યાલય ગીતા મંદિરમાં ચૈત્રી નવરાત્રીઆરાધના પર્વમાં સહભાગી થવા સર્વે ભાવિકોને ગીતા વિદ્યાલય પરિવારે હાર્દિક અનુરોધ કરેલ છે. (૧૩)

આજે દિવસ અને રાતનો સમયગાળો સરખો, કાલથી ચૈત્ર નવરાત્રીનો પ્રારંભ

નવા વર્ષમાં અધિક માસને પગલે વર્ષમાં ૧૩ મહિના, ઉત્તર ગોળાર્ધમાં ઉનાળાનો પ્રારંભ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૧

વિક્રમ સંવત ૨૦૮૦, ચૈત્ર શુક્લ પ્રતિપદાની સાથે સાથે ઉત્તર ભાદ્રપદ નક્ષત્ર અને શુક્લ યોગમાં ૨૨ માર્ચે નવું વર્ષ શરૂ થઈ રહ્યું છે. નવા વર્ષમાં વધુ માસ હોવાથી શ્રાવણ માસ બે માસનો રહેશે. એટલા માટે આ નવા વર્ષમાં કુલ ૧૩ મહિના હશે. નવા વર્ષના નલ નામનો રાજા બુધ અને પ્રધાન શુક્ર હશે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર બંને ગ્રહો એકબીજા સાથે મૈત્રીપૂર્ણ છે.

રાજા અને મંત્રીની સર્વસંમતિથી દેશ અને પ્રજા બંનેની પ્રગતિની સંભાવના વધી જાય છે. એટલા માટે આ નવું વર્ષ ખૂબ જ શુભ માનવામાં આવે છે. નવા સંવત્સરમાં ગ્રહોની સ્થિતિ અને ખાદ્યપદાર્થો પર તેમની દ્રષ્ટિમાં ફેરફાર થશે. ચંદ્ર ખરીફ પાક, શનિ રવિ પાક, જાતકના કલ્યાણ માટે ગુરૂના દર્શન કરશે, મોસમી ફળો, સિંચાઈ, સૂર્ય, આર્થિક સ્થિતિનો સ્રોત, રસાળ પદાર્થોમાં બુધનું સ્વયં દર્શન થશે. આચાર્ય રાકેશ ઝાએ બ્રહ્મ પુરાણના આધારે જણાવ્યું કે બ્રહ્માએ ચૈત્ર શુક્લ પ્રતિપદાના દિવસે સૃષ્ટિની રચના કરી હતી. આ કારણે આ દિવસનું મહત્વ વધુ વધી જાય છે. આ દિવસે, હિન્દુ ધર્મના અનુયાયીઓ તેમના ઘરોમાં પૂજા કરે છે અને મુખ્ય દરવાજા પર સ્વસ્તિકનું શુભ પ્રતીક તોરણ દ્વાર, મંગળ ધ્વજ લગાવે છે. જ્યોતિષીઓ કહે છે કે, નવા વર્ષમાં ઘણા ગ્રહો પોતાની રાશિમાં રહેશે. નવા વર્ષમાં, ૩૦ વર્ષ પછી, શનિ તેની પોતાની રાશિ કુંભ રાશિમાં હાજર રહેશે. બીજી તરફ રાહુ અને શુક્ર મેષ રાશિમાં, કેતુ તુલા રાશિમાં, મંગળ મિથુન રાશિમાં અને સૂર્ય, બુધ અને ગુરુ મીન રાશિમાં રહેશે. પૂર્ણ ૧૨ વર્ષ પછી આ નવા વર્ષમાં ગુરુ મીન રાશિમાં રહેશે. ચાર રાશિઓ માટે ગ્રહોનો આ સંયોગ શુભ અને ફળદાયી રહેશે. આ રાશિચક્રમાં મિથુન, સિંહ, તુલા અને ધનુ રાશિનો સમાવેશ થાય છે. નવા વર્ષમાં કુલ છ ગ્રહણ થશે, જેમાંથી ત્રણ સૂર્ય અને ત્રણ ચંદ્રગ્રહણ હશે. તેમાંથી અશ્વિન શુક્લ પૂર્ણિમાએ પડતું માત્ર એક જ ચંદ્રગ્રહણ ભારતમાં જોવા મળશે અને તેનું સુતક માન્ય રહેશે. આ સિવાય અન્ય કોઈ પણ ગ્રહણ ન તો દેખાશે અને ન તો તેનું સુતક અનુભવાશે. ભારતમાં વર્ષનું એકમાત્ર ચંદ્રગ્રહણ શરદ પૂર્ણિમાના દિવસે અશ્વિની નક્ષત્ર અને મેષ રાશિમાં દેખાશે. તેથી જ આ નક્ષત્ર કે આ રાશિના લોકો આ ગ્રહણ જોઈ શકશે નહીં. ચંદ્રગ્રહણનું સૂતક નવ કલાક પહેલા શરૂ થાય છે. નવા વર્ષનું પ્રથમ ખગ્રાસ સૂર્યગ્રહણ ગુરૂવાર, ૨૦ એપ્રિલ, ૨૦૨૩, વૈશાખ કૃષ્ણ અમાવસ્યાના રોજ થશે. આ ગ્રહણ ભારતમાં દેખાશે નહીં અને તેની કોઈ ધર્મશાસ્ત્રીય અસર થશે નહીં. વૈશાખ શુક્લ પૂર્ણિમા શુક્રવાર, ૫ મે ૨૦૨૩ ના રોજ પ્રથમ છાયા ચંદ્રગ્રહણ છે. જ્યોતિષશાસ્ત્રમાં આવા ચંદ્રગ્રહણને ભુભભા નામ આપવામાં આવ્યું છે. આ ચંદ્રગ્રહણ ન તો ભારત-માં જોવા મળશે અને ન તો તેની કોઈ અસર થશે.

ગુજરાતના આર્ટીસ્ટો અને ટેકનીશયનો માટે 'ગુડ ન્યુઝ'

દાદા સાહેબ ફાડકે ચીત્રપટ યુનિયન હવે ગુજરાતમાં કાર્યરત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૧

મુંબઈ મહારષ્ટ્ર જે મહાનગરીની સાથે સાથે બોલીવુડ નગરી તરીકે પણ પ્રખ્યાત છે અને દરેક કલાકાર કે ટેકનીશયનનું સવપન હોય છે. કે તે મુંબઈ જઈને સફળ થાય અને પોતાની કાબેલીયત મુજબ બોલીવુડમાં કામ મેળવી અને મુંબઈમાં સેટલ થઈ જાય પણ આ એક સપનું જ રહી જતું હોય છે. પણ હવે ગુજરાતના દરેક કલાકારો અને ટેકનીશયન પોતાના સપનાને સાકાર કરી શકશે. ગુજરાતના કલાકારો માટે આ સારા સમાચાર છે.

દાદા સાહેબ ફાડકે ચિત્રપટ યુનિયન જે મુંબઈ મહારાષ્ટ્રમાં સીમિત હતું તે હવેથી ભારત સરકારની મંજુરીથી ઓલ ઈન્ડીયામાં પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરી શકશે મતલબ કે ભારતમાં ક્યાંય પણ દાદા સાહેબ ફાડકે ચીત્રપટ યુનિયન કલાકારોના અને ટેકનીશયનોના હીત માટે કાર્ય કરી શકશે.

જેની મંજુરી ભારત સરકાર દ્વારા આપવામાં આવી છે. દાદા સાહેબ ફાડકે ચીત્રપટ યુનીયનમાં ઘણા વર્ષોથી કાર્યરત એવા રેવંતભાઈ ગક્કર ના અથાગ પ્રયત્ન થી આ યુનિયન હવેથી ગુજરાતમાં કાર્યરત રહેશે, અને આ માટે થઈ **DSPC** યુનીયનના ઓલ ઈન્ડીયા પ્રેસીડન્ટ અજીત મહામુનકર દ્વારા ગત તા.૧૧ માર્ચના રોજ ગુજરાતના કાર્યકારી પ્રમુખ તરીકે રેવંતભાઈ ગક્કર અને અફઝલભાઈ મહેતરની નિમણુંક કરવામાં આવી છે અને આ સાથે આ કમિટી દ્વારા ગુજરાતના મહિલા પ્રમુખ તરીકે રંજનબેન ચૌહાણની વરણી કરવામાં આવી છે અને રાજકોટ મહિલા પ્રમુખ તરીકે ભાવનાબેન લીડીયાની વરણી કરવામાં આવે છે.

ગુજરાતના કાર્યકારી પ્રમુખ તરીકે અફઝલ મહેતર અને રેવંત ગક્કરની નિમણૂક

'સૌરાષ્ટ્ર ક્રાંતી'કાર્યાલયની મુલાકાતે આવેલા અફઝલભાઈ મહેતર, રેવંતભાઈ ગક્કર, રંજનબેન ચૌહાણ, ભાવનાબેન લીડીયા અને તૃમીબેન ચૌહાણ તસવીરમાં નજરે પડે છે.

વધુ માહિતી આપતાં અફઝલભાઈ જણાવે છે કે, **DSPC** યુનીયન ગુજરાતમાં કાર્યરત હોવાથી ગુજરાતના દરેક કલાકાર કે ટેકનીશયનોને ઘણો ફાયદો થવાનો છે. જેમાં આર્ટીસ્ટ કાર્ડ માટે પહેલા મુંબઈ જવું પડતું અને છેતરપિંડીનો શીકાર પણ થઈ જવાનું કારણ કે ઘણા ફ્રોડ લોકો આવી રીતે છેતરપિંડી કરતા હોય છે અને ફરઝી આર્ટીસ્ટ કાર્ડ કલાકારોને કાઢી આપતા હોય છે જેની કોઈ જ ફાયદો નથી હોતો પણ હવેથી આ અર્ટીસ્ટ કાર્ડ ગુજરાતમાં આ યુનિયન દ્વરા કાઢી આપવામાં આવશે અને **DSPC** યુનીયન દ્વારા ગુજરાતના દરેક કલાકારોને સારું પ્લેટફોર્મ પુરું પાડવા માટે આ યુનિયન કાર્યરત રહેશે. તેમજ આગામી દિવસોમાં હિન્દી ગુજરાતી વીડિયો સોંગ વેબસીરિઝ જેવા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે તેમ ગુજરાત મહિલા પ્રમુખ રંજનબેન ચૌહાણ જણાવે છે.

વધુ માહિતી અને યુનિયનમાં જોડાવા માટે રેવંતભાઈ ગક્કર (મો.નં.૭૫૬૭૫ ૨૮૦૨૫), અફઝલભાઈ મહેતર (મો.નં.૮૬૯૦૦ ૯૦૦૦૨), રંજનબેન ચૌહાણ (મો.નં.૯૮૭૯૫ ૯૭૦૭૯), ભાવનાબેન લીડીયા (મો.નં.૮૪૬૦૩ ૫૯૭૮૯) પર સંપર્ક કરવાનો રહેશે.

વધુમાં જો કોઇ સાથે અનીચ્છનીય બનાવ બન્યો હોય અથવા પોતે કામ કરેલ તેનું મહેનતણું પુરૂ ન મળ્યું હોય કે કોઈ પણ રીતે શોષણ થયુ હોય તો તેવો આ યુનિયનમાં ફરીયાદ દાખલ કરી શકે છે જે નીષ્પક્ષ પણે તપાસ કરી પુરતો ન્યાય અપાવવા માટે આ યુનિયન બનતા પ્રયાસો કરશે.

ઉપરોકત તસવીરમાં અફઝલભાઈ મહેતર, રેવંતભાઈ ગક્કર, રંજનબેન ચૌહાણ, ભાવનાબેન લીડીયા ઈન્સર્ટ તસવીરમાં ઓલ ઈન્ડીયા **DSPC** યુનિયન પ્રેસીડન્ટ અજીત મહામુનકર ગુજરાત પ્રેસીડેન્ટ અફઝલભાઈ મહેતર અને રેવંતભાઈ ગુજર દ્રશ્યમાન થાય છે.(૧૩)

બુધવારે શહીદ દિનઃ અમદાવાદ-મેઘાણીનગર સ્થિત મેઘાણી-પ્રતિમા ખાતે 'શહીદ વંદના' થશે

આઝાદીની લડતના અમર ક્રાંતિવીર ભગતસિંહ, સુખદેવ થાપર અને શિવરામ રાજગુરૂને ફાંસી અપાઈ તેની વેદનામાં મેઘાણીએ હૃદયસ્પર્શી કાવ્ય 'ફૂલમાળ' રચેલું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

શહીદ દિન તા.૨૩ માર્ચને ગુરૂવારે સવારે ૯:૩૦ કલાકે અમદાવાદ-મેઘાણીનગર સ્થિત મેઘાણી-પ્રતિમા ખાતે શહીદ વંદના (સ્મરણાંજલિ) યોજાશે. નવી પેઢી આપણી આઝાદીની લડતમાં નામી-અનામી શહીદ-વીરોએ આપેલ આહુતિથી પરિચિત-પ્રેરિત થાય તેમજ રાષ્ટ્ર-ભાવનાનું સંસ્કાર-સિંચન થાય તે આશયથી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી સ્થાપિત ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન તથા સમસ્ત વાલ્મીકિ સમાજ દ્વારા સતત ૧૦મા વર્ષે આ પ્રેરક આયોજન થયું છે.

આઝાદીની લડતના અમર ક્રાંતિવીર ભગતસિંહ, સુખદેવ થાપર અને શિવરામ રાજગુરૂને ૨૩ માર્ચ ૧૯૩૧ના રોજ અંગ્રેજ સરકાર દ્વારા નિર્દયતાપૂર્વક ફાંસી અપાઈ તેની વેદનામાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ હૃદયસ્પર્શી કાવ્ય ફૂલમાળ રચેલું. વીરા ! એ તો ફાંસી રે નહિ, ફૂલમાળ.

ફાંસીને દિવસે શહીદ ભગતસિંહએ જેલની કોટડીની સફાઈ કરતા વાલ્મીકિ સમાજના વયોવૃધ્ધ સફાઈ કામદારભાઈના હાથની બનેલી રોટી ખાવાની અંતિમ ઈચ્છા વ્યક્ત કરેલી. વાલ્મીકિ સમાજની આ રોટીનું ઋણ અને મૂલ્ય ક્યારેય વીસરાશે નહિ.

અમદાવાદ-અસરવાના સંસ્કૃતિ-સાહિત્ય-પ્રેમી ધારાસભ્ય દર્શનાબેન વાઘેલા, અમદાવાદના મેયર કિરીટકુમાર પરમાર તથા લોકગાયક, લોકસાહિત્ય અભ્યાસુ, શિક્ષણવિદ્ અભેસિંહ રાઠોડની વિશેષ ઉપસ્થિતિ રહેશે.

સહુ રાષ્ટ્ર-પ્રેમીઓને આ પ્રેરક કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા પિનાકી મેઘાણી (મો. ૯૮૨૫૦૨૧૨૭૯), કે. સી. વાઘેલા (મો. ૯૪૦૮૧૪૪૦૮૧) અને ગંગારામ વાઘેલા (મો. ૯૯૨૫૪ ૩૫૧૪૭)નું જાહેર નિમંત્રણ છે.(૪)

સિંહમોય ચેરીટેબલ ટ્રસ્ટ સરધાર દ્વારા

ગુરૂવારે શ્રી સિંહમોઈ માતાજીના મંદિરના પરિસરમાં ચૈત્રીબીજ મહોત્સવનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

રાજકોટ તાલુકાના સરધાર ગામે આઈ શ્રી સિંહમોઈ (જીવણી) માતાજીના મંદિરના પરિસરમાં આગામી તા.૨૩ માર્ચને ગુરૂવારના શુભ દિને સવારે ૮ થી ૧ કલાક દરમ્યાન ચૈત્રીબીજ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આ ચૈત્રીબીજ મહોત્સવના સમગ્ર આયોજનના દાતા ગઢવી વિનોદભાઈ નૈયા(નવાગઢ-જેતપુર) છે. આ પ્રસંગે સવારે ૮ કલાકે માતાજીની આરતી, ૮:૩૦ થી ૧૨:૩૦ યજ્ઞ, ૯ થી ૧૨ કલાક દરમ્યાન ચારણ સમાજના લોકગાયકો દ્વારા માતાજીની ભાવવંદના તેમજ બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરેલ છે. આ પ્રસંગને સફળ બનાવવા માટે સિંહમોય ચેરીટેબલ ટ્રસ્ટ-સરધાર, સમગ્ર નૈયા પરીવારના યુવાનો જહેમત ઉઠાવી રહ્યા છે. આ પ્રસંગમાં ચારણ સમાજના તમામ જ્ઞાતિબંધુઓ, ચારણ (ગઢવી) સમાજની તમામ સંસ્થાઓના હોદ્દેદારો તેમજ ટ્રસ્ટીઓ અને માતાજીના ઉપાસકોને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

ચૈત્રીબીજ મહોત્સવના આયોજનની સફળતા માટે સિંહમોય ચેરીટેબલ ટ્રસ્ટના મુકેશભાઈ નૈયા (મો.૯૮૭૯૯ ૪૯૭૧૧) તથા તેની ટીમ સતત પ્રયત્નશીલ છે. તેમ જણાવ્યું છે.(૧૩)

અમરેલી ખાતે પ્રજ્ઞાચક્ષુ અને અનાથ દીકરીઓને ડ્રેસ અને બુટ વિતરણનો કાર્યક્રમ યોજાયો

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૧

મણિનગર.અંધશાળા પ્રજ્ઞાચક્ષુ અને વિકાસગૃહની ૬૫ અનાથ દીકરીઓને માનવ સેવા યજ્ઞ રૂપે સારી કવોલિટીના ડ્રેસ અને સારી ગુણવતાવાળા બુટનું વિતરણ સરદારધામ પ્રમુખ પ્રવિણાબેન ભીખુભાઈ કાબરીયાના સૌજન્યથી કરવામાં આવ્યું. પ્રવિણાબેન દ્વારા જરૂરિયાતમંદ દીકરીઓને ડ્રેસ અને બુટનું વિતરણનું કાર્ય એ ખરેખર તેમની નિશ્ચલ અને નિઃસ્વાર્થ સેવાભાવના જ છે, તેમજ પ્રવિણાબેનનું આ માનવસેવા યજ્ઞ સમાન કાર્ય વંદનીય, અભિનંદનીય અને પ્રેરણાદાયી છે.

આ દીકરીઓને જ્યારે બુટ અને ડ્રેસ, નાસ્તો આપવામાં આવ્યા ત્યારે દીકરીઓના મુખ પર ચંદન લેપની શીતળતાસમા અનેરા હર્ષ અને સંતોષની ભાવના દ્રશ્યમાન થતી હતી. આ માનવસેવા યજ્ઞના કાર્યક્રમમાં મહેમાન તરીકે અરૂણાબેન માલાણી, દિવ્યાબેન સોજીત્રા, ઊર્મિલાબેન રાદડીયા, હંસાબેન ફીનાવા, સંગીતાબેન મેતલિયા, બિંદિયાબેન કાબરીયા, દયાબેન કકાણી, નીતાબેન પાનસુરીયા, મીતાબેન વધાણી, સંગીતાબેન ગોજારીયા, મંજુલાબેન બોકરવાડીયા વગેરેની ગરીમાપૂર્ણ ઉપસ્થિતિથી સંસ્થાના કાર્યકરોના ઉત્સાહમાં અને જુસ્સામાં વધારો થયો. કાર્યક્રમના અંતે સંસ્થાના વહીવટકર્તા બી.કે.જોષી, વાળા, હરેશ દવે દ્વારા દાતાઓ અને ઉપસ્થિત મહેમાનોનો હાર્દિક આભાર વ્યકત કરવામાં આવ્યો.(૪)

અમરેલીના ફાયર કર્મીઓને પ્રાથમિક સારવાર અંગે તાલીમ અપાઈ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૧

અમરેલી ફાયર વિભાગમાં ફરજ બજાવતાં તમામ કર્મચારીઓને આગની ઘટના સમયે જો કોઈ વ્યકિત ઈજાગ્રસ્ત થયેલ હોય તો તેમને પ્રાથમિક સારવાર બાબતે રેડ ક્રોસ સોસાયટીની સર્ટિફિકેટ તાલીમની શરૂઆત કરવામાં આવી હતી. આ તાલીમ અંતર્ગત ફાયર શાખામાં ફરજ બજાવતા તમામ કર્મચારીઓએ પ્રાથમિક સારવાર કેવી રીતના આપી શકાય તે બાબતની ત્રણ દિવસ સુધી સંપૂર્ણ તાલીમ આપવામાં આવશે.

આ તાલીમ અર્થે સર્ટિફિકેટ પણ આપવામાં આવશે. આ તાલીમ દ્વારા અમરેલી જિલ્લાની અંદર કાર્યરત અમરેલી ફાયર ટીમએ ખૂબ સારી સેવા આપી શકે અને આવનારા સમયમાં કોઈપણ ઈમરજન્સી સમયે ફાયર વિભાગના વડા એચ સી ગઢવી દ્વારા જિલ્લામાં સમગ્ર સારી કામગીરી થાય અને લોકોને વધુમાં વધુ સેવા આપી શકાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા.(૪)

ગૌસેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા ચકલીના માળા વિતરણ કરાયું

(ક્રિપાલસિંહ જાડેજા દ્વારા)

જામકંડોરણા, તા.૨૧

ગૌસેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં જામકંડોરણાના પટેલ ચોક ખાતે વિનામૂલ્યે ચકલીના માળા અને ચણની ડીશ વિતરણ કરવામાં આવ્યા. જેમાં ૧૦૦૦ થી વધુ ચકલીના માળા આપવામાં આવ્યા. જામકંડોરણાની જીવદયાપ્રેમી જનતાએ બહોળી સંખ્યામાં લાભ લીધો હતો.

ગૌસેવા સમિતિ ટ્રસ્ટ જામકંડોરણાના પ્રમુખ અને ટીમ દ્વારા સતત ૭ વર્ષથી ચકલી દિવસ નિમિતે વિનામૂલ્યે ચકલીના માળા અને ચણની ડીશ વિતરણ કરવામાં આવે છે.(૧૩)

મોકાની ઓફીસ વેચવાની છે

ફર્નીચર સાથે ગોંડલ રોડ, પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૮૨૫૩ ૧૭૬૦૭

હત્યા અને એટ્રોસિટીના ગુન્હામાં મુખ્ય આરોપી જામીન મુક્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

નાણાવટી ચોક પાસે મરણજનાર આકાશ ભગવાનજીભાઈ રાઠોડ અને મુખ્ય આરોપી સેજાદ ઉર્ફે નવાબ સુલતાનભાઈ જલવાણીનું વાહન અથડાતા બંને વચ્ચે બોલાચાલી થઇ હતી. જે બોલાચાલીએ ઝઘડાનું રૂપ ધારણ કર્યું હતું. ઝઘડા બાદ મુખ્ય આરોપીના મિત્રો વિનય ઉર્ફે ભૂરો ઉર્ફે મુસ્તાન રાજુભાઇ ઉકેડિયા, અંકિત ઉર્ફે અંકિત રાજુભાઇ અજલાણી અને ફૈઝલ રાજુભાઇ અજલાણી આવી ગયા હતા. આ લોકોએ શિવપરામાં રહેતા આકાશ ઉર્ફે આકલો ભગવાનજીભાઈ રાઠોડને પકડી રાખેલ હતો અને મુખ્ય આરોપી સેજાદ ઉર્ફે નવાબ સુલતાનભાઈ જલવાણીએ આકાશ રાઠોડને છરીના અસંખ્ય ઘા માર્યા હતા. આ બાદ આકાશ રાઠોડ ઢળી પડતાં તેના મિત્રો તેને રીક્ષામાં સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં ફરજ પર હાજર તબીબી અધિકારી દ્વારા તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો અને ગાંધીગ્રામ પો. સ્ટે. માં મૃતકના ભાઈ આશિષ ભગવાનજીભાઈ રાઠોડએ ફરિયાદ દાખલ કરાવી હતી. ત્યારબાદ પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરતાં આરોપીઓની ધરપકડ કરી જેલહવાલે કર્યા હતા અને ત્યારબાદ આરોપી સેજાદ ઉર્ફે નવાબ સુલતાનભાઈ જલવાણીએ પોતાના વકીલ મારફત જામીન ઉપર છૂટવા અરજી દાખલ કરતા કોર્ટે મુખ્ય આરોપીની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરવામાં આવેલ હતી.

એડવોકેટઃ રૂપરાજસિંહ પરમાર

આ કેસમાં આરોપી વતી રાજકોટના વકીલ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, શકિત ગઢવી, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, રવિભાઈ લાલ, જીત શાહ અને ફૈઝાન સમા રોકાયા હતા.

અમરેલી ક્રાઈમ

સરસીયા ગામે મહિલાને મધમાખી કરડી જતાં લો બીપીથી મોત નિપજયું

ધારી તાલુકાના સરસીયા ગામે રહેતા મંજુલાબેન દિનેશભાઈ મકવાણા નામનાં ૪૫ વર્ષીય મહિલા તા.૧૯ ના બપોરે પોતાના ઘરે વાડામાં હતા. ત્યારે તેણીને જમણા હાથે ખંભાથી નીચેના ભાગે મધમાખી કરડી જતાં તેણીને લોબીપી થઈ જતાં તેણીનું મોત નિપજયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

વાંગધ્રા ગામે ઠપકા આપ્યાનું મનદુઃખ રાખી ખેડૂત આધેડ ઉપર હુમલો

ખાંભા તાલુકાના વાંગધ્રા ગામે રહેતા અને ખેતીકામ કરતા અમરાભાઈ લખમણભાઈ વાવડીયા નામનાં ૪૯ વર્ષીય ખેડૂત આધેડે વાડીમાં ઘેટા-બકરા આવતા હોય જેથી તેજ ગામે રહેતા ભોળાભાઈ આલાભાઈ વગેરેને તે બાબતે ઠપકો આપેલ. બાદમાં તે વાતનું મનદુઃખ રાખી સામાવાળા ભોળાભાઈએ ખેડૂતની મોટર સાયકલનો કાંચ તોડી નાખેલ હતો. બાદમાં ૩ જેટલા સામાવાળા આરોપીએ ખેડૂતને માથામાં કુહાડીનો ઘા મારી ઈજા કરી હતી. તો બાકીના આરોપીઓએ ખેડૂતને લોખંડનો પાઈપ મારવા દોડી તથા ધારીયુ લઈ ખેડૂતના ઘરે જઈ ગાળો આપ્યાની તે જ ગામે રહેતા કુલ ૮ જેટલા ઈસમો સામે ફરિયાદ નોંધાઈ છે.

ઉપલેટાઃ પોલીસ દ્વારા પોલીસ માટેનો એક દિવસીય રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાયો

(આશિષ લાલકિયા દ્વારા)

ઉપલેટા, તા.૨૧

ઉપલેટા શહેરમાં ઉપલેટા નગરપાલિકા સંચાલિત એનિમલ હોસ્ટેલના લાભાર્થે ચાલી રહેલા રાત્રે પ્રકાશ ક્રિકેટ મેચની અંદર રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસની ચાર ટીમો વચ્ચેનો ક્રિકેટ મેચ યોજવામાં આવ્યો હતો. આ ક્રિકેટ મેચની અંદર ઉપલેટા પોલીસ, ધોરાજી પોલીસ, જેતપુર પોલીસ અને રાજકોટ રૂરલ એસ.ઓ.જી. અને રાજકોટ રૂરલ એલ.સી.બી. પોલીસની ચાર ટીમો વચ્ચે રાજકોટ રૂરલ પોલીસ દ્વારા જબરદસ્ત ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવામાં આવ્યો હતો. જેમાં ફાઇનલ મેચની અંદર જેતપુર પોલીસ ટીમ વિજેતા બની હતી અને શાનદાર પ્રદર્શન બદલ જેતપુર ડિવિઝન નાયબ પોલીસ અધિક્ષક રોહિતસિંહ ડોડીયા મેન ઓફ ધ મેચ એન્ડ મેન ઓફ ધ સિરીઝ બન્યા છે.

જેતપુર ડી.વાય.એસ.પી. રોહિતસિંહ ડોડીયા બન્યા મેન ઓફ ધ મેચ એન્ડ મેન ઓફ ધ સિરીઝ

ઉપલેટા શહેરના તાલુકા શાળાના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઉપલેટા પોલીસ દ્વારા યોજવામાં આવેલ આ રાત્રી પ્રકાશ ક્રિકેટ ટુર્ના મેચની અંદર વિજેતા ટીમને વિજેતા ટ્રોફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા અને રનર્સઅપ ટીમને પણ શાનદાર પ્રદર્શન બદલ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં આ ક્રિકેટ મેચનું આયોજન ઉપલેટા પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું અને સંપૂર્ણ આયોજનની દેખરેખ ઉપલેટા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.કે. જાડેજા તેમજ પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ક્રિકેટ મેચને જોવા માટે ક્રિકેટ પ્રેમી જનતા તેમજ પોલીસ પરિવાર બહોળી સંખ્યામાં ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઉપસ્થિત રહ્યા હતા.(૧૩)

પૂર્વ ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાની રજૂઆત સફળ

અમરેલી અને વડિયા-કુંકાવાવના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૦ પેટા આરોગ્ય કેન્દ્ર બનાવાશે

રાજય સરકારે રૂપિયા ૩.૫૦ કરોડ જેવી રકમ મંજૂર કરતાં ખુશીનો માહોલ

(મિલાપ રૂપારેલીયા દ્વારા)

અમરેલી, તા.૨૧

અમરેલી તાલુકાના દેવળિયા, સાજીયાવદર, સરંભડા, કેરિયાનાગસ, મોટા માંડવડા તથા કુંકાવાવ-વડિયા તાલુકાના તોરી, મોટા ઉજળા, મેઘા પીપળિયા, ખડખડ, દેવગામ એમ બંને તાલુકાના મળી કુલ-૧૦ જેટલા ગામોમાં પેટા આરોગ્ય કેન્દ્ર કૌશિક વેકરિયાની મજબૂત રજૂઆતનાં કારણે મંજુર થયેલ છે. પ્રત્યેક પેટા આરોગ્ય કેન્દ્ર માટે રૂ.૩૫ લાખ લેખે કુલ-૧૦ આરોગ્ય કેન્દ્ર માટે રૂ. ૩ કરોડ ૫૦ લાખ જેવી રકમ મંજૂર થતા આગામી દિવસોમાં આ પેટા આરોગ્ય કેન્દ્રનાં બાંધકામની પ્રક્રિયા હાથ ધરાશે. ચાલુ વર્ષે આ દસ આરોગ્ય કેન્દ્ર માટે સરકાર દ્વારા રૂ.૧ કરોડની ફાળવણી બજેટમાં થઈ જતા ટૂંક સમયમાં આ તમામ પેટા કેન્દ્રોનાં બાંધકામ શરૂ થશે. બાકીની રકમની તબક્કાવાર ફાળવણી સરકાર દ્વારા કરવામાં આવશે તેમ કૌશિક વેકરિયાની યાદીમાં જણાવવામાં આવેલ છે.(૪)

ગીર સોમનાથ જિલ્લાના પત્રકાર હમીરસિંહ દરબારના પુત્ર ઉત્તમસિંહનો આજે જન્મદિવસ

ગીર સોમનાથ જિલ્લાના પત્રકાર હમીરસિંહ દરબારના લાડકવાયા પુત્ર દીકરી ઉત્તમસિંહનો આજે જન્મદિવસ ઉત્તમસિંહ આજે પાંચ વર્ષ પૂર્ણ કરી છઠ્ઠામાં વર્ષમાં મંગળ પ્રવેશ કરશે માતા મનીષાબા પિતા હમીરસિંહ તથા સર્વે પરિવારજનોના અપાર હેત પ્રેમ લાગણીઓથી પરિવારજનો ઉત્તમસિંહનો જન્મદિવસ સેવાકીય પ્રવૃતિઓ સાથે ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરશે.

રાજુલાઃ ગૌશાળામાં ચકલીઓના માળા તેમજ કુંડાઓનું વિતરણ કરાયું

(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા, તા.૨૧

રાજુલા શહેરના ભેરાઇ રોડ પર આવેલ બાપા સીતારામ ગ્લાસ અને શ્રી રામ અલંગ હાઉસ દ્વારા ગૌશાળાના લાભાર્થે ચકલીઓના માળા તેમજ પાણીના કુંડાનું વિતરણ કરવામા આવ્યું હતું.

વિશ્વ ચકલી દિવસ છે. ત્યારે ગૌશાળાના લાભાર્થે સુંદર મજાનું આયોજન કરવામા આવ્યું હતું. આ આયોજન મિત્ર મંડળના સહયોગથી કરવામાં આવી રહ્યું છે અને ૪૦૦ ચકલીના માળા તેમજ ૪૦૦ પાણીના કુંડાઓનું વિતરણ કરાયું હતું. અને લોકોનો સહકાર મળી રહેશે તો હજુ પણ આવનારા દિવસોમા ચકલીઓના માળા તેમજ કુંડાઓનું વિતરણ કરવામાં આવશે તેમ મિલનભાઈ નિમાવત દ્વારા જણાવેલ હતું.(૧૩)

રાજુલાઃ હીંડોરણા ગામના પુલ નજીક એસ.ટી. બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો

(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા, તા.૨૧

રાજુલાના હીંડોરણા ગામ નજીક પસાર થતો સોમનાથ-ભાવનગર નેશનલ હાઇ-વે પર ગઇરાત્રે એસટી બસ અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એસ.ટી. બસને નુકસાન થવા પામ્યું હતું અને મોટી દુર્ઘટના થતા ટળી હતી. અકસ્માત પગલે ટ્રાફિક જામ સર્જાયો હતો. વાહનોની લાંબી લાઇનો લાગી હતી.

આ ઘટનાની જાણ થતા રાજુલા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને પોલીસ દ્વારા ટ્રાફિક હટાવવામાં આવી હતી. એસ.ટી. બસ ચાલક હિતેન્દ્રસિંહ ઉદયસિંહ રાઠોડે ટ્રક ચાલક વિરૂધ્ધ રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વધુ તપાસ હેડ.કોન્સ જે.એસ. બસીયા ચલાવી રહ્યા છે.(૧૩)

રાજુલા-જાફરાબાદ પંથકમા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના પાકમા થયેલ નુકસાનનું વળતર આપવા સરપંચ એસો. દ્વારા રજૂઆત કરાઇ

(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા, તા.૨૧

રાજુલા-જાફરાબાદ અને ખાંભા પંથકમા કમોસમી વરસાદના કારણે ખેડૂતોના પાકને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયેલ છે અને ચણા, ઘઉં, બાજરો, જુવાર, તલ, કપાસ, ડુંગળી, ધાણા સહિતના પાકોમાં ભારે નુકસાન થયુ છે.

ત્યારે રાજુલા તાલુકા સરપંચ એસોસિએશન પ્રમુખ મનુભાઈ ધાખડાના અધ્યક્ષતામાં માર્કેટિંગ યાર્ડ ખાતે મિટિંગ મળી હતી. આ મિટિંગમાં રાજુલા તાલુકાના સરપંચો, સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ પ્રાંત અધિકારી કુલદીપસિંહ વાળા તેમજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને રજૂઆત કરવામાં આવી હતી.

જેમાં જણાવ્યું હતું કે, તાજેતરમાં કમોસમી વરસાદના પડેલ જેના કારણે ખેડૂતોના ખેતરમાં રહેલા પાકને ખૂબ જ નુકસાન થયેલ હોય જેથી તાત્કાલિક ધોરણે સર્વે કરાવી ખેડૂતોને યોગ્ય વળતર ચુકવવા માટે રજૂઆત કરવામા આવી હતી.(૧૩)

રાજુલાની ૧૦ પ્રાથમિક શાળાઓ ખાતે આરોગ્ય શિક્ષણ સાથે વ્યસનમુકિત ચિત્ર સ્પર્ધા યોજાઈ

(ધર્મેશ મહેતા દ્વારા)

રાજુલા, તા.૨૧

રાજુલા તાલુકાની ૧૦ પ્રાથમિક શાળાઓમા વ્યસનમુક્તિ કાર્યક્રમ તથા તમાકુ નિષેધ ચિત્ર સ્પર્ધાના આયોજન કરાયું હતું. જેમાં લોકોને વ્યસનમુક્ત કરવા માટેના પ્રયત્નો ટોબેકો કાઉન્સેલર રિયાજભાઈ મોગલ અને સામાજીક કાર્યકર નરેશભાઈ જેઠવા દ્વારા કરાઇ છે. લોકોમાં જાગૃતિ આવે અને લોકો વ્યસનમુક્ત બને તે માટે રાજુલા તાલુકાની ૧૦ શાળાઓમાં વ્યસનમુક્તિ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૫૫૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની આવડત મુજબ ચિત્રો દોર્યા હતા.

તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપેલ શાળા દીઠ કુલ ૬ શાળાના ૬૦ જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ ઉપયોગી ઈનામો આપી સન્માનીત કરાયા હતા.

રાજુલા તાલુકા હેલ્થ ઓફિસર ડો.એન.વી.કલસરીયા દ્વારા જણાવી દરેક વિદ્યાર્થીને તમાકુ મુક્ત રહેવા અને પોતાના પરિવારને પણ વ્યસનમુક્ત રહેવા અનુરોધ કર્યો હતો.(૧૩)

રાજકોટ મનપા અને રાજકોટ પોલીસના સહયોગથી

શનિવારે રાજકોટમાં યોજાનાર નાઈટ હાફ મેરેથોન સંદર્ભે બીબ એકસ્પોનું ભવ્ય આયોજન

રમતગમત મંત્રી અને ગૃહરાજય મંત્રી હર્ષ સંઘવી અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા દ્વારા નાઈટ હાફ મેરેથોનનું ઉદ્‌ઘાટન અને ફલેગ ઓફ કરાશે

ડ્રગ્સ વિરોધી અભિયાન સંદર્ભે શાળાઓના ૫૦૦૦ વિદ્યાર્થીઓ પેઈંટીંગ કોમ્પિટિશનમાં ભાગ લીધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

રાજકોટ રનર્સ એસોસિએશન અને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ મેનેજમેન્ટ એસોસિએશનના સંયુકત ઉપકમે રાજકોટ પોલીસ અને રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી સૌરાષ્ટ્રમાં પ્રથમ વાર ડ્રગ્સના સેવન વિરુદ્ધ જાગરુકતા લાવવાના શુભ આશય સાથે આગામી તા. ૨૫ માર્ચને શનિવારના રોજ રાત્રે ૧૦ કલાકે રાજકોટના રેસકોર્ષ મેદાન ખાતેથી નાઇટ હાફ મેરેથોનનું ઉદ્‌ઘાટન અને ફલેગ ઓફ ગુજરાતના રમતગમત મંત્રી અને ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી અને કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા દ્વારા કરવામાં આવશે. ડ્રગ્સ વિરોધી અભિયાન વિષય અંતર્ગત યોજયેલ ચિત્ર સ્પર્ધામાં 'નો ડ્રગ્સ, સે નો ટુ ડ્રગ્સ' સ્લોગનનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓએ તેમની મૌલિક કલ્પનાશકિતથી બનાવેલા ચિત્રોમાં રંગો ભર્યા હતા. આ ડ્રોઈંગ કોમ્પિટિશનનો રાજય મંત્રી હર્ષ સંઘવી, કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટના મેયર ડો.પ્રદિપ ડવ, રાજયસભા સાંસદ રામભાઇ મોકરીયા, રાજકોટના સાંસદ મોહનભાઇ કુંડારીયા, રાજકોટના ધારાસભ્યો ઉદયભાઇ કાનગડ, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઇ ટીલાળા, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી. મહેતા, મહામંત્રી પરિમલભાઈ પરડવા મહામંત્રી પુષ્કરભાઇ રાવલ, પૂર્વ જીલ્લા પ્રમુખ અજયભાઈ પટેલ, ઝોન ઉપપ્રમુખ સુદીપભાઇ મેહતા, શ્રીકાંત તન્ના, રાજકોટ રનર્સ એસોસિએશનના પ્રમુખ ડો.અજીતસિંહ વાઢેર, સેક્રેટરી ડો.દેવેન્દ્ર રાખોલીયા, પુનિતભાઇ કોટક, ડો.દિમિ મહેતા, રવિભાઇ ગણાત્રા, સનતભાઇ માખેચા, દિપેનભાઇ પટેલ અને મેહુલભાઇ નથવાણીના માર્ગદર્શનમાં રનર્સ એસોસિએશન, શાળા સંચાલક મંડળ ઉપરાંત રાજકોટની વિવિધ સ્વયંસેવી સંસ્થાઓના વોલીયનટર્સ, રાજકોટ પોલીસના અને રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. તેમ જણાવ્યું છે.(૧૩)

હેતુ યુવા વર્ગને ડ્રગ્સના સેવનથી રોકવા, સમાજનો ઉધ્ધાર કરવા, તંદુરસ્તીભર્યું જીવન જીવવા અને પોઝિટિવ થીંકીંગ તરફ લઈ જવાનો હતો. આ સ્પર્ધામાં રાજકોટની શાળાઓના ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ ચિત્રોને બીબ એકસ્પોમાં પ્રદર્શીત કરાશે.

આ નાઇટ હાફ મેરેથોનનું ઉદઘાટન અને ફલેગ ઓફ સેરેમનીમાં ગુજરાતના રમતગમત મંત્રી અને ગૃહ શહેર ભાજપા પ્રમુખ કમલેશભાઇ મિરાણી, રાજકોટ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, રાજકોટ જીલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુ, મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરા સહિતના વિવિધ શ્રેત્રના મહાનુભાવો અને અધિકારીઓ ખાસ ઉપસ્થિત રહી આયોજકો અને પ્રતિયોગીઓનો ઉત્સાહ વધારશે.

આ નાઇટ હાફ મેરેથોનના અયોજનને સફળ બનાવવા રાજકોટ

આવતીકાલે શ્રીનાથધામ હવેલી ખાતે ફૂલન બંગલા મનોરથ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

આવતીકાલ તા.૨૨ માર્ચને બુધવારના રોજ ચૈત્ર સુદ-૧ છે. આ દિવસને પુષ્ટિ સંપ્રદાયમાં સંવત્સર તરીકે ઉજવવામાં આવે છે. સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ માટે આ દિવસ એક અનોખો ઉત્સવ બની રહે છે. આ સંવત્સરોત્સવ નિમિત્તે **vyo** શ્રીનાથધામ હવેલી ખાતે આવતીકાલે શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહોદયશ્રીના મનોરથ સ્વરૂપે - શ્રી ઠાકોરજી સુખાર્થે ફૂલન બંગલા મનોરથનું આયોજન કરવામાં આવ્યું છે.

આવતીકાલે સાંજે ૭ કલાકે વૈષ્ણવોને આ મનોરથ દર્શનનો લાભ પ્રાપ્ત થશે સાથોસાથ પૂજ્યશ્રીના કેસર સ્નાનનો અલૌકિક લ્હાવો પણ મળશે. આ તકે રાજકોટની સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને આ અવસરનો લાભ પ્રાપ્ત કરવા વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન **(vyo)** દ્વારા અનુરોધ કરવામાં આવે છે.(૧૩)

ઈવનિંગ પોસ્ટના સિનિયર સિટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

સરગમ કલબ સંચાલિત સિનિયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટમાં આગામી તા.૨૩ ગુરૂવારના રોજ ૫:૩૦ કલાકે એક શામ સૈનિકો કે નામ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના



વગર પ્રવેશ નહીં મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, અને સુરેશભાઈ વ્યાસ જહેમત ઉઠાવી રહ્યા છે.

ઈવનિંગ પોસ્ટમાં નવા સભ્યો થવા માટેનો ફોર્મ વિતરણ ચાલુ થઇ ગયેલ છે. આગામી તા.૧ એપ્રિલથી ફોર્મ ભરવાનું ચાલુ થઇ જશે. ફોર્મ ભરવાનું અને ફોર્મ મેળવવાનું સ્થળ સિનિયર સિટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ (ચૌધરી હાઈસ્કૂલ પાસે, **R.D.C.** બેંકની બાજુમાં મો.૨૨૨૮૯૯૦) ફોર્મ ભરવાનો સમય સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ રહેશે. તેમ જણાવ્યું છે.(૧૩)

માધવપુર મેળાની ઉજવણી સંદર્ભે

રાજકોટ શહેર અને જિલ્લાના મંદિરો-હવેલીઓને શણગારવા અને ઉજવણીના આયોજન અર્થે મળેલી બેઠક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પોરબંદર પંથકના માધવપુર (ઘેડ) ખાતે આગામી તા.૩૦ માર્ચથી તા.૩ એપ્રિલ દરમ્યાન યોજનાર મેળાની ઉજવણી સંદર્ભે રાજકોટ શહેર અને જિલ્લાનાં આવેલા મંદિરો-હવેલીઓને પણ શણગારવામાં અને રોશની કરવા જેવી બાબતોના આયોજન અર્થે જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી.

આ બેઠકમાં વલ્લભાશ્રય હવેલીના ગોસ્વામી અભિષેક કુમાર, બાલકૃષ્ણ દાસજી હવેલીના અલ્કેશ વ્યાસ ઇસ્કોન સંસ્થાના અનિકેત દાસ, સ્વામિનારાયણ સંસ્થા, સર્વોત્તમ સેવા સંસ્થાના પ્રતિનિધિ વગેરે ઉપસ્થિત રહી આગામી દિવસોમાં તેઓ દ્વારા હાથ ધરાનાર કાર્યક્રમો અંગેની વિગતોની જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત આગામી તા.૧ એપ્રિલના રોજ રાજકોટ શહેર અને જિલ્લામાંથી સાધુ-સંતો, વૈષ્ણવ સંપ્રદાયના ભક્તો ઇસ્કોન મંદિરના અનુયાયીઓ વગેરે માધવપુરના મેળાને માણવા માટે ઈચ્છા ધરાવનાર માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે. આજની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી નિવાસી અધિક કલેક્ટર કેતન ઠક્કર પ્રાંત અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.(૧૩)

અવતાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરાઈ

(હુસામુદ્દીન કપાસી દ્વારા)

જસદણ, તા.૨૧

અવતાર ચેરીટેબલ ટ્રસ્ટ જસદણમાં ૨૦ માર્ચ ચકલી દિવસની ઉજવણી વિનામૂલ્યે ચકલીઘરનું વિતરણ કરીને કરી હતી અને સાથે સાથે પાણીના કુંડા તથા ચણની ડીશનું પણ રાહત દરે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ નિમિત્તે ખૂબ જ મોટી સંખ્યામાં લોકો ચકલીઘર લેવા માટે વિતરણ સ્થળે આવ્યા હતા. જેમાં ૮૪૦ જેટલા ચકલીઘરનું વિનામૂલ્યે અવતાર ટ્રસ્ટ દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટના આવા પ્રયત્નો દ્વારા જસદણ શહેરમાં ચકલીઓની સંખ્યામાં ખૂબ જ વધારો જોવા મળી રહ્યો છે, તેવું પક્ષી પ્રેમીઓ જણાવી રહ્યા છે.(૧૩)

વડિયાની શાળાઓમાં ચકલીઓના માળાનું વિતરણ કરાયું

શાળાના બાળકોને જીવસૃષ્ટિ બચવવા અપાયું માર્ગદર્શન

(કિરીટ જોટવા દ્વારા)

વડિયા, તા.૨૧

વડિયામાં સુલાતનપુરના વિરા ગ્રુપ દ્વારા વડિયાની તમામ પ્રાથમિક શાળાઓમાં ચકલીના માળાઓનું વિતરણ કરી અને જૈવિક વિવિધતા બાબતે અને ચકલી બચાવો અભિયાન બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા.

આ તકે ઉનાળાની ઋતુમાં ઘરે ચકલી માટે ચણ અને પાણીના કુંડા બાંધવા પણ અનુરોધ કરવામાં આવ્યો સાથે દરેક બાળકનું ઘર ચકલીના વસવાટનું ઘર બને તેવા શુભ ઉદ્દેશથી ચકલીના માળાનુ પણ વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોએ પણ ચકલીના માળા અને પાણીના કુંડા પોતાના ઘરે બાંધીને ચકલીને બચાવવા અને તેનું પ્રમાણ જાળવવા માટે ખૂબ સારો પ્રતિભાવ આપ્યો હતો.(૧૩)

'આત્મમંથન'

રીલ અને રીયલ

ઘણીવાર કોઈક અજીબોગરીબ ઘટના બને, ન્યુઝમાં ચમકે, ચર્ચાનું કેન્દ્ર બને પણ જો એવું જ કંઈક આપણાં જીવનમાં કે આપણાં પોતાનાં લોકોનાં જીવનમાં બને તો ગમે?

કોઈ ફિલ્મમાં બતાવાય છે એમ લગ્ન લેવાયાં હોય, ચારે બાજુ ખુશીનો માહોલ હોય, લગ્નમાં મહાલતા લોકોનાં ચહેરા પર ખુશી સમાતી ના હોય અને એવામાં જાણવાં મળે કે છોકરો એટલે કે વરરાજા અથવા છોકરી એટલે કે નવવધૂ કોઈ બીજી વ્યક્તિ સાથે ભાગી ગયો/ ગઈ કારણ એ બન્ને પ્રેમમાં હતાં, ફિલ્મમાં તો બે પ્રેમી છેલ્લે યેનકેન પ્રકારે મળે એટલે આપણે ખુશ, ટિકીટના પૈસા વસૂલ પણ હકીકતમાં? હકિકતમાં એવું નથી થતું? ત્યાં જે યુવક કે યુવતી લગ્નના મંડપમાં રાહ જોતી રહી જાય એ વ્યક્તિ માટે આપણને સહાનુભૂતિ થાય પણ જો એ વ્યક્તિ આપણી નિકટની વ્યક્તિ હોય તો તો પેલાં પ્રેમી પંખીડા પર ગુસ્સો જ આવે. ફિલ્મોમાં માતા પિતા સામે બળવો કરીને એકબીજા મનો હાથ પકડી ને પ્રેમનું પ્રદર્શન કરતાં હિરો-હિરોઈન પર આપણે ફિદા થઈ જઈએ છીએ પણ એવું જ વર્તન આપણાં ભાઈ-બહેન કે દિકરો-દિકરી કરે તો? તો આપણે બેશરમ, આમ તો કંઈ કરાતું હશે એવું ચોક્કસ બોલી ઉઠશુ, ત્યાં આપણે થ્રીલ કે એક્સાઈટમેન્ટ નહીં પણ ગિલ્ટ કે શેમ અનુભવશુ, આપણને તકલીફ થશે એમનાં આવાં વર્તનથી એમાં કોઈ શંકા નથી.

(મમતા પટેલ-મુંબઈ)

આ તો થઈ લગ્નની વાત, હવે આવી જ એક બીજી વાત જોઈએ.

આપણે શાળામાં ભણતાં ત્યારે એક પાઠ આવતો, સરદાર પટેલ એક લોખંડી પુરુષ, તેઓ કોર્ટમાં કેસ લડતાં હતાં ને એક ટેલીગ્રામ આવે છે કે એમના પત્નીનું નિધન થયું છે, તેઓ એ ટેલીગ્રામ ની ઘડી વાળીને પોકેટમાં મૂકે છે અને કેસ લડવાનું ચાલું રાખે છે, વાંચવું ગમતું, કેટલું મજબૂત મનોબળ હશે એમનું એવું વિચારવું પણ ગમતું પણ શું આવું જ આપણો ભાઈ કે બનેવી એની પત્નીનાં નિધન પર કે પછી આપણાં પિતા આપણી માતાનાં મૃત્યુ પર વર્તન કરે તો આપણને ગમશે? શો મસ્ટ ગો ઓનમાં ગમે તેટલું માનીએ પણ ત્યારે એ ઉક્તિ આપણને ગમશે? આવું કરનારી વ્યક્તિ ત્યારે મજબૂત મનોબળ વાળી લાગશે કે પછી લાગણી શૂન્ય?

એમાંય કોઈ પુરુષ કરે ત્યાં સુધી તો ઠીક પણ કોઈ સ્ત્રી કરે તો? તો તો સમાજ એનાં પર થૂ થૂ કરશે.

અને એટલે જ વાર્તાઓમાં વાંચવું, સિનેમામાં જોવું, સિરિયલમાં જાણવું કે **OTT** પર માણવું એક વાત છે અને વાસ્તવિક જીવનમાં અનુસરવું એ એક બીજી વાત છે.

પોતાને સુધારાવાદી ગણાવતાં લોકોને મારે પૂછવું છે કે જો એમનો દીકરો શેરીમાં ઝાડું મારતી મહિલાની દિકરીને પરણી આવે તો એનો હોંશે હોંશે સ્વિકાર કરશે?

અથવા ઉલટું પોતાની ભણેલી ગણેલી સ્માર્ટ દિકરી કોઈ આદર્શવાદી ઓછું કમાતી અને ફક્ત આદર્શોમાં જ રાચતી વ્યક્તિને પતિ તરીકે પસંદ કરશે તો ગમશે?

કાલ્પનિક જીવન અને વાસ્તવિક જીવન વચ્ચેનું અંતર લોકોએ સમજવું પડે.

ખાસ નોંધ: સરદારનું ઉદાહરણ એમણે જે કર્યું એ ખોટું કર્યું હતું એવાં ઉદ્દેશથી નથી આપ્યું પણ આવું ના તો આપણે કરી શકીએ અને ના તો કોઈ કરે એ આપણને ગમે , ફક્ત એ સમજાવવા લખ્યું છે , ક્ષમા ..

આપણું કોઈ વર્તન એવું તો નથી ને કે જે આપણને કરવું તો ગમે છે પણ કોઈ આપણી સાથે કરે તો ના સહી શકીએ. ક્યાંક કોઈ જગ્યાએ આપણે રીલ અને રીયલ વચ્ચે નો ફરક ભૂલતાં તો નથી ને?

આત્મમંથન કરતાં રહેજો મિત્રો..

પિતા દ્વારા કરેલ બાળકની વચગાળાની કસ્ટડી નામંજૂર

એડવોકેટ: બકુલ રાજાણી

એડવોકેટ: કોમલ રાવલ,

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧: હિનાબેન સોહીલભાઈ લાલાણીએ પોતાના પતિ તેમજ સાસરીયા વિરૂધ્ધ ધરેલુ હિંસા ધારા-૧૨ મુજબની અરજી કરેલ. જે કેસમાં વચગાળા પેટે કોર્ટે ભરણપોષણ મંજુર કરેલ. આ કેસમાં સામાવાળાઓ એટલે કે અરજદારના પતિ સોહિલ સુલતાનભાઈ લાલાણી દ્વારા ધરેલુ હિંસા ધારાની કલમ-૨૧ મુજબ પોતાના બાળકની વચગાળાની કસ્ટડી માટે અરજી કરેલ. આ અરજી ચાલી જતા અરજદારના એડવોકેટએ દલીલ કરેલ કે સામાવાળાઓને આ કાયદાની કલમ-૨૧ મુજબ અરજી કરી શકે નહીં. કાયદો સ્પષ્ટ છે કે, ભોગ બનનાર અરજદાર જે કલમ-૨૧ મુજબ કરી શકે જે દલીલ માન્ય રાખી રાજકોટની કોર્ટ દ્વારા કલમ-૨૧ મુજબની અરજી સામાવાળાની રદ કરેલ છે.

આ કેસમાં અરજદાર વતી રાજકોટના સિનિયર ધારાશાસ્ત્રી બકુલ વી.રાજાણી, આર.ડી.ગોહીલ,પ્રકાશ પરમાર, કોમલ વી.રાવલ, હર્ષ ધીયા, વિજયસિંહ ઝાલા, ઈન્દ્રવિજયસિંહ રાઓલ રોકાયેલ.

અને કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

કાલે કે.એસ.પી.સી. ખાતે લેબર કાયદાના ચાર નવા કોડ અંગે એક દિવસીય સેમિનાર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલ ખાતે આવતીકાલ તા.૨૨ માર્ચને બુધવારના રોજ કાઉન્સીલના બાન હોલ ખાતે સમય સવારે ૧૦ થી ૬ માં એક દિવસીય સેમિનારનું ખુબ જ સુંદર આયોજન કરેલ છે. જેમાં ચાર નવા લેબર કોડ વિશે નિષ્ણાંત વક્તાઓ જાણકારી આપશે.

આ સેમિનારનું આયોજન કાઉન્સીલના પ્રમુખ હસુભાઈ દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

આ નવા ચાર લેબર કોડ જેમાં (૧) સોશિયલ સિક્યુરીટી કોડ ૨૦૨૦, (૨) સેફટી,હેલ્થ એન્ડ વર્કિંગ કંડીશન કોડ ૨૦૨૦, (૩) ઈન્ડસ્ટ્રીઅલ રિલેશન્સ કોડ ૨૦૨૦ અને (૪) ધી વેજીસ કોડ ૨૦૧૯ નો સમાવેશ થાય છે. ૨૯ કેન્દ્રિય શ્રમ કાયદાઓને આ ચાર કોડમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેના કારણે કાયદાઓમાં રહેલ ગુંચવણો દુર કરવામાં આવેલ છે. જેની વિસ્તૃત માહિતી આ સેમિનારમાં આપવામાં આવશે. આ સેમિનારમાં ગુજરાતમાંથી અલગ-અલગ કંપનીઓના અધિકારીઓ અને કંપનીના ડાયરેકટરો ભાગ લેનાર છે. તથા હાલ બધી જ સીટ ફુલ થઈ ગયેલ છે. તેથી નવા રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહીં જેની નોંધ લેવી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

પોદાર જમ્બો કીડઝના ઓનર તથા ટીચરોનું સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૧

બોમ્બેથી ખાસ પધારેલ પોદાર જમ્બો કીડઝના નેશનલ ફ્રેન્ચાઈઝી મેનેજર જલ્પા શર્મા, નેશનલ ફ્રેન્ચાઈઝી ચીફ મેનેજર નયના શાહ, માસ્ટર ફ્રેન્ચાઈઝી ગુજરાતના મોનીશા પંજાબી તથા વિધિ મેમ ટ્રેઈનીંગ આપવા માટે રાજકોટમાં પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં ગત તા.૧૯ માર્ચ રવિવારના રોજ સવારના ૯ થી સાંજે ૫ દરમ્યાન હાજર રહ્યા હતા.

આ ટ્રેઈનીંગમાં બાળકોની એકટીવીટી તથા કોર્ષ પ્રમાણે કેવી રીતે કરાવવી તે સુંદર રીતે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.

આ તબકકે રાજકોટ-જામનગર-ધોરાજીથી ટીચર્સો બધા ટ્રેનિંગ લેવા માટે એકત્રિત થયા હતા. જેનાથી પોદાર જમ્બો કીડઝના

અક્ષરમાર્ગમાં અમારા ૩ ટીચર્સ તથા ઓનરનું સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

(૧) પુષ્પાબેન રાઠોડ-પોદાર જમ્બો કીડઝ અક્ષરમાર્ગ ઓનર (૨) મીનાબેન મોરઝરીયા (૩) ભાવનાબેન ગેરીયા (૪) કીંજલબેન બાવીસી

આ તબકકે દીપુદીદી, કિંજલ મહેતા, કાજલ બુધ્ધદેવ, નમ્રતા સાતા, ધારા સારણીયા, માહિરાદીદી આ બધાને પણ સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

પોદાર જમ્બો કીડઝ અક્ષરમાર્ગ દ્વારા આખા વર્ષમાં બાળકોને ૨૦ થી વધારે ફીલ્ડટ્રીપ, ડાન્સીંગ, યોગા, જીમ્નાસ્ટીક, પર્સનાલીટી, જનરલ નોલેજ જેવી અનેક એકટીવીટી કરાવવામાં આવે છે.(૧૩)

શહેરી સ્ત્રીઓમાં ગ્રામ્ય સ્ત્રીની સરખામણીમાં વધુ ડિપ્રેશન, ગૃહિણીઓની તુલનાએ વ્યવસાયી સ્ત્રીઓમાં સ્ટ્રેસનું પ્રમાણ બમણું

મનોવિજ્ઞાન ભવનના અધ્યાપક ડો.ધારા દોશીના માર્ગદર્શનમાં પીએચડી વિદ્યાર્થીની વરૂ જીજ્ઞા અને મોર ભારતી એ ૧૧૪૩ સ્ત્રીઓ પર સર્વે કર્યો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય રાજકોટ) રાજકોટઃ આજના આધુનિક યુગમાં જયારે લોકો સમય સાથે દોડવાનો પ્રયત્ન કરતા હોય છે ત્યારે દરેક વ્યક્તિનાં જીવનમાં ક્યારેકને ક્યારેક ડિપ્રેશનનો સામનો કરવો પડતો હોય છે. જ્યારે વ્યક્તિના જીવનમાં કોઈ એવો અણગમતો પ્રસંગ આવે કે બનાવ બને ત્યારે લોકોમાં દુઃખની લાગણી આવે છે અને મુખ્યત્વે જોઈએ તો સ્ત્રીઓમાં ડિપ્રેશનનું પ્રમાણ વધારે જોવા મળે છે. પારીવારિક જવાબદારીઓ અને વધતી ઉંમર સાથે શારીરિક ફેરફાર દરમિયાન સ્ત્રીઓમાં વધુ ડિપ્રેશનનો ભોગ બને છે. મનોવિજ્ઞાન ભવનના અધ્યાપક ડો.ધારા દોશીના માર્ગદર્શનમાં પીએચડી વિદ્યાર્થીની વરૂ જીજ્ઞા અને મોર ભારતી એ ૧૧૪૩ સ્ત્રીઓ પર સર્વે કર્યો.સ્ત્રીની પડતી અપેક્ષા, પ્રીત પામવા સમર્પણ, પુરૂષને આકર્ષવાનો ખોટો પ્રયત્ન તથા પુરૂષ વિરોધી ચળવળો ડિપ્રેશનનું પ્રમાણ વધારવા માટે જવાબદાર છે. કેટલીક સ્ત્રીઓ કુંવારી અવસ્થામાં નવલકથા ફિલ્મી પાત્રોને મનોમન આદર્શ માની લે છે એવી સ્ત્રીની જીવનસાથી પાસેની અપેક્ષાઓ વાસ્તવિકતાથી બહુ વેગળી હોય છે. કેટલીક સ્ત્રી જાતને પ્રેમ કરવા માટે બીજાનો સહારો શોધે છે. કુંવારી અવસ્થાથી વસ્ત્રો દ્વારા, વાતો દ્વારા નાટયાત્મક વર્તનો પુરુષોનું ધ્યાન ખેંચે છે. આપણે ત્યાં સ્ત્રીઓમાં ડિપ્રેશનનું પ્રમાણ બમણું હોવા પાછળ દાંમ્પત્ય જીવનના પ્રશ્નો જવાબદાર ગણી શકાય.સ્ત્રીની પરંપરાગત ભૂમિકામાં પરિવર્તન આવવું. સ્ત્રીઓનું નોકરી અથવા રોજગારી માટે ઘરની બહાર નીકળવું ,સયુંકત કુટુંબનું વિચ્છેદન તથા આધુનિક જીવનશૈલી જેવા પરિબળો જવાબદાર ગણાય છે. ભિન્ન વાતાવરણમાંથી આવેલા અલગ-અલગ સ્વભાવનાં સ્ત્રી-પુરૂષ જ્યારે લગ્ન-ગ્રંથિથી જોડાઈને ઘરમાં સાથે રહે છે. ત્યારે તેમની જીવનશૈલીમાં અનેક પડકાર અને પરિવર્તન આવે છે તથા બંને પક્ષે જવાબદારીઓ નિભાવવાની હોય છે.અને એકબીજા સાથે તાલમેલ સાધવાનો હોય છે. ત્યારે સ્ત્રીઓમાં ડિપ્રેશન વધુ જોવા મળતું હોય છે.

સ્ત્રીઓમાં કૌટુંબિક સંબંધોમાં દાંમ્પત્ય સંબંધ સૌથી વધુ જટિલ હોય છે અને તેથી તેમાં ડિપ્રેશન સર્જાવાની શક્યતા પણ સૌથી વધુ રહે છે. જાતિય સંબંધ તથા જાતિય સમસ્યાઓ પણ દામ્પત્યજીવનમાં વિષાદ અને કંકાસનું કારણ બની શકે છે. આવી પરિસ્થિતિમાં પણ ડિપ્રેશન સ્ત્રીઓમાં વધુ પડતું જોવા મળે છે. આ અંગે જો સ્ત્રીઓ ખુલીને વાતચીત ના થાય તો તેમની વચ્ચેના સંબંધો વધારે કડવાસભર્યા બની શકે છે.

ઘરને મંદિરની ઉપમા આપવામાં આવે છે. જ્યાં પરિવારના સભ્યો એક બીજા સાથે પ્રેમથી હળીમળીને રહે છે. પરંતુ અનેક કારણોસર પરિવારના સભ્યો વચ્ચેના આ મીઠાં સંબંધો કડવા થઈ જાય છે,અને પરિવારમાં સંઘર્ષ જન્મે છે. ત્યારે અમૂક અંશે ડિપ્રેશનનાં સંકેતોનો ઉદ્ભવ થાય છે. બીજીતરફ સ્ત્રીઓ બાળકોના ઉછેર અને ઘર સંચાલનની જવાબદારીમાં જ વીતતા જીવનથી અસંતુષ્ટ રહે છે. કારણ કે આ બધાની વચ્ચે એ પોતાની અલગ ઓળખ નથી ઊભી કરી શકતી. લગભગ સ્ત્રીઓમાં અપેક્ષાઓ અને હસ્તક્ષેપને કારણે ને વધુ ડિપ્રેશનનું પ્રમાણ જોવા મળે છે. આજે ખાસ કરીને મોટાં શહેરોમાં જીવન વધુમાં વધુ જટિલ અને વ્યસ્ત બનતું જાય છે. જીવન સતત તનાવપૂર્ણ બનવાને કારણે ડિપ્રેશનનો પ્રકોપ વધી રહ્યો છે. જયારે જીવન સરળ હતું તથા અતિશય વ્યસ્તતા ન હતી ત્યારે ડિપ્રેશનનો પ્રકોપ પણ ઓછો હતો. ક્યારેક પત્ની, ક્યારેક માતા, તો ક્યારેક ઓફિસના કર્મચારી તરીકેની ભૂમિકાઓ વચ્ચે મહદઅંશે સ્ત્રીઓમાં ડિપ્રેશન વધુ ને વધુ જોવા મળે છે.પોતાની ક્ષમતાઓ છતાંય તેને હંમેશા અન્યાયપૂર્ણ અને પક્ષપાતપૂર્ણ ભાવનાઓનો સામનો કરવો પડે છે.સતત મહેનત છતાંય ઓછો પગાર મળે છે. આ કારણે પણ કેટલીકવાર તો યોગ્યતા હોવા છતાં તેને એક સ્ત્રી હોવાને લીધે પ્રમોશનથી વંચિત રાખવામાં આવે છે. આ ઉપરાંત સહકર્મચારીઓનાં અભદ્ર વર્તનનો પણ શિકાર બનવું પડે છે.

હોર્મોન્સમાં થતા ફેરફાર સૌથી જવાબદાર..

(૧) માસિક ધર્મ ચાલુ હોય ત્યારે ૬૮% સ્ત્રીઓ ખૂબ જ સ્ટ્રેસ અનુભવે છે.
(૨) લગ્ન થાય ત્યારે ૫૬% સ્ત્રીઓ અત્યાધિક સ્ટ્રેસમાં હોય છે.
(૩) ગર્ભવતી હોય ત્યારે અને બાળક જન્મે ત્યારે ૫૫.૮૦% સ્ત્રીઓ અત્યાધિક તણાવ અનુભવે છે.
(૪) માસિક બંધ થાય ત્યારે એટલે કે મોનોપોજ આવતા ૭૨% સ્ત્રીઓ સ્ટ્રેસ, હતાશા અનુભવે છે.

ડિપ્રેશન

(૧)હોર્મોન્સની વધઘટને કારણ ૨૨.૪૧% સ્ત્રીઓ ડિપ્રેશન અનુભવે છે.
(૨) પૂરતી સ્વતંત્રતા ન મળવાને કારણે ૩૨.૪૦% સ્ત્રીઓ ડિપ્રેશન અનુભવે છે.

રસ નો પડવો (અરૂચિ)

ડિપ્રેશનનાં કારણે અનેકવાર કોઈ વાતમાં રસ જ ન લે.આવી સ્ત્રી પોતાના રોજિંદા કાર્યો તથા આસ-પાસનાં લોકો સાથેનાં વર્તન બંધ કરતી હોય છે એવું પણ મળે છે કે ડિપ્રેશનનાં કારણે કોઈ વાતમાં ધ્યાન કેન્દ્રિત ન કરી શકે.

(૨)પૂરતી ઊંઘના અભાવને કારણે ૨૮% સ્ત્રીઓ ડિપ્રેશન નો ભોગ બને છે

ઊંઘનું મહત્ત્વ વધારે છે. સ્ત્રીઓમાં ડિપ્રેશન બે રીતે અસર કરે છે. એક તો ઊંઘ આવવાનું બંધ થઈ જાય છે અને બીજી કે ઊંઘ સતત આવતી જ હોય છે આવું જયારે બનતું હોય છે ત્યારે સ્ત્રીઓમાં ડિપ્રેશનનો સંકેત દેખાય છે.

(૪) ૩૬.૯૦% સ્ત્રીઓ ઘરની જવાબદારીઓ લીધે ડિપ્રેશન અનુભવે છે.

આખો દિવસ ઘર અને બહારની દોડાદોડીમાં સ્ત્રીઓ થાકનો અનુભવ તો કરતી જ હોય છે. પરંતુ વધારે પડતો જો અનુભવે ડિપ્રેશનનાં લક્ષણો ગણી શકાય છે.

(૫)આત્મવિશ્વાસ ઘટી જવાના કારણે ૪૫% સ્ત્રીઓમાં ડિપ્રેશન થાય છે.

ડિપ્રેશનના કારણે આત્મવિશ્વાસ સ્ત્રીમાં ઓછો થતો જોવા મળે છે. પોતાની જ અવગણના કરતી જોવા મળે છે. ભૂતકાળના એવા-એવા પ્રસંગોને યાદ કરીને પોતાની જાતને દોષી માનતી હોય છે ત્યારે તેની પાસે બેસીને પોતાને આત્મવિશ્વાસ આપે તેવી વ્યકિતની જરૂર હોય છે. વ્યકિતનાં તેના મનમાં આત્મહત્યાનાં વિચારો પણ આવે છે તેના જીવનમાં કોઈ ધ્યેય નથી જોવા મળતા. જીવનનું કોઈ મૂલ્ય જ નથી એવું વિચારે છે.

(૬) રોજીંદા આહારમાં પરિવર્તન થી ૫૪% સ્ત્રીઓ ડિપ્રેશન અનુભવે છે.

કેટલીકવાર ડિપ્રેશનની પરિસ્થિતિમાં સ્ત્રીઓમાં આહારની બાબત પ્રભાવિત કરતી હોય છે. પોતાની જાતને વધારે પડતી સારી હોવાનું માનતી સ્ત્રીઓ બહુ વધારે પડતો આહાર લે છે અને ડિપ્રેશનમાં આવીને દુઃખી હોય છે.ત્યારે સ્ત્રીઓ આહાર લેવાનું ટાળતી હોય છે આ બંને પરિસ્થિતિમાં ડિપ્રેશનનો પ્રભાવ રોજીંદા આહારમાં પરિવર્તન લાવી શકે છે.

સ્ત્રીઓમાં ડિપ્રેશનનું વધુ પ્રમાણ

ડિપ્રેશનના દર્દીઓમાં સ્ત્રીઓનું પ્રમાણ કેમ વધારે હોય છે? એ બાબત પર ધ્યાન દોરવું જોઈએ. પુરુષો કરતા સ્ત્રીઓમાં સંબંધોમાં વધુ પડતી અપેક્ષાઓ જોવા મળે છે. ૧૦ પુરુષોમાં ૧.૮૦ પુરુષ અને ૧૦ સ્ત્રીઓમાં ૭.૨૦ સ્ત્રીઓ ડિપ્રેશનનો ભોગ બનતી હોય છે.

ડિપ્રેશન દૂર કરવાના ઉપાયો

(૧) એવા કામો કરો જે તમને રિલેક્સ કરે,ઉર્જા આપે અને ફીલ ગુડ ફેક્ટર કરાવે

અહીં હેલ્ધી લાઈફ સ્ટાઈલ અનુસરવું. સ્ટ્રેસને સારી રીતે મેનેજ કરી શકાય તે શીખવું. તમે જે કરી શકતા હોય તે મર્યાદા નક્કી કરી અને તમારા દિવસમાં આનંદદાયક પ્રવૃતિઓનું શિડયુલ ગોઠવવા જેવી સામાન્ય બાબતોનો સમાવેશ કરી શકાય છે.

(૨) આઠ કલાક ઊંઘ કરવાનું લક્ષ્ય રાખો

ડિપ્રેશનથી ઊંઘની સમસ્યા સાથે સીધો સંબંધ છે.જો તમે ઓછી ઊંઘ કરતા હોય,વધુ ઊંઘ કરતા હોય તો તે તમારા મૂડને અસર કરે છે. ઊંઘની સારી ટેવ પાડીને સારું અને હેલ્ધી ઊંઘવાનું શિડયુલ ગોઠવો.

(૩) હળવાં થવાની ટેક્નિકસની પ્રેકટિસ કરો

યોગ,ઊંડા શ્વાસ લેવા, મસલ્સ રિલેકસ કરવા જેવી કસરતો અથવા મેડિટેશન જેવી રોજિંદી કવાયત કરો ડિપ્રેશનમાંથી રાહત મળી શકે છે.મનોભાર ઓછો થઈ શકે છે અને જીવનમાં આનંદ અને સાનુકૂળતા અનુભવી શકાય છે.

(૪) અન્યને હળતાં મળતાં રહો

ડિપ્રેશન તમને અતડા રાખવા તરફ પ્રેરે છે. મિત્રો પરિવાર સાથે બેસીને વાર્તાલાપ કરો. જીવન તરફનો વિચાર સુધરશે, સારા સમર્પિત, નિર્ણયાત્મક અને તમને સારી રીતે સાંભળતા સાથીઓને મળો. .

(૫) જીવંત રહો

તમે જયારે ડિપ્રેશનમાં હોવ ત્યારે બહાર આવવું એક મોટો પડકાર જેવું લાગશે. પરંતુ મનોવિજ્ઞાન જણાવે છે કે દરરોજ ઓછામાં ૩૦ મિનિટ યોગ્ય કસરત કરવી એ મેડિટેશનની જેમ ડિપ્રેશનની લાક્ષણિકતાઓ માટે અસરકારક થઈ શકે છે તેના ચુંગલમાં જવાથી અટકાવી શકે છે. વોકિંગ,વેઈટ, સ્વિમિંગ, માર્શલ આર્ટ્સ તમારા બંને હાથ અને પગ મૂવ કરતા હોય તેવા ડાન્સ તાલબદ્ધ કસરત એ ડિપ્રેશનમાંથી બહાર લાવવામાં મહત્તમ લાભ આપે છે.

(૬) નકારાત્મક વિચારો ત્યજો

ડિપ્રેશનની સૌથી ખરાબ એક અસર એ છે કે તે તમારા પ્રત્યે અને ભવિષ્ય માટેની તમારી અપેક્ષાઓ સહિત દરેક બાબત પર નકારાત્મકતા લાવે છે. આથી હું કંઈ પણ સારું નથી કરી શકતો એવા સામાન્ય વિચારોથી દૂર રહો.

(૭) વ્યવસાયિક મદદ મેળવો

જો તમે તમારી જાતે પગલાં લીધા હોય અને લાઈફસ્ટાઈલમાં હકારાત્મક ફેરફારો કર્યા હોય તેમ છતાં તમારું ડિપ્રેશન વધતું જ જતું હોય તો પ્રોફેશનલ હેલ્પ મેળવો.

ઓરી અને રૂબેલા સામે રક્ષણ આપતી એમ.આર.ની રસી સંપૂર્ણ સલામત

અફવાઓથી દૂર રહીને બાળકોને રસી અપાવવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૧

બાળક તંદુરસ્ત તો દેશ સશક્ત. ઓરી (મિઝલ્સ) અને રૂબેલા (નૂરબીબી) નાબુદીની નેમ સાથે રાજકોટ જિલ્લામાં આજથી રસીકરણ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ બંને રોગ સામે રક્ષણ આપતી રસી વિશે ફેલાતી ગેરસમજ અને અફવાથી બચવું જોઈએ અને બાળકોને આ રસી અચૂક અપાવવી જોઈએ.

ઓરી એ ખૂબ ચેપી અને ઝડપથી ફેલાતો વાયરલ તાવ છે. એ કોઈ પણ ઉંમરે થઈ શકે છે. ચેપગ્રસ્ત વ્યક્તિની છીંક સમયે નાક, મોં અથવા ગળામાંથી પ્રવાહીકણો દ્વારા આ રોગ ફેલાય છે. જ્યારે રૂબેલા એ સામાન્ય દેખાય છે અને ઝડપથી ફેલાતો વાયરલ રોગ છે. રૂબેલાના મુખ્ય લક્ષણોમાં તાવ અને આછો દાણો (લાલાશ ધરાવતા દાણા દાણા જેમાં પ્રવાહી ભરેલ ના હોય), સાથે ગળા તથા કાનની પાછળ વિસ્તૃત લસિકા ગાંઠોમાં સોજો જોવા મળે છે. રૂબેલા એ હળવો રોગ છે અને બાળકોને અસર કરે છે. ગર્ભવતી મહિલાના ગર્ભસ્થ શિશુને પણ રૂબેલાનો ચેપ લાગી શકે છે.

ઓરી અથવા રૂબેલા માટે કોઈ ચોક્કસ સારવાર નથી. એમ. આર. રસીના બે ડોઝથી ઓરી અને રૂબેલા (સી.આર.એસ.)ને અટકાવી શકાય છે. ઓરી અને રૂબેલાની રસી વિશે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નીચેની ગાઈડલાઈન જારી કરાયેલી છે.

ક્યારે અપાય છે એમ.આર.ની રસી? : સામાન્ય રીતે બાળકોને બે વર્ષની ઉંમર સુધીમાં એમ. આર. રસીના બે વાર ડોઝ આપવામાં આવે છે. પહેલો ડોઝ ૯ થી ૧૨ મહિનાની વચ્ચેના સમયગાળામાં અને બીજો ડોઝ ૧૬ થી ૨૪ મહિનાની વચ્ચે આપવામાં આવે છે.

એમ.આર.ની રસી સંપૂર્ણ સુરક્ષિત છેઃ ઓરી અને રૂબેલાની રસી સંપૂર્ણ સુરક્ષિત છે. આજે આ રસીનો ઉપયોગ ૧૫૦થી વધુ દેશોમાં થઈ રહ્યો છે. આ એમ.આર. રસીનો ઉપયોગ કરવાથી બાળકોમાં ખૂબ લાભદાયક પરિણામ જોવા મળે છે. આ રસી આપવાથી બાળકોમાં આ બન્ને રોગ થવાની સંભાવના ખૂબ ઓછી રહે છે. ઈન્જેક્શનની જગ્યાએ હલકો સોજો અને ખંજવાળ જેવા લક્ષણો જોવા મળી શકે છે. પરંતુ તે ઝડપથી મટી જાય છે.

એમ.એમ.આર.ની રસી આપ્યા પછી એમ.આર.ની રસી ક્યારે આપી શકાય?: બાળકોને એમ.એમ.આર. રસી આપ્યા બાદ એમ.આર. રસી આપી શકાય છે. જે બાળકને તાજેતરમાં જ **M.M.R.** રસી મુકાવી હોય તો તેના ૨૮ દિવસ પછી એમ.આર. રસીનો ડોઝ આપી શકાય. આ રસી ઓરી અને રૂબેલાથી સંપુર્ણપણે સુરક્ષિત રાખે છે.

એમ.આર.ની રસી ક્યાં મુકવામાં આવે છે?: એમ.આર.ની રસી સરકારી હોસ્પિટલ, આંગણવાડી, શાળાઓમાં તેમજ મોબાઈલ વાહન દ્વારા વિનામૂલ્યે મુકી આપવામાં આવે છે. પ્રાઈવેટ હોસ્પિટલમાં પણ રસી મુકાવી શકાય છે.

શું તાવ હોય ત્યારે રસી આપી શકાય?

તાવ, શરદી વગેરે બિમારીમાં આ રસી મૂકી શકાય પરંતુ ડોક્ટરની સલાહ અનુસાર દર્દીને રસી આપવી જોઈએ. જેથી સારવાર સારી રીતે થઈ શકે. નાની બીમારીઓમાં આ રસી આપવાથી કોઈપણ પ્રકારનું નુકસાન નથી.એમ.આર.રસી ક્યાં સમય અને કોને ન આપવીઃ વધારે પડતો તાવ આવતો હોય ત્યારે હોસ્પિટલમાં દાખલ બાળકોને, એમ.એમ.આર રસી આપ્યા બાદ તુરંત ન આપવી, ૨૮ દિવસો બાદ આપી શકાય.

કલેક્ટર કચેરી ખાતે વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડેની ઉજવણી

એન.એફ.એસ.એ. અંતર્ગત રાશનનો લાભ આપવા માટે દિવ્યાંગો માટે ખાસ આધાર સીડિંગ કેમ્પ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા.૨૧

સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ૨૧ મી માર્ચને વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. દર વર્ષે આ દિવસ ડાઉન સિન્ડ્રોમના જેનેટિક ડીસોર્ડર અંગે જાગૃતિ ફેલાવવા માટે સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે પણ આ નિમિત્તે નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ અંતર્ગત રાશનનો લાભ આપવા માટે દિવ્યાંગો માટે ખાસ આધાર સીડિંગ કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમાં અંદાજિત ૫૦ જેટલા પરિવારો ઉપસ્થિત રહ્યા હતાં અને આધાર સીડિંગ કરાવ્યું હતું. આ પ્રસંગે કલેકટરના હસ્તે દિવ્યાંગોને કાર્ડ આપવામાં આવ્યા હતા. આ તકે કલેકટરએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સમાજ સુરક્ષા વિભાગ તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદોને લાભ મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે, તમામ દિવ્યાંગ અને અન્ય વંચિત લોકોને લાભ આપવામાં રાજકોટ જિલ્લો અગ્રેસર છે. સર્વસમાવેશી વિકાસ માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ છે.

આ કેમ્પમાં દિવ્યાંગ વ્યક્તિના પરિવારોના રાશનકાર્ડને આધાર સાથે લિંક કરીને રાજ્યની પુરવઠા મેનેજમેન્ટ સિસ્ટમમાં ઉમેરી રાશન કાર્ડ પર રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદાનો સ્ટેમ્પ લગાવવામાં આવે છે, જેથી લાભાર્થી આ કાયદા અંતર્ગત રાશન મેળવી શકે.

દિવ્યાંગ વ્યક્તિના પરિવારને માથાદીઠ ૫ કિલો નિઃશુલ્ક ઘઉં અને ચોખા તેમજ રાહત ભાવે ચણાદાળ અને તુવેરદાળ આ કાયદા અંતર્ગત આપવામાં આવે છે.આમ, ૪ વ્યક્તિનો પરિવાર ગણીએ તો ૫૦ પરિવારો દર મહિને અંદાજિત ૨૦૦૦ કિલો અનાજ વિનામૂલ્યે મેળવતા થશે.

આ તકે પ્રાંત અધિકારી સૂરજ સુથાર, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી પ્રાર્થનાબેન સેરસિયા, જીલ્લા બાળ સુરક્ષા અધિકારી મિત્સુબેન વ્યાસ, પ્રયાસ સંસ્થાના પૂજાબેન પટેલ, તેમજ સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તમામ પ્રકારના અત્યાચારો સામે મહિલાઓને રક્ષણ આપતું રાજકોટ પોલિસનું મહિલા સહાયતા કેન્દ્ર

નાની ઉંમરે લગ્ન અને બાળકની જવાબદારી સંભાળવામાં મુશ્કેલી અનુભવતી મહિલાને મદદ કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા.૨૧

રાજયસરકાર દ્વારા હિંસા અને અત્યાચારોથી પીડિત મહિલાઓને સહાય, માર્ગદર્શન તેમજ કાઉન્સેલિંગ પુરૂં પાડવા માટે ગુજરાત રાજયના નિયત કરેલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર) શરૂ કરાયા છે, જે પૈકી રાજકોટ શહેરમાં રેસકોર્સ ખાતે આવેલ. મહિલા પોલિસ સ્ટેશન તથા બી ડિવિઝન પોલિસ સ્ટેશન અને જિલ્લાના ધોરાજી ખાતે મહિલાઓ માટે મહિલા સહાયતા કેન્દ્ર કાર્યરત કરાયું છે.

આ કેન્દ્ર ખાતે તાજેતરમાં નિરાકરણ લાવવામાં આવેલ કિસ્સાની વિગતો આ મુજબ છે. એક વર્ષ પહેલાં સામાજીક રીત-રિવાજ મુજબ લગ્ન કરેલ રાજકોટની મહિલાને સંતાનમાં ત્રણ માસનો પુત્ર છે. નબળી આર્થિક સ્થિતિ ધરાવતી મહિલાને ઘરકામ અને બાળઉછેર બાબતે મેણાં-ટોણાં દ્વારા માનસિક ત્રાસ અપાતો હતો, અને ઘણીવાર તેની સાથે શારીરિક હિંસા પણ આચરવામાં આવતી હતી. આથી, લગ્નજીવનના એક વર્ષ થતાં જ પીડિતાને માનસિક અને શારીરિક ત્રાસના કારણે કંટાળીને પિયર જતી રહી હતી અને રાજકોટના બી.ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે કાર્યરત પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટરનો સંપર્ક સાધતાં કાઉન્સેલર ભાવનાબેન બાબરીયા અને કિરણબેન વાઘેલાએ પીડિતાની તમામ મુશ્કેલીઓને ધીરજપૂર્વક સાંભળી હતી અને પીડિતાના ઘરનાં સભ્યોનું કાઉન્સેલીંગ કરી લગ્નને હજુ એક જ વર્ષ થયું હોવાથી નવા પરિવાર અને નવા વાતાવરણમાં ગોઠવાઈ રહેલી મહિલાને પ્રેમપૂર્વકનો સહકાર આપવા સમજાવ્યા હતા. વહુ સાથે દીકરીની જેમ વર્તી ઘરકામ અને બાળકને સંભાળવામાં મદદરૂપ થવા ઉપરાંત, સાસરિયાને ઘરેલું હિંસા વિરૂધ્ધ કાયદાઓ અંગે જણાવ્યું હતું અને પીડિતાનું લગ્નજીવનમાં પુનઃસ્થાપન કરાવ્યું હતું.

પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર દ્વારા સેન્ટર પર આવનાર પીડિત મહિલાને ફક્ત કાઉન્સેલિંગ જ નહિ પરંતુ સમયાંતરે પીડિતાને ફોન કરીને ફોલોઅપ લેવામાં આવે છે અને પીડિતાના ઘરની મુલાકાત લઈને પુરતી ચકાસણી પણ કરવામાં આવે છે.

ઉપલેટા તાલુકાના ૫૧ ગામમાં ૨૩૭૯ લાભાર્થીઓને ઈ-શ્રમ કાર્ડનો લાભ અપાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા.૨૧

રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના તમામ ૫૧ ગામમાં ઈ-શ્રમ કાર્ડ માટે કેમ્પ યોજી આશરે ૨૩૭૯ જેટલા લાભાર્થીઓને ઇ-શ્રમ કાર્ડનો લાભ પહોંચાડવામાં આવ્યો છે.

જિલ્લ વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓના ગામોમાં ઝુંબેશ હાથ ધરી તલાટી કમ મંત્રીઓ, તાલુકા પંચાયત, આઇ.સી.ડી.એસ., હેલ્થ સ્ટાફ વગેરે દ્વારા લોકોને ઈ-શ્રમ કાર્ડની સમજણ આપી યોજનાના લાભ વિશે જાગૃત કરવામાં આવી રહ્યા છે. હાલ શનિ-રવિની રજાઓમાં પણ તમામ કચેરીઓએ રોજિંદી કામગીરી ઉપરાંત રાત્રિ કેમ્પ કરી ઇ-શ્રમ કાર્ડ નોંધણીની કામગીરી ચાલુ રાખી મહત્તમ શ્રમિકોને લાભ આપવા માટેનો પ્રયાસ કરાઇ રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા તમામ કામદારો/શ્રમિકો અને તેમના પરિવારોજનોને રૂ. ૨,૦૦,૦૦૦(બે) લાખ સુધીનું વીમા કવચ મળી શકે તે માટે ઈ-શ્રમ કાર્ડનો લાભ આપવામાં આવી રહ્યો છે,તેમ તાલુકા વિકાસ અધિકારી ઉપલેટાએ જણાવ્યું હતું.

રાજકોટમાં વકીલોનો તિરસ્કારની કાર્યવાહીના પરિપત્ર સામે વિરોધ: આજે હડતાલ

મોટાભાગના વકીલોએ કોર્ટ કામગીરીથી અલિપ્ત રહીને કહ્યું, ઊંચા અવાજે રજૂઆત કરીએ તો પણ અદાલતનો તિરસ્કાર ગણાય એ કઈ રીતે ચાલે?: રાજકોટ ઉપરાંત ધોરાજી અને જેતપુરના વકીલો પણ કોર્ટ કાર્યવાહીથી દુર રહ્યા

તસવીરઃ દિલીપ ગોહેલ

વકીલો સામે કોર્ટ તિરસ્કાર કાર્યવાહી કરવાનો પરિપત્ર પાછો ખેંચવા રાજકોટ બાર એસોસિએશનની માંગણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૧

રાજકોટમાં એક વર્ષ અગાઉ વકીલો સામે પણ અદાલતના તિરસ્કારની કાર્યવાહી કરવા અંગેનો પરિપત્ર એક ન્યાયાધીશે જાહેર કરતા વકીલોમાં રોષ અને અસંતોષની લાગણી જાગી ઉઠી છે. આજે રાજકોટ બાર એસોસિએશનના એલાનથી પરિપત્રના વિરોધમાં તમામ વકીલો કોર્ટની કાર્યવાહીથી દુર રહ્યા હતા. રાજકોટની સાથે-સાથે ધોરાજી, જેતપુર, પડધરીના વકીલો પણ આજની એક દિવસીય હડતાલમાં જોડાયા હતા અને અદાલતની કાર્યવાહીથી અલિપ્ત રહ્યા હતા.

વકીલો સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી કરવા અંગેનો પરિપત્ર પાછો ખેંચવા વકીલોએ માંગણી કરી છે. રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ લલિત શાહીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રાજકોટમાં એકાદ વર્ષે પૂર્વે ન્યાયાધીશ દ્વારા એક પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. જેમાં કોર્ટ રૂમની અંદર વકીલો દ્વારા ઊંચા અવાજથી રજૂઆત કે વાત કરવામાં આવે તો તેમની સામે કન્ટેમ્પટની કાર્યવાહી કરવાનો નિર્ણય કરાયો છે. શાહીએ ઉમેર્યું હતું કે, દરેક વ્યક્તિનો અવાજ અને બોલવાની રીત અલગ-અલગ હોય છે. એટલે અમે પરિપત્રનો વિરોધ કરીએ છીએ અને તેને પાછો ખેંચી લેવા માંગણી કરીએ છીએ.

તેમણે જણાવ્યું હતું કે, રાજકોટમાં આજના હડતાલના એલાનને પડધરી, ધોરાજી, જેતપુર સહિતના શહેરોના બાર એસોસિએશન દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો છે. આજે હડતાલ હોવાથી કોર્ટમાં કાર્યવાહી થઇ નથી. આવતીકાલે ગુડીપડવની જાહેર રજા છે એટલે અદાલતો બંધ રહેશે. તા.૨૩ માર્ચને ગુરૂવારે સવારે ૧૦ વાગ્યે બાર એસો. નું જનરલ બોર્ડ મળનાર છે. તેમાં ભાવિ રણનીતિ નક્કી કરવામાં આવશે. તેવું લલિત શાહીએ જણાવ્યું હતું.

ગત તા.૧૮ માર્ચે જ રાજકોટમાં બારની કારોબારી બેઠક મળી હતી. જેમાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. રાજકોટની અદાલતોમાં વકીલો સાથેના વર્તન અને વ્યવહાર તથા વકીલોને પડતી મુશ્કેલીઓ સંદર્ભે બાર એસો. ના હોદ્દેદારોએ રજુઆતો કરી પગલા લેવા અને તા.૧૮/૧૦/૨૦૨૧ નો પરિપત્ર રદ કરવા બાર એસો.એ ડીસ્ટ્રીકટ જજને તથા હાઈકોર્ટને પત્રો લખ્યા હતા. જેનો કોઈ પ્રતિભાવ હજુ મળ્યો નથી. આથી આજે હાઈકોર્ટનું ધ્યાન દોરવા વકીલો હડતાલ પર ઉતરી ગયા છે.(૨.૧૨)

યોટીલા રોપ-વેનો મામલો ૧૫ વર્ષના વિવાદ પછી પણ અધ્ધરતાલ

કોઈ અકસ્માત થવા દેશું નહીં: હાઈકોર્ટમાં સરકારની ખાતરી

સરકારે જવાબ રજુ કર્યો, ભક્તોની કાળજી લેવા માટે અમે સમર્થ છીએ: કોઈ જાહેર હરરાજી કે ટેન્ડર વિના રોપ-વે નું કામ અગાઉની જ કંપનીને આપવા સામે ચામુંડા માતાજી ડુંગર ટ્રસ્ટનો વાંધો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૧

સૌરાષ્ટ્રના વિખ્યાત ધર્મસ્થાન ચોટીલા ડુંગર પર ભક્તો માટે રોપ-વે બનાવવાની કામગીરીનો મામલો હજુ કોર્ટમાં છે અને દોઢ દાયકાથી ઉકેલાયો નથી. દરમ્યાન ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે રાજ્ય સરકારે સોગંધનામું રજુ કરીને અદાલતને ખાતરી આપી હતી કે, અમે રોપ-વે નો કોઈ અકસ્માત થવા નહીં દઈએ. સરકાર ભક્તોની કાળજી લેવા માટે સમર્થ છે.

બીજીતરફ શ્રીચામુંડા માતાજી ડુંગર ટ્રસ્ટ ચોટીલા તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે, રોપ-વે બનાવવાનું કામ અત્યંત ગંભીર પ્રકારનું છે અને અનેક પ્રકારની ટેકનીકલ જાણકારીની જરૂર હોય છે. દરવર્ષે અહીં ૨૫ લાખથી વધુ ભક્તો દર્શને આવે છે. ટ્રસ્ટે પ્રતિવાદી કંપનીને જાહેર હરરાજી કે ટેન્ડર વિના રોપ-વે ના કામનો કોન્ટ્રાકટ આપવા સામે વિરોધ વ્યક્ત કર્યો છે.

ટ્રસ્ટ તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે, ૧૫ વર્ષ થઇ ગયા હજુ પરિસ્થિતિ એવીને એવી જ છે. પ્રતિવાદી કંપની જે ટેકનોલોજી વાપરવા માંગે છે તે હવે આઉટ ડેટેડ થઇ ગઈ છે. સરકારે ખુદ ૨૦૨૧ માં એ સ્થિતિ સ્વીકારી છે.

સોમવારે આ કેસની સુનાવણીમાં રાજ્ય સરકાર તરફથી એડવોકેટ જનરલ કમલભાઇ ત્રિવેદીએ કોર્ટને એડવાઇઝરી બોર્ડની કમિટી અંગે જાણ કરી હતી અને એમાં કોણ કોણ સામેલ છે તે જણાવ્યું હતું. તેમણે એવી દલીલ કરી હતી કે, અગાઉ આ સમગ્ર મામલે હાઇકોર્ટે કરેલા આદેશ બાદ અમે અંગ્રેજી અને ગુજરાતી બે અખબારોમાં જાહેર નોટીસ આપી હતી અને તેના આધારે બે કંપનીઓ જેમ કામ માટે અગાઉ પણ રસ દાખવ્યો હતો, તેમણે ફરીથી કામ માટે રસ દર્શાવ્યો હતો.

અરજદારની દલીલ હતી કે, જે કંઇ પણ હોય પરંતુ કોઇ પણ કાર્યવાહી ટેન્ડર વિના થઇ શકે નહીં. એવા અનેક ચુકાદા અને કાયદાકીય જોગવાઇઓ પણ છે. હાઇકોર્ટે ટકોર કરી હતી કે, સરકાર કહી રહી છે કે તેમણે જાહેર નોટીસ આપી હતી. અરજદારે કહ્યું હતું કે, એ નાટીસ બોમ્બે એરીઅલ રોપ-વે એક્ટ હેઠળ હતી. હાઇકોર્ટે પૂછ્યું હતું કે, તો પછી, ક્યા કાયદા હેઠળ નોટીસ આપવી પડે.થ ત્યારબાદ હાઇકોર્ટે સરકાર પાસે નોટિસની કોપી માંગી હતી. સરકારે નોટીસ વાંચીને સંભળાવી હતી, ત્યારે કોર્ટે ટકોર કરી હતી કે આ ટેન્ડર માટેની નોટિસ નથી, આ તો એક્સેશન ઓફ ઇન્ટરસ્ટની નોટીસ છે.

સરકારે કહ્યું હતું કે, કાયદા હેઠળ જાહેરનામું કરીને અરજીઓ મંગાવવાની હોતી નથી. આવા કામ માટેની અરજીઓ સામેથી જ થાય છે. અમે ભક્તોની કાળજી લેવા સમર્થ છીએ, કોઇ અકસ્માત નહીં થવા દઇએ. કોર્ટે કહ્યું હતું કે, આ કામ માટે બે એકમો જ સામે આવ્યા હતા. સરકારે કહ્યું હતું કે, હા, અગાઉ પણ બે એકમો હતા અને હાલ પણ બે જ એકમ છે અને લાંબા સમયથી કાનૂની કેસ ચાલી રહ્યો છે. ત્યારબાદ હાઇકોર્ટે આ તમામ મુદ્દા સોગંદનામા પર રજૂ કરવાનો આદેશ કર્યો હતો.

ભૂપગઢમાં મહિલા સહિત ૮ શખ્સોએ સરકારી જમીનમાં મકાન બનાવી લીધા

સરકારી કિંમતી જમીનમાં મકાન અને વંડો બનાવી નાખતા આહેય શખ્સો વિરુદ્ધ નાયબ મામલતદારે લેન્ડગ્રેબિંગ એકટ હેઠળ ફરિયાદ નોંધાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૧

રાજકોટની ભાગોળે આવેલી ભૂપગઢ ગામે આવેલા સરકારી ખરાબામાં એક મહિલા સહિત આઠેક શખ્સોએ મકાન બનાવી વંડો કરી નાખતા આ મામલે ધ્યાને આવતા રેસકોષે રોડ બહુમાળી ભવન પાસે સરકારી વસાહતમાં રહેતા નાયબ મામલતદાર કમલેશભાઈ કાળાભાઇ કરમટા(ઉવ.૩૭)ની ફરિયાદ પરથી કાનજી મંગા રાઠોડ,જગદીશ કાનજી રાઠોડ, કેસરબેન વીરાભાઇ રાઠોડ, કમાભાઈ ડાયાભાઈ રાઠોડ, જશાભાઇ ડાયાભાઈ રાઠોડ, ચંદુભાઈ ભીખો રાઠોડ, રામજીભાઈ ડાયાભાઈ રાઠોડ અને પ્રવીણભાઈ મંગાભાઈ રાઠોડનું નામ આપતા આજીડેમ પોલીસમાં લેન્ડગ્રેબિંગ એકટ હેઠળ ગુન્હો નોંધ્યો હતો.

આ બનાવ અને હાલ એસીપી બી.વી.જાધવ સહિતના સ્ટાફે તમામ આરોપીને પકડી લેવા તજવીજ આદરી છે. કમલેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું છેલ્લા નવ મહિના થી જુની કલેટકર કચેરી કેમ્પસ રાજકોટ તાલુકા મામતલદાર ઓફીસ ખાતે ફરજ બજાવું છું અને મારૂ જયુડીશ્યલ રાજકોટ ગ્રામ્ય તાલુકાનો વિસ્તાર આવે છે અને મારી જયુડિશિયલમાં ભાવનગર રોડ ઉપર આવેલ ભુપગઢ ગામ આવે છે.

રાજકોટ તાલુકાના ભુપગઢ ગામના સરકારી ખરાબામાં ગેરકાયદેસર દબાણ કરનારા શખ્સો સામે એફઆઇઆર

(અનુ.પાના નં.૪ ઉપર)

કમોસમી વરસાદને લીધે સૌરાષ્ટ્રના બે હજાર ઈંટ ઉત્પાદકોને ફટકો

ઈંટ ઉત્પાદકોની એકાદ કરોડથી વધુ કાચી ઈંટોનું ધોવાણ થયું: મોટું આર્થિક નુકશાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૧

સૌરાષ્ટ્રમાં છેલ્લા ઘણા દિવસોથી વાતાવરણમાં આવેલા પલટાથી પડી રહેલા કમોસમી વરસાદને લઈને સિઝનલ ઈંટે ઉત્પાદન કરતા એકમોની તૈયાર કાચી ઈંટો માવઠાના વરસાદમાં પુનઃ ગારો બની જતા ઈંટ ઉત્પાદન કરતા પરિવારોને મોટું આર્થિક નુકશાન થવા પામેલ છે.

હોળીના તહેવારથી વરસી રહેલા કમોસમી વરસાદથી સૌરાષ્ટ્રના અમરેલી, બાબરા, ધારી, બગસરા, માણેકવાડા, આટકોટ, જસદણ, વિસાવદર, ઢસા, લાલપુર, ચોટીલા, વીરપુર, સાવરકુંડલા, ગોંડલ, લોધીકા, ગારીયાધાર, બગદાણા, ખંભાળીયા, બોટાદ, ગઢડા સ્વામીના, મહુવા, લાઠી, કલ્યાણપુર, કોલીથડ અને ભાવનગર પંથકમાં ચાલતા ઈંટ ભઠ્ઠાઓ તહસ- નહસ થઈ જતા ઈંટ ઉત્પાદકોને મોટું આર્થિક નુકશાન થયેલ છે. જેને લઈને ઈંટ ભઠેદારોમાં ઘેરૂ આર્થિક સંકટ ઉભું થયેલ છે.

સૌરાષ્ટ્ર-કચ્છ ઈંટ ઉત્પાદક સંઘના સૂત્રોના જણાવ્યા મુજબ માવઠાના કહેરથી સૌરાષ્ટ્રના બે હજાર જેટલા ઈંટ ભઠેદારોની એકાદ કરોડથી વધુ કાચી ઈંટોનું ધોવાણ થઈ ગયેલ છે. જેમાં એકમ દીઠ રૂપિયા ૩૦ હજારથી લઈને ૧.૫ લાખ સુધીની નુકશાની ઈંટ ઉત્પાદકોને વેઠવી પડેલ છે. ત્યારે ઈંટ ઉત્પાદનનો સિઝનલ ધંધો કરતા માવઠાના વરસાદથી પ્રભાવિત બે હજાર જેટલા ઈંટ ભઠેદારોને થયેલી નુકશાનીમાં થોડી આર્થિક મદદ મળી રહી તે માટે સરકારે ખેડૂતોની માફક ઈંટ ઉત્પાદન એકમોને પણ કુદરતી આફત અધીનિયમની જોગવાઈઓ હેઠળ માટીની ઈંટો બનાવતા અસરગ્રસ્ત પરિવારોને થયેલી નુકશાનીનો સર્વે કરાવી ઘેંટ ઉત્પાદકોને ત્વરીત મદદ મળે એવી અસરગ્રસ્ત પરિવારોની માંગ છે.

હજુ પણ આગામી ૩-૪ દિવસ કમોસમી વરસાદ પડવાની આગાહીને લઈને સૌરાષ્ટ્રના ઈંટ ઉત્પાદકોમાં આર્થિક નુકશાની થવાની દહેશતને લઈને ચિંતા પ્રસરેલ છે.

રાજકોટ શહેરી-ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વકર્યો: વધુ નવા ૧૫ પોઝિટીવ કેસ નોંધાયા

ભાવનગર-૨, અમરેલી, પોરબંદર, સુરેન્દ્રનગરમાં ૧-૧ કેસ : રાજયમાં નવા ૧૧૮ કેસ સામે ૪૮ દર્દીઓ સ્વસ્થઃ પાંચ દર્દીઓ વેન્ટીલેટર ઉપર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ તા.૨૧

ગુજરાત સૌરાષ્ટ્ર-કચ્છમાં ફરી કોરોના સંક્રમણમાં ધીમી ગતિએ ઉછાળો આવી રહ્યો છે સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ફરી પોઝીટીવ કેસ નોંધાવા લાગ્યા છે. ગુજરાત રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન નવા ૧૧૮ પોઝીટીવ કેસ સામે ૪૮ દર્દીઓ સ્વસ્થ થયા છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન નોંધાયેલ કેસની આંકડાકીય વિગતો જોતા અમદાવાદ શહેર-૫૨, રાજકોટ શહેર-૧૨, સુરત શહેર ૧૨, વડોદરા શહેર-૭ સાબરકાંઠા-૫, વડોદરા-૫, મહેસાણા-૩, રાજકોટ ગ્રામ્ય-૩, અમદાવાદ ગ્રામ્ય-૨, આણંદ-૨, ભાવનગર શહેર-૨, નવસારી, મહીસાગર-૨, અમરેલી, અરવલ્લી, ભરૂચ, ભાવનગર, કચ્છ, મોરબી, પોરબંદર, વલસાડ જિલ્લામાં ૧-૧ કેસ મળી કુલ ૧૧૮ પોઝીટીવ કેસ નોંધાયા છે. રાજકોટ શહેર-૧૨ અને ગામ્ય-૩ સહિત ૧૫, પોઝીટીવ કેસ નોંધાયા છે. રાજયના અનેક જિલ્લાઓમાં કોરોના સંક્રમણમાં વધારો થઈ રહ્યો છે જેની સામે આરોગ્ય વિભાગ એલર્ટ થયું છે. રાજયમાં હાલ પાંચ દર્દીઓ વેન્ટીલેટર પર છે. ૮૦૫ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.